છે. દુષ્ટ મિત્રો અન્ય મિત્રો પર આળ દે છે. મિત્રો પર અનેક પ્રકારના આક્ષેપ કરે છે. દુષ્ટ મિત્રો, મિત્રને કુવામાં ઉતારીને ઉપરથી દોરડાને કાપી નાખે છે. દુષ્ટ મિત્રો અન્યોની લાલચથી પલળી જાય છે અને મિત્રોની છાની વાતોને દુશ્મનો આગળ કહી દે છે. દુષ્ટ મિત્રો નાગાઈ કરીને સુજનમિત્રને પજવે છે અને તેની પાસેથી પોતાનો સ્વાર્થ સાધી લે છે. દુષ્ટ મિત્ર પોતાના મિત્રનું બુરૂ કરવા વાર લગાડતો નથી. તેના મનમાં લજ્જા આવતી નથી. કાગડાની પેઠે અને શિયાળની પેઠે દુષ્ટ મિત્ર પોતાની સ્વાર્થવૃત્તિયો માટે મિત્રોનું અશુભ કરવા જરા માત્ર અચકાતો નથી.

दुर्जनः परिहर्तव्यो, विद्ययालंकृतोऽपिसन् ।
मणिनाभूषितो सर्पः किमसौ न भयङ्करः ॥
मुखं च कमलाकारं, वाणी चन्दनशीतला ।
हृदयं कर्तरी युक्तं, एतद्‌ धूर्तस्य लक्षणम् ॥

વિદ્યાવડે અલંકૃત હોય તોપણ મણિભૂષિત સર્પની પેઠે દુર્જનનો ત્યાગ કરવો જોઇએ. કમલસમાન મુખ અને ચન્દન સમાન શીતલ વાણી હોય, પણ હૃદયમાં કાતર હોય એ ધૂર્તનું લક્ષણ છે. દુષ્ટ મિત્રોથી રાજ્યોની ઉથલપાથલ થઇ છે. દુષ્ટ મિત્રોથી અનેક સુજનો દુઃખી થયા છે. દુષ્ટ મનુષ્યો ઇર્ષ્યા, દ્વેષ, સ્વાર્થ, લોભ આદિ દુર્ગુણોના ગુલામ બન્યા હોય છે માટે તેઓનું સ્વરૂપ જાણી તેઓની મિત્રતાથી દૂર રહેવું.

ત્યાગ કરવા યોગ્ય સ્વાર્થી મિત્રનું લક્ષણ કહે છે.

' ગર્જ સરે ગણતો નહિ, રાખે ના મન પ્રેમ;
ઉપર ઉપરથી મિત્રતા, ત્યાં ના વર્તે ક્ષેમ. ૧૩

વિવેચનઃ—જે મનુષ્ય પોતાનું કામ પાર પડ્યા પછી, વા પોતાનો સ્વાર્થ પૂરો થયા પછી ઉભો રહેતો નથી, અને ' ગર્જ સરે એટલે વૈદ્ય વૈરી ' ની કહેવતાનુસાર મિત્રને છોડી ચાલ્યો જાય છે. વળી હૃદયમાં પોતાના મિત્ર માટે પ્રેમ-સ્નેહ નથી, મિત્રનું સુખ જોઈ

પોતાનું હૃદય હર્ષથી ઉભરાતું નથી, મિત્રને દુઃખી જોઇ પોતાનું હૃદય દુઃખી થતું નથી તેવા મિત્રો ખરા મિત્ર તરીકે લેખી શકાતા નથી. જેમ પ્રકાશ વિરૂદ્ધ અંધકાર, સત્ય વિરૂદ્ધ અસત્ય, પ્રમાણિકપણું વિરૂદ્ધ અપ્રમાણિકપણું, શાન્તિ વિરૂદ્ધ ક્રોધ, તેમ ત્યાં પ્રેમ વિરૂદ્ધ દ્વેષ પ્રગટ થયા વગર રહેતોજ નથી. જ્યાં પ્રેમની ખામી છે ત્યાં દ્વેષની સત્તા છે, અને દુર્ગુણોને પોષણ મળે છે. જેમ સર્પને દુધ પીવરાવતાં ઝેર બને છે તેમ દુર્ગુણીની સોબતથી કોઇ પણ વખત શાન્તિ મળતી નથી, અને પરિણામે દુઃખ સહન કરવું પડે છે. માટે બંધુઓ !!! તેવા મનુષ્યોની મિત્રતા દુઃખદાયક લેખી દૂર રહેવા લક્ષ્ય દેવું. ગરજ વખતે સ્વાર્થી મનુષ્યો ગધેડાને પણ બાપ કહે છે. ગરજથી સ્વાર્થી મનુષ્યો મિત્રના કરતાં વિશેષ કૃત્રિમ પ્રેમાચરણ દર્શાવે છે, અને પોતાનું કાર્ય સાધી લે છે. માટે ગરજથી મિત્ર બનનારાઓનું મન પારખવું, અને તેમની સાથે ઘટે તેવી રીતે વિવેકથી વર્તવું. પણ હૃદય આપવું નહીં. ગરજથી મિત્ર બનનાર મનુષ્યો પોતાની ગરજ નહીં સરતાં સામા પ્રતિપક્ષી બને છે; કારણ કે ખરી રીતે તો તેમના મનમાં ગરજ એજ સાધ્ય વસ્તુ છે, તેને માટે તેઓજ અન્યોની સેવા કરે છે. શુભ વા અશુભ વાસનાઓનો, ઇચ્છાઓનો મનુષ્ય ગુલામ છે. તે જ્યાંથી પાર પડે ત્યાં તે આવીને સ્વકાર્ય સાધવા અનેક ઉપાયો કરે છે, તેથી તે તેવી દ્રષ્ટિએ મિત્ર થવાને અધિકારી બની શકતો નથી. અધમ મનુષ્યો, સ્વાર્થ સાધવા માટે કામ્યવસ્તુઓની સિદ્ધિ કરવા માટે અન્યોના મિત્રો બને છે, અને અધમાધમ મનુષ્યો હોય છે તે કામ ભોગ વાસનાથી અન્યોના મિત્રો બને છે, અને સ્વાર્થ માટે તેઓનો નાશ પણ કરે છે. નિષ્કામભાવે સરખી પરિણતિથી પરસ્પર આનંદ માટે ઉત્તમ મનુષ્યો ચોકશીજના મિત્રો બને છે, અને મધ્યમ મનુષ્યો તો કંઇક મિત્રોથી પોતાને લાભ થાય એવું ધારી સકામ ભાવનાએ મિત્રો બને છે. અધમ મનુષ્યો ગરજ સધે ત્યાં સુધી સ્વમિત્ર પર પ્રેમ રાખે છે અર્થાત્ તે પ્રેમમાં સત્યતા નથી પણ પ્રેમનો ભેખ ધારણ કરે છે. ગરજવાનને અક્કલ હોતી નથી, તે તો ગરજ જ્યાંથી સરે ત્યાં જાય છે, અને ગરજ સરી હોય તો

શીર્ષ કાપવા પણ ચૂકતો નથી. કામનાઓની સિદ્ધિ માટે ગરજ રાખીને જેઓ મિત્રતા બાંધે છે, તેઓનું કલ્યાણ થતું નથી. ગરજ ન સર્યાથી મિત્રોની સાથે વૈર વિરોધ બંધાય છે, અને છેવટે મિત્રની મૈત્રીમાં પ્રેમ વર્તતું નથી. માટે ગરજથી, સ્વાર્થથી, મિત્રતા બાંધવી નહીં અને તેવાઓને મિત્ર કરવા નહીં એજ હિતશિક્ષા છે.

મિત્રનું હાટ અગર બજાર નથી.

મિત્રોનું ના હાટ છે, છે નહિ મિત્ર બજાર
મિત્ર બની શત્રુ બને, તેને બહુ ધિક્કાર. ૧૪

વિવેચનઃ—જગતમાં તેલ, ઘી, કરીઆણું, કાપડ વિગેરે ચીજોની ખરીદી માટે બજારમાં જવું પડે છે વા બજારમાંથી મૂલ્ય આપી મેળવી શકાય છે તો તેવી રીતે ' મિત્ર ' મેળવવા માટે કોઈ બજાર નથી કે જેથી મનપસંદ મિત્ર મૂલ્ય આપી મેળવી શકાય મિત્ર મેળવવા માટે મનુષ્ય પારખવાની વિવેકબુદ્ધિ, ગાઢપરિચ અને સમયના વહન સાથે બારીક અનુભવની જરૂર છે.

જે મનુષ્યો મિત્રતાના સંબંધે જોડાઈ મિત્રધર્મ, સ્વાર્થવૃત્તિ લોગે ભૂલી પાછળથી શત્રુ બને છે તેવા મનુષ્યો જગતમાં ધિક્કાર પાત્ર છે. તેવા મનુષ્યો પોતાનું તેમજ પારકાનું ભુંડું કરનારા છે. તે મનુષ્યોથી ચેતીને ચાલવામાં પોતાનું શ્રેય સમાયેલું છે.

મિત્રોનું હાટ અગર બજાર નથી. આ વિશ્વમાં મિત્રના ગુણોથ મિત્રો ઓળખી શકાય છે. મિત્રનાં કર્ત્તવ્યો કરે તેને મિત્રો જાણવ મિત્રની કહેણી પ્રમાણે રહેણીમાં જે રહે છે તે મિત્રો જાણવા. અશુ વિચારોથી અને અશુભાચારોથી મિત્રોને બચાવે તે મિત્રો જાણવ ખાનગીમાં શિખામણ આપીને જાહેરમાં મિત્રની પ્રતિષ્ઠા કરના ખરા મિત્ર જાણવા. જે મિત્રમાં બંધુપણાની લાગણી હોય છે તે પોતા માન ઇચ્છતો નથી તેમજ અપમાન થાય છે તો તેથી તે શોક ધાર કરતો નથી. તેને પદવીની વા કીર્તિની ઇચ્છા રહેતી નથી. મિત્ર પોતાની ફરજને પ્રભુ સમાન માનીને તેને અદા કર્યા કરે છે. મિ

પોતાના મિત્રના હૃદયમાં ઝીલે છે. પરસ્પર સુખ દુઃખની વાતોઓ કરીને ઉન્નતિના માર્ગે વહ્યા કરે છે. મિત્ર ગુણીની ગુણપીથી આજુ બાજુનું શુભવિચાર વાતાવરણ કરે છે. માન, પદવી, સંપત્તિ, વિદ્યાના બળથી ઉચ્ચ બનીને મિત્ર, કદાપિ પોતાના મિત્રોને નીચ ગણતો નથી. પોતાના મિત્રને સ્વાત્મવત્ ગણી તેના પ્રતિ સ્વફરજોને અદા કરવામાં લજ્જા, ભય, ખેદ, અને દ્વેષને ધારણ કરતો નથી. વિવેકથી અને સ્વાભાવિકપ્રેમે તે મિત્રની સાથે મૈત્રી બાંધે છે અને તેમાં કદાપિ છેદ પાડતો નથી. પોતાના મિત્રના આત્માને મિત્રરૂપ માને છે, અને તે નામરૂપ સ્થૂલભાવના દોષોથી મિત્રનો ત્યાગ કરતો નથી. અજ્ઞાની જીવો, મિત્ર બન્યા બાદ શત્રુ બને છે પરંતુ જ્ઞાનીઓ તો મિત્ર બન્યા બાદ કદાપિ શત્રુ બનતા નથી.

કૃત્રિમ મિત્રની ચેષ્ટા બતાવે છે.

કાવા દાવા બોલમાં, મિત્રપણું ના સાચ;
કૃત્રિમ મિત્રપણું ખરે, જ્યાં ફૂટી છે વાચ. ૧૫

વિવેચનઃ—જેની વાણીમાં કાવાદાવા સમાયેલા છે, જેનાં વચનોથી વેરને ઝેર ઉત્પન્ન થાય છે, જેઓ મિત્ર ધર્મના લક્ષણનુસાર વર્તતા નથી, તેવા મનુષ્યો સાચા મિત્ર તરીકે ગણી શકાતા નથી. આ ઉપરાંત પોતાના મિત્રના મર્મો બાહ્ય હૃદયમાં નહિ રાખતાં અન્ય કોઇ પણ મનુષ્ય આગળ પ્રકાશ કરે છે, તો તે સાચા મિત્રનું ભૂષણ નથી. તેવી વર્તણુક ચલાવનાર મનુષ્યો સાચા મિત્ર તરીકે નહિ પણ કૃત્રિમ મિત્ર તરીકે ઓળખાય છે. તેઓની મૈત્રી, કૃત્રિમ મોહથી લાંબા વખત સુધી ટકી શકતી નથી, માટે તેવા મનુષ્યોની મૈત્રી કરી તે ન કર્યા જેવીજ જાણવી. તેવી મિત્રતા સુખને નહિ પણ દુઃખને અર્પનારી છે.

જ્યાં પોતાની મૈત્રી વાણી ફૂટેલી છે અર્થાત્ વાણીનું કંઇ મિત્ર ધર્મ પ્રમાણે ઠેકાણું નથી ત્યાં કૃત્રિમ મિત્રતા છે. જેની વાણીમાં મિત્ર ધર્મના વિચારો નથી, તેના હૃદયમાં તો મૈત્રી ક્યાંથી હોઇ શકે ? હૃદયમાં મિત્રતા સાચી છે કે જૂઠી ? તેનો વાણીના શબ્દોથી નિર્ણ-

થાય છે. વાણીથી મિત્રદ્રોહ કરનારાઓમાં મિત્રતાનું સ્વપ્ન છે. મિત્રધર્મની પ્રતિજ્ઞા પ્રમાણે જેના શબ્દો પ્રવર્તે છે તે સત્યમિત્ર બની શકે છે, અને મિત્રધર્મની પ્રતિજ્ઞા પ્રમાણે જેના શબ્દો નથી અર્થાત્ જેની વાણીમાં ફાટફૂટ છે, તેના કાવાદાવાના બોલમાં સત્યમિત્રતા નથી. એમ સુજ્ઞોએ સમજીને કૃત્રિમ મિત્રોને પરખી તેનાથી ફસાવવાનું ન થાય તે માટે સાવચેત રહેવું જોઇએ. જેનામાં મિત્રપણું આવ્યું નથી, તેનામાં શિષ્યપણું અને સેવકપણું પણ આવતું નથી. કૃત્રિમ મિત્રો થવા કરતાં મિત્ર ન થવું. એ કરોડ દરજ્જે ઉત્તમ છે, કારણ કે કૃત્રિમ મિત્ર બનવાથી અન્ય મનુષ્યોને છેતરીને પાપી બની શકાય છે, તેના કરતાં જ્યાં સુધી સત્યમિત્રના ગુણો ન આવ્યા હોય ત્યાં સુધી કોઇ પોતાને મિત્ર ધારે તો તેને સ્પષ્ટ સત્ય શબ્દોથી ના કહી દેવી જોઇએ. પ્રભુના ભકત થવા જેવા ગુણો જેનામાં પ્રક[ટ્યા] છે તે મિત્રની પદવી પ્રાપ્ત કરી શકે છે. આ વિશ્વમાં મિત્ર વિના રહી શકાય તેમ નથી તેથી મિત્ર તો અવશ્ય કરવા પડે છે. મિત્ર વિના કોઇને ગમતું નથી પરંતુ મિત્ર કર્યા પૂર્વે પોતાનામાં મિત્રના ગુણો ખીલવવા જોઇએ. ઈંગ્લાંડે ફ્રાન્સની દોસ્તી બાંધી. જ્યારે જર્મનીની સાથે ફ્રાન્સને યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે ઈંગ્લાંડ પણ ફ્રાન્સમિત્રની તરફેણમાં ઉતર્યું, તેથી તેની વિશ્વમાં મૈત્રીની પ્રતિષ્ઠા રહી. અન્યથા મૈત્રીની પ્રતિષ્ઠા કાયમ રહેત નહીં. બોલીના કાવાદાવા માત્રથી મિત્રતા સાચવી શકાતી નથી. આત્મોત્સર્ગ કર્યા વિના જીવનનો ત્યાગ કર્યા વિના મૈત્રીની સંરક્ષા તથા વૃદ્ધિ થઇ શકતી નથી. માટે મિત્રધર્મને સમજનાર મિત્રોએ કૃત્રિમ મિત્રતાનો ત્યાગ કરીને સાચી મિત્રતાને અંગીકારવી જોઇએ. સ્વાભાવિક મૈત્રીથી સ્વાભાવિક મિત્ર થવાય છે. કહ્યું છે કેઃ—

स्वाभाविकं तु यन्मित्रं, भाग्येनैवाभिजायते ।
तदकृत्रिम सौहार्द—मापत्स्वपि न मुञ्चति ॥

સ્વભાવિક મિત્ર તો ભાગ્યથી થાય છે. અકૃત્રિમ મિત્રત્વને તો આપત્તિઓમાં પણ તે મૂકતો નથી.

पापान्निवारयति योजयते हिताय गुह्यान्निगूहति गुणान् प्रकटी-
करोति ।
आपद्गतं न जहाति ददाति काले, सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः

મિત્રને પાપથી નિવારે છે, હિતાર્થ યોજે છે, ગુહ્યોને ગોપવે છે અને મિત્રોના ગુણોને પ્રકટ કરે છે. આપત્તિમાં મિત્ર આવતાં તેનો ત્યાગ કરતો નથી અને આપવા યોગ્ય કાલમાં તેને યોગ્ય આપે છે તેને સત્પુરુષો સન્મિત્ર કહે છે. સન્મિત્રનાં લક્ષણ સમજીને કૃત્રિમ મિત્રોની મૈત્રી ન કરવી જોઇએ. કૃત્રિમ મિત્રોને તેઓની કાયિક, વાચિક, કાલકાલવાળી પ્રવૃત્તિથી ઓળખી શકાય છે.

સ્વાર્પણકારક મિત્રને કથે છે.

તન, મન, ધન, અર્પણ કરે, રહે ન ભેદ લગાર;
મૈત્રી એવી દોહલી, સમજો નરને નાર. ૧૬

વિવેચનઃ—જે મનુષ્ય મિત્રને મદદખાતર પોતાના શરીરની દરકાર કરતો નથી, વખત આવે જીવનનું જોખમ ખેડવા કમ્મર કસે છે. અંધારી રાત્રે કુવામાં ઉતરવા તથા સમયે મૃત્યુ સાથે પણ બાથ ભીડવા તૈયાર થાય છે, તેવો મનુષ્ય સાચો મિત્ર ગણાય છે. આ ઉપરાંત જે પોતાનું મન મિત્રને સ્વાર્પણ કરે છે. મનમાં પોતાના મિત્ર માટે દ્વેષ વા ઈર્ષાના વિચારો લાવતો નથી, અને સ્નેહના વિચારો કરી કલ્યાણ ઇચ્છે છે તે સાચો મિત્ર ગણાય છે.

જે મનુષ્ય મિત્રની આધિ, વ્યાધિ તથા ઉપાધિ ટાળવા માટે ધનનો વ્યય કરે છે, અને ધનના લોભથી લોભાઇ અળગો નથી રહેતો પણ આર્થિક મદદ આપે છે, તે સાચો મિત્ર ગણાય છે. તેની મૈત્રી અમૂલ્ય કલ્યાણી છે. જગતમાં ભાગ્યવંત પુરૂષોનેજ તેવા મિત્રો મળે છે.

નિષ્કામ કર્મયોગી મિત્રનું લક્ષણ.

કરે નિષ્કામથી સઘળું, ગણે નહિ મ્હારૂં વા ત્હારૂં;
ભલામાં ભાગ લેવાનો, ખરો એ પ્રેમ પ્રેમીનો.

થાય છે. વાણીથી મિત્રદ્રોહ કરનારાઓમાં મિત્રતાનું સ્વપ્ન છે. મિત્રધર્મની પ્રતિજ્ઞા પ્રમાણે જેના શબ્દો પ્રવર્તે છે તે સત્યમિત્ર બની શકે છે, અને મિત્રધર્મની પ્રતિજ્ઞા પ્રમાણે જેના શબ્દો નથી અર્થાત્ જેની વાણીમાં ફાટફૂટ છે, તેના કાવાદાવાના બોલમાં સત્યમિત્રતા નથી. એમ સુજ્ઞોએ સમજીને કૃત્રિમ મિત્રોને પરખી તેનાથી ફસાવવાનું ન થાય તે માટે સાવચેત રહેવું જોઇએ. જેનામાં મિત્રપણું આવ્યું નથી, તેનામાં શિષ્યપણું અને સેવકપણું પણ આવતું નથી. કૃત્રિમ મિત્રો થવા કરતાં મિત્ર ન થવું. એ કરોડ દરજ્જે ઉત્તમ છે, કારણ કે કૃત્રિમ મિત્ર બનવાથી અન્ય મનુષ્યોને છેતરીને પાપી બની શકાય છે, તેના કરતાં જ્યાં સુધી સત્યમિત્રના ગુણો ન આવ્યા હોય ત્યાં સુધી કોઇ પોતાને મિત્ર ધારે તો તેને સ્પષ્ટ સત્ય શબ્દોથી ના કહી દેવી જોઇએ. પ્રભુના ભકત થવા જેવા ગુણો જેનામાં પ્રકટે છે તે મિત્રની પદવી પ્રાપ્ત કરી શકે છે. આ વિશ્વમાં મિત્ર વિના રહી શકાય તેમ નથી તેથી મિત્ર તો અવશ્ય કરવા પડે છે. મિત્ર વિના કોઇને ગમતું નથી પરંતુ મિત્ર કર્યા પૂર્વે પોતાનામાં મિત્રના ગુણો ખીલવવા જોઇએ. ઇંગ્લાંડે ફ્રાન્સની દોસ્તી બાંધી. જ્યારે જર્મનીની સાથે ફ્રાન્સને યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે ઇંગ્લાંડ પણ ફ્રાન્સમિત્રની તરફેણમાં ઉતર્યું, તેથી તેની વિશ્વમાં મૈત્રીની પ્રતિષ્ઠા રહી. અન્યથા મૈત્રીની પ્રતિષ્ઠા કાયમ રહેત નહીં. બોલીના કાવાદાવા માત્રથી મિત્રતા સાચવી શકાતી નથી. આત્મોત્સર્ગ કર્યા વિના, જીવનનો ત્યાગ કર્યા વિના મૈત્રીની સંરક્ષા તથા વૃદ્ધિ થઇ શકતી નથી. માટે મિત્રધર્મને સમજનાર મિત્રોએ કૃત્રિમ મિત્રતાનો ત્યાગ કરીને સાચી મિત્રતાને અંગીકારવી જોઇએ. સ્વાભાવિક મૈત્રીથી સ્વાભાવિક મિત્ર થવાય છે. કથ્યું છે કે:—

> स्वाभाविकं तु यन्मित्रं, भाग्येनैवाभिजायते ।
> तदकृत्रिम सौहार्द–मापत्स्वपि न मुञ्चति ॥

સ્વાભાવિક મિત્ર તો ભાગ્યથી થાય છે. અકૃત્રિમ મિત્રત્વને તો આપત્તિઓમાં પણ તે મૂકતો નથી.

पापान्निवारयति योजयते हिताय गुह्यं निगूहति गुणान् प्रकटी-
करोति ।
आपद्गतं न जहाति ददाति काले, सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः

મિત્રને પાપથી નિવારે છે, હિતાર્થ યોજે છે, ગુહ્યોને ગોપવે છે અને મિત્રોના ગુણોને પ્રકટ કરે છે. આપત્તિમાં મિત્ર આવતાં તેનો ત્યાગ કરતો નથી અને આપવા યોગ્ય સમયમાં તેને યોગ્ય આપે છે તેને સત્પુરુષો સન્મિત્ર કહે છે. સન્મિત્રનાં લક્ષણ સમજીને કૃત્રિમ મિત્રોની મૈત્રી ન કરવી જોઈએ. કૃત્રિમ મિત્રોને તેઓની કાયિક, વાચિક, કારણકાર્યની પ્રવૃત્તિથી ઓળખી શકાય છે.

સ્વાર્પણકારક મિત્રને કથે છે.

તન, મન, ધન, અર્પણ કરે, રહે ન ભેદ લગાર;
મૈત્રી એહવી હોયથી, સમજો નરને નાર. ૧૬

વિવેચનઃ—જે મનુષ્ય મિત્રને મદદ ખાતર પોતાના શરીરની દરકાર કરતો નથી, વખત આવે જીવનું જોખમ ખેડવા કમ્મર કસે છે. અંધારી રાત્રે કુવામાં ઉતરવા તથા સમયે મૃત્યુ સાથે પણ બાથ ભીડવા તૈયાર થાય છે, તેવો મનુષ્ય સાચો મિત્ર ગણાય છે. આ ઉપરાંત જે પોતાનું મન મિત્રને સમર્પણ કરે છે. મનમાં પોતાના મિત્ર માટે દ્વેષ વા ઇર્ષ્યાના વિચારો લાવતો નથી, અને સ્નેહના વિચારો કરી કલ્યાણ ઇચ્છે છે તે સાચો મિત્ર ગણાય છે.

જે મનુષ્ય મિત્રની આધિ, વ્યાધિ તથા ઉપાધિ ટાળવા માટે ધનનો વ્યય કરે છે, અને ધનના લોભથી લોભાઈ અળગો નથી રહેતો પણ આર્થિક મદદ આપે છે, તે સાચો મિત્ર ગણાય છે. તેવી મૈત્રી અમૂલ્ય ફળદાયી છે. જગતમાં ભાગ્યવંત પુરૂષોનેજ તેવા મિત્રો મળે છે.

નિષ્કામ કર્મયોગી મિત્રનું લક્ષણ.

કરે નિષ્કામથી સઘળું, ગણે નહિ મ્હારૂં વા ત્હારૂં;
ભલામાં ભાગ લેવાનો, ધરે એ પ્રેમ પ્રેમીનો.

થાય છે. વાણીથી મિત્રદ્રોહ કરનારાઓમાં મિત્રતાનું સ્વપ્ન છે. મિત્રધર્મની પ્રતિજ્ઞા પ્રમાણે જેના શબ્દો પ્રવર્તે છે તે સત્યમિત્ર બની શકે છે, અને મિત્રધર્મની પ્રતિજ્ઞા પ્રમાણે જેના શબ્દો નથી અર્થાત્ જેની વાણીમાં ફાટફૂટ છે, તેના કાવાદાવાના ઓઠામાં સત્યમિત્રતા નથી. એમ સુજ્ઞોએ સમજીને કૃત્રિમ મિત્રોને પરખી તેનાથી ફસાવાનું ન થાય તે માટે સાવચેત રહેવું જોઇએ. જેનામાં મિત્રપણું આવ્યું નથી, તેનામાં શિષ્યપણું અને સેવકપણું પણ આવતું નથી. કૃત્રિમ મિત્રો થવા કરતાં મિત્ર ન થવું. એ કરોડ દરજ્જે ઉત્તમ છે, કારણ કે કૃત્રિમ મિત્ર બનવાથી અન્ય મનુષ્યોને છેતરીને પાપી બની શકાય છે, તેના કરતાં જ્યાં સુધી સત્યમિત્રના ગુણો ન આવ્યા હોય ત્યાં સુધી કોઇ પોતાને મિત્ર ધારે તો તેને સ્પષ્ટ સત્ય શબ્દોથી ના કહી દેવી જોઇએ. પ્રભુના ભકત થવા જેવા ગુણો જેનામાં પ્રકટે છે તે મિત્રની પદવી પ્રાપ્ત કરી શકે છે. આ વિશ્વમાં મિત્ર વિના રહી શકાય તેમ નથી તેથી મિત્ર તો અવશ્ય કરવા પડે છે. મિત્ર વિના કોઇને ગમતું નથી પરંતુ મિત્ર કર્યા પૂર્વે પોતાનામાં મિત્રના ગુણો ખીલવવા જોઇએ. ઇંગ્લાંડે ફ્રાન્સની દોસ્તી બાંધી. જ્યારે જર્મનીની સાથે ફ્રાન્સને યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે ઇંગ્લાંડ પણ ફ્રાન્સમિત્રની તરફેણમાં ઉતર્યું, તેથી તેની વિશ્વમાં મૈત્રીની પ્રતિષ્ઠા રહી. અન્યથા મૈત્રીની પ્રતિષ્ઠા કાયમ રહેત નહીં. બોલીના કાવાદાવા માત્રથી મિત્રતા સાચવી શકાતી નથી. આત્મોત્સર્ગ કર્યા વિના, જીવનનો ત્યાગ કર્યા વિના મૈત્રીની સંરક્ષા તથા વૃદ્ધિ થઇ શકતી નથી. માટે મિત્રધર્મને સમજનારા મિત્રોએ કૃત્રિમ મિત્રતાનો ત્યાગ કરીને સાચી મિત્રતાને અંગીકારવી જોઇએ. સ્વાભાવિક મૈત્રીથી સ્વાભાવિક મિત્ર થવાય છે. કથ્યું છે કેઃ—

स्वाभाविकं तु यन्मित्रं, भाग्येनैवाभिजायते ।
तदकृत्रिम सौहार्द–मापत्स्वपि न मुञ्चति ॥

સ્વભાવિક મિત્ર તો ભાગ્યથી થાય છે. અકૃત્રિમ મિત્રત્વને તો આપત્તિયોમાં પણ તે મૂકતો નથી.

पापान्निवारयति योजयते हिताय गुह्यान्निगूहति गुणान् प्रकटी-
करोति ।
आपद्गतं न जहाति ददाति काले, सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः

મિત્રને પાપથી નિવારે છે, હિતાર્થ યોજે છે. ગુહ્યોને ગોપવે છે અને મિત્રોના ગુણોને પ્રકટ કરે છે. આપત્તિમાં મિત્ર આવતાં તેનો ત્યાગ કરતો નથી અને આપવા યોગ્ય કાલમાં તેને યોગ્ય આપે છે તેને સત્પુરુષો સન્મિત્ર કહે છે. સન્મિત્રનાં લક્ષણ સમજીને કૃત્રિમ મિત્રોની મૈત્રી ન કરવી જોઈએ. કૃત્રિમ મિત્રોને તેઓની કાયિક, વાચિક, કાયાદિવ્યાપારની પ્રવૃત્તિથી ઓળખી શકાય છે.

સ્વાર્પણકારક મિત્રને કથે છે.

તન, મન, ધન, અર્પણ કરે, રહે ન ભેદ લગાર;
મૈત્રી એહવી દોહલી, સમજો નરને નાર. ૧૬

વિવેચનઃ—જે મનુષ્ય મિત્રને મદદખાતર પોતાના શરીરની દરકાર કરતો નથી, વખત આવે જીવનું જોખમ ખેડવા કમ્મર કસે છે. અંધારી રાત્રે કુવામાં ઉતરવા તથા સમયે મૃત્યુ સાથે પણ બાથ ભીડવા તૈયાર થાય છે, તેવો મનુષ્ય સાચો મિત્ર ગણાય છે. આ ઉપરાંત જે પોતાનું મન મિત્રને સમર્પણ કરે છે. મનમાં પોતાના મિત્ર માટે દ્વેષ વા ઈર્ષ્યાના વિચારો લાવતો નથી, અને સ્નેહના વિચારો કરી કલ્યાણ ઇચ્છે છે તે સાચો મિત્ર ગણાય છે.

જે મનુષ્ય મિત્રની આધિ, વ્યાધિ તથા ઉપાધિ ટાળવા માટે ધનનો વ્યય કરે છે, અને ધનના લોભથી લોભાઈ અળગો નથી રહેતો પણ આર્થિક મદદ આપે છે, તે સાચો મિત્ર ગણાય છે. તેવી મૈત્રી અમૂલ્ય ફળદાયી છે. જગતમાં ભાગ્યવંત પુરૂષોનેજ તેવા મિત્રો મળે છે.

નિષ્કામ કર્મયોગી મિત્રનું લક્ષણ.

કરે નિષ્કામથી સઘળું, ગણે નહિ મ્હારૂં વા ત્હારૂં;
બલામાં ભાગ લેવાનો, ખરો એ પ્રેમ પ્રેમીનો.

દગા બાજી નથી કિંચિત્, નથી પરવા નથી લજ્જા;
અભેદોપાસના વર્તે, ખરો એ પ્રેમ પ્રેમીનો.

વિવેચનઃ—જ્યાં 'મ્હારૂં' અને 'ત્હારૂં' નો ભેદ ટળી છે, 'હું' અને 'તું' નો અહંભાવ વિસરાઇ ગયો છે, અને લૈ વસ્તુઓને છોડી આધિભૌતિક વસ્તુઓને ચાહે છે, દ્વૈત પ્રેમભાવ અદ્વૈત ટળી પ્રેમભાવમાં ભળી જાય છે, ખરેખર તેવે સ્થળે રહેતો નથી. તેવા મનુષ્યો સાચા મિત્ર તરીકે લેખી શકાય છે. મૈત્રી પૂજ્ય ગણાય છે. તેવા મિત્ર માટે એમરસન કહે છે કે—

No advantagos, no powers, no gold or f
Can bo any match for him.

દરેક મનુષ્યે તેવા મિત્રો કરવા લક્ષમાં લેવું જોઇએ કે સ્વ તથા પરની સુધારણા થાય.

દુર્લભ મૈત્રીની વ્યાખ્યા કરે છે.

થઇ મૈત્રી તૂટે નહીં, થાતાં વિઘ્ન કરોડ;
મૈત્રી એવી દોહીલી, મળે ન તેની જોડ.

વિવેચનઃ—જે મનુષ્યની મિત્રતા હજારો વા લાખ્ખો આવતાં તુટતી નથી, તેની ખરી મિત્રતા જાણવી. પોતાના સામે કુદરત કોપાયમાન થાય, સાંસારિક, વ્યાવહારિક, આર્થિ ધનો નબળાં પડી હજારો વિઘ્નો સહેવાં પડે, છતાં જે મનુ મૈત્રી ચિરંકાળ રહે છે અને તુટતી નથી, તેવી મૈત્રી અમૂલ્ય લે કાય છે, તેવી મૈત્રી મેળવવી મુશ્કેલ છે. દુનિયામાં તેવી મિત્ર જોડ કોણ બતાવી શકે તેમ છે? તેની સરખામણી કોઇ સાથે શકાતી નથી. માટે ખરો મિત્ર તો એજ છે કે જે—

ફરે બ્રહ્માંડ જો સઘળું, તથાપિ સ્નેહ નહિ છૂટે?
છૂટે જો પ્રાણ શી પરવા, ખરો એ પ્રેમ પ્રેમીનો.

વિષયાસક્તિથી કરેલી મૈત્રીની ત્યાજ્યતા.

વિષયાસક્તિથી કરી, રહે ન મૈત્રી સદાય;
અધમ મૈત્રી એ જાણવી, પગપગ દુઃખો પાય.

વિવેચનઃ—જે મનુષ્યો વિષયના લોભે મિત્રતા બાંધે છે મનુષ્યોની મિત્રતા લાંબા સમય સુધી ટકતી નથી, કારણ કે મૈત્રી દુર્ગુણોની પોષક છે. પરસ્પર પંચેન્દ્રિયના વિષયોની આસક્તિ કરેલી મિત્રતા સદા રહેતી નથી. કીર્તિની આસક્તિ, ધનની સક્તિ, અમુક પદાર્થની આસક્તિ, અમુક ઈલિકાબની આસ વગેરે આસક્તિયો અથવા લોભથી સદાકાળ મિત્રતા ટકતી ન સન્તો, મહાત્માઓ એવી મૈત્રીને અધમ મૈત્રી કહે છે. કારણ કે વિ યાસક્તિથી મૈત્રી કરતાં સ્વાર્થી દોષોની ઉત્પત્તિ થાય છે, અને વિ યાસક્તિથી વિષય પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતાં અને તે નહિ મળ કલેશ, ભેદ, વિશ્વાસઘાત, અપ્રમાણિકપણું, અનીતિ, વૈર વગે દુર્ગુણોનું સેવન કરાય છે, માટે વિષયાસક્તિથી બનારી અધ મૈત્રીથી દૂર રહેવું જોઈએ, કારણે કે એવી મૈત્રીથી પગલે પગલે અશાન્તિ, ઉચાટ, ઉપાધિ, દુઃખ, ભય, દ્વેષ, ખેદ વગેરેનો અનુભવ થાય છે.

વિષયાસક્તિથી જે જે કર્તવ્યો કરવામાં આવે છે તેમાં શાન્તિ મળતી નથી પરંતુ ઉલટી અશાન્તિ થાય છે. જો મૈત્રીમાં સુખનો નિર્ધાર કર્યો હોય તો વિષયાસક્તિનો નાશ કરવો જોઈએ, અને જો બાહ્ય પદાર્થ વિષયોની આસક્તિ, કીર્તિની આસક્તિ વગેરેની ઇચ્છા હોય તો સત્યમિત્રતાને તિલાંજલિ આપવી જોઈએ. વિષયાસક્તિથી કોઈને ભૂતકાલમાં સુખ થયું નથી, વર્તમાનમાં થનાર નથી અને ભવિષ્યમાં થશે નહીં, માટે આસક્તિનો ત્યાગ કરી મિત્રોની સાથે મિત્રતાની ગાંઠથી બંધાવું જોઈએ. ધનની આસક્તિ આદિ અનેક પ્રકારની આસક્તિયો હોય છે. આસક્તિનો ત્યાગ કરીને મિત્રની ફરજો અદા કરવાથી પોતાની સાથે અનેક મનુષ્યોની મિત્રતા થાય છે, માટે વિષયાસક્તિની અધમ મૈત્રીનો ત્યાગ કરવો. વિષયાસક્તિવાળા મનુષ્યો

સ્વાર્થસિદ્ધિની સિદ્ધિ થાય ત્યાં સુધી મિત્રતા રાખે છે, અને પશ્ચાત્ સામું પણ જોતા નથી. માટે વિષયસક્તિનો ત્યાગ કરી મૈત્રી કરવી જોઇએ.

વિત્તરૂપના મોહથી કરેલી મિત્રતાની અસત્યતા જણાવે છે

વિત્ત રૂપના મોહથી, કરી મૈત્રી ના સત્ય;
વિત્ત રૂપના નાશથી, અમિત્ર થાવે કૃત્ય. ૧૯

વિવેચન:—જે વિત્ત લોભે વા રૂપ અને લાવણ્યના મોહે મિત્રતા બંધાય છે, તે મિત્રતા સત્ય નથી, પણ અસત્ય જાણવી. કારણ કે પૈસા અને લાવણ્ય નાશવંત છે, અને જ્યારે તે નાશ પામે છે ત્યારે મિત્ર તે અમિત્ર બને છે. તે વસ્તુઓ ફેર કરાવનારી છે અને પરિણામે દુશ્મનાવટ ઉત્પન્ન કરે છે. પૈસાનો સ્વાર્થ મનમાં ધારણ કરીને કદાપિ મિત્રતા કરવી નહીં. શ્રીમંતોની ધનવંતોની સાથે સ્વાર્થે કદાપિ મિત્રતા ન કરવી જોઇએ, તેથી ખુશામત સ્વભાવ, દાસવૃત્તિ, મનોવિકાર, વચોવિકાર, અને સ્વાતંત્ર્યવિકાર વગેરે દુર્બુદ્ધિની ઉત્પત્તિ થાય છે. વિત્ત સ્વાર્થે કરેલી મિત્રતામાં લક્ષ્મીનો સ્વાર્થ ન સધાતાં મિત્ર તે અમિત્ર રૂપ બને છે, અને ઉલટું મિત્રની નિંદા કરવાની પ્રવૃત્તિ થાય છે. નિષ્કામભાવથી, સમાન શીલતાથી મૈત્રી કાયમ રહે છે. રૂપવંત મિત્રમાં સર્વ પ્રકારના ગુણો હોય એવો નિયમ નથી, તેમજ મિત્રના રૂપનું પરિવર્તન થતાં તેના પર મિત્ર બુદ્ધિ પ્રસરતી નથી. માટે વિત્ત રૂપનો મોહ ત્યાગીને મિત્રતા કરવી જોઇએ. વિત્તરૂપાદિ મોહથી જે મિત્રોને કરે છે, તે આત્મગુણોનો પૂજારી બનતો નથી, તેમજ તે સ્વતંત્ર વિચારોનો ઉપાસક બની શકતો નથી. જે રૂપ મોહથી મુંઝાય છે તે મનોવૃત્તિનો દાસ છે. ધન રૂપ વૃત્તિના દાસ બનેલાઓ મિત્રનું સ્વરૂપ અનુભવવા અધિકારી બન્યા નથી. શરીર, ધન, ઇંદ્રિય, મન અને આત્મા એમાંથી જે આત્માને મૂકી શરીર, ધન, ઇન્દ્રિય અને મનનો ઉપાસક બને છે, તે મોહથી મુંઝાયલો છે. શરીર મન વગેરેમાં મિત્રતા અને અમિત્રતા માનનારાઓ કર્મની પરિણતિથી યંત્રપ્રેરિતકાષ્ઠપુત્તલિકાની પેઠે નાચનારા

જાણવા. તેવા મનુષ્યો આત્માની શુદ્ધ મિત્રતાનો અનુભવ કરવાને અધિકારી બન્યા નથી.

સહાયકતાની લાલસાને ખાસ મનમાં રાખી મૈત્રી ન કરવી જોઇએ.

મદદ માટે જે મૈત્રી છે, સદા નહિ રહેનાર;
મદદ મળે નહિ તો પછી, શત્રુભાવ થાનાર. ૨૦

વિવેચન:—જે જોડો પોતે એમ સમજે છે કે પોતાની આર્થિક સ્થિતિ બરાબર સારી નથી, મ્હારા મિત્રની સ્થિતિ મારાથી પણ વિશેષ સારી છે, તો અણી વખતે તથા વ્યાપારાદિક અડચણ વખતે સારી મદદ મળી શકશે, અને આપણો અણીનો બખત આપણો મિત્ર જરૂર ચુકવવા પ્રયત્ન કરશે. જે મનુષ્યો એવો વિચાર કરીને મિત્ર સાથે મૈત્રી બાંધે છે, અને જ્યારે પોતાનો સ્વાર્થ સમય આવતાં સરતો નથી, ત્યારે તેઓ મિત્રના દુશ્મન બને છે, બંને મિત્રો વચ્ચે વૈરનો દાવાનલ પ્રગટે છે. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે જેમ જેમ નિષ્કામભાવથી પરસ્પર સહેજે હૃદય મળે છે તેમ તેમ મિત્રાનન્દ રસની ઝાંખી પ્રકટે છે. મિત્રોએ પરસ્પર સાહાય્યની આશા રાખ્યા વિના મિત્રતા કરવી જોઇએ, તેમ છતાં પરસ્પર મિત્રો એક બીજાને સર્વ પ્રકારે સાહાય્ય કરે એ તેમની ફરજ છે, અર્થાત્ મિત્રધર્મ છે અને મિત્રધર્મની રહેણીમાં રહેનાર મિત્રની ઉત્તમતા સર્વત્ર પ્રસિદ્ધ થાય છે, અને તેમનું આદર્શજીવન વિશ્વજનોને અસર કરે છે.

અન્ય મનુષ્યોની આશા સાહાય્ય રાખીને મૈત્રી બાંધનારો અન્યોનો મિત્ર બનતો નથી, પરંતુ દાસ બને છે. અન્યની સાહાય્ય લેવા માટે અન્યોની ખુશામત કરવી પડે છે. પોતાના સ્વતંત્ર વિચારોને વેંચી નાખી અન્યોની હાજી હા, ખુશામત કરવી પડે છે, તેનાં કહેલાં સર્વ કાર્યો દાસની પેઠે કરવાં પડે છે, તે દાસની પેઠે હુકમો કરે છે તે પ્રમાણે વર્તવું પડે છે. માટે મદદ-સાહાય્યની આશાથી કદાપિ અન્યોના મિત્રો ન બનવું જોઇએ. ધારો કે કોઈ મિત્રે ધન વગેરેની મદદ કરી, પરંતુ તે મિત્રના કહેવા પ્રમાણે ન વર્તવામાં આવે તો તે જે જે મહેણાં-ટોણાં મારે તે સહેવાથી સુખ નીચું

પાળવું પડે કે પક્ષાન્ તેવું પણ બને છતાં કાયમ કે આવી સ્થિતિ પહેરાઓથી ન આવે તે માટે તેઓની પરેશાની મન, ધન, ઇન્દ્રિયો સહાયની ઉમેદ મદદે મિત્ર. [illegible] ન [illegible] સંસુગ્નકામ [illegible] સુખ વાપરીને [illegible] કરવા [illegible]. પોતાની સહાયની ઉમેદ વિના મિત્રો પોતાની ફરજથી પોતાને બાદ રાખી લે તે. મિત્રપણાની ફરજ છે, તેમાં કોઈ પોતાને બીજું [illegible] [illegible] નહીં કદાપિ આવો મિત્ર સહાયતા ન કરે તો તેથી તે મનમાં [illegible] સમજવું નહીં. [illegible] નિઃસ્વાર્થપણે [illegible] સહાય [illegible] છે, ત્યાં ઉત્તમ મિત્રતાનો પ્રાદુર્ભાવ હોય છે. સહાયની ઉમેદ રાખવાથી અન્ય મિત્રોની આગળ પોતાનો આત્મા, મન, ઇન્દ્રિયો ગુલામ જેવાં બની જાય છે. મિત્રે આપેલી બાબતે અન્યોને મિત્રે કરવા જોઈએ. મિત્રોની આગળ પોતાની દુઃખી હાલતના રોદણાં ન રોવાં જોઈએ, તેમજ સંપત્તિમાને નિર્ધનમિત્રને પોતાની સહાયથી પર ઉપકાર છે એમ મનમાં ન માનવું જોઈએ. શ્રી કૃષ્ણને સુદામા મિત્ર હતા. સુદામાની આર્થિક સ્થિતિને શ્રી કૃષ્ણે સુધારી તેમાં શ્રી કૃષ્ણે પોતાની ફરજ બજાવવા ઉપરાંત વિશેષ કંઈ કર્યું નહીં. સુદામાને શ્રી કૃષ્ણ પોતાના કરતાં અંશ માત્ર હલકા ગણતા નહોતા. સુદામા ગરીબ મિત્ર છે એવું મનમાં પણ લાવતા નહોતા. આવી રીતે શ્રીમંતમિત્રોએ પોતાના મિત્રની ફરજ બજાવવી જોઈએ, અને ગરીબ મિત્રોએ સહાયની આશાને ત્યાગ કરીને નિઃસ્વાર્થભાવથી મિત્રની સાથે વર્તવું જોઈએ.

મિત્રોને સાચવનારા વિરલ મનુષ્યો હોય છે.

મૈત્રી લાખો જન કરે, વિરલ જ લાખે એક;
મિત્રોને સાચવે, એવા વિરલા છેક. ૨૧

વિવેચન—દુનિયાની અંદર લાખો મનુષ્યો મિત્રતા કરે છે, આદર્શભાવીનો સંબંધ બાંધે છે, પણ મિત્રધર્મ પરિપૂર્ણ સમજી નિઃસ્વાર્થવૃત્તિએ કામ કરનાર લાખોમાં કોઈક હોય છે. [illegible] સ્વાર્થ [illegible] સંબંધ રાખે છે. જ્યાં સુધી પોતાનો

દેખવા નહીં. તેમના દોષો અન્યો આગળ ન કહેવા. ૧૪ મિત્રની ઉન્નતિ થાય એવી યોગ્ય પ્રવૃત્તિયો કરવી. ૧૫ મિત્રનું જે રીતે ભલું થાય તેવા ઉપાયો લેવા. ૧૬ સદ્‌વિચારો અને સદાચારોવડે મિત્રોની પુષ્ટિ કરવી. ૧૭ મિત્રોને પ્રસંગોપાત્ત શુભ સૂચનાઓ કર્યા કરવી. ૧૮ પરસ્પરને પુછી ખુલાસા કરી વિરોધી પ્રસંગોને દૂર કરવા. ૧૯ કોઈના કહેવાથી વા ભયથી વા બીજા કોઈ કારણે અન્યો, મિત્રોની મિત્રતા છોડાવવા પ્રયત્ન કરે તો તેથી મિત્રનો ત્યાગ કરવો નહીં. ૨૦ દુર્ગુણી મિત્ર હોય તોપણ તેને સુધારવા પ્રયત્ન કરવો. ૨૧ મિત્રોના આત્માઓ તરફ જોવું. ૨૨ મિત્રોની સાથે વૈર, પ્રતિકુલતા ન થાય એવી રીતે વર્તવું. ૨૩ મિત્રોની સાથે સ્વાર્થ રહિત વિશુદ્ધપ્રેમ રાખવો. ૨૪ મિત્રોની સાથે વિવેકથી કર્તવ્યકાર્યોમાં આત્મભોગી બનવું. ઈત્યાદિ અનેક ગુણોવડે મિત્રની મિત્રતાનો સંબંધ ટકાવી રાખનારા લાખોમાં વિરલા છે. ઉપર્યુક્ત મિત્ર ગુણોની ટેકને સાચવી મિત્રની સાથે સંબંધ બાંધી સદાકાલ તે પ્રમાણે વર્તવું જોઈએ.

મિત્રો પ્રતિ કેવી રીતે વર્તવું જોઈએ ? તે જણાવે છે.

ટાળે દોષો મિત્રના, સદ્‌ગુણ કરે પ્રકાશ;
આપદ્‌માં ત્યાગે નહીં, લોપે નહીં વિશ્વાસ. ૨૨

વિવેચનઃ—ખરો મિત્ર પોતાના મિત્રની ખોડખાંપણ અને દોષો દૂર કરી સદ્‌ગુણોને પ્રકાશમાં લાવે છે. તે તો સત્ય તરફ જુએ છે અને ગુણાનુરાગદૃષ્ટિવડે ગુણોનીજ પ્રશંસા કરે છે. જે સજ્જન મનુષ્યો, કાદવ સન્મુખ જોતા નથી પણ તેને કમળની ઉત્પાદક દાતા ભૂમિ તરીકે લેખે છે તેવીજ રીતે સદ્‌ગુણી મિત્રો પોતાના મિત્રના દુર્ગુણ તરફ નહિ પણ સદ્‌ગુણ તરફ નજર રાખે છે અને તેની તારીફ કરે છે. ખરો મિત્ર દુઃખની વખતે સહાયક બની મદદ કરે છે અને કદાપિ વિશ્વાસઘાત કરતો નથી. તેઓનું વર્તન તે નીચલી કડીમાં સમાયલા રહસ્ય મુજબ હોય છે.

છુપાવી દોષના ઢગલા, ગુણોનો થાય ફેલાવો;
અનુપમ સુખનું ઝરણું, ખરો એ પ્રેમ પ્રેમીનો.

મિત્રો એવા કરવા જોઇએ કે જેથી પોતાના દોષોનો થાય. જેઓની સંગતિથી દોષોની વૃદ્ધિ થાય અને આત્મશક્તિયોનો નાશ થાય તેમજ કોઇના ભલામાં ભાગ ન લેવાય તથા જેનાથી દુર્બુદ્ધિ પ્રગટે એવા કુમિત્રો ન કરવા જોઇએ. તન, મન, ધનની ખુવારી, જેનાથી થાય એવા મિત્રો ન કરવા જોઇએ. ઉદ્ધત, ઉચ્છૃંખલ મિત્રો કરવાથી પોતાની પ્રતિષ્ઠામાં હાનિ આવે છે અને સોબત તેવી અસર થાય છે. જેઓ માબાપના શત્રુ બન્યા હોય, ગુરૂઓના શત્રુ બન્યા હોય તેવા મનુષ્યો મિત્ર કરવા લાયક નથી; કારણ કે જેઓ ઉપકારી માબાપ અને ઉપકારી ગુરૂઓનો ઉપકાર ભૂલી ગયા હોય છે, તેઓની સંગતિથી પોતાનામાં તેવી દુર્બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની મિત્રો, શરીરયંત્રમાં ફક્ત શ્વાસોશ્વાસ લેનારા મૂઢ મિત્રો ભલે લક્ષ્મીવંત હોય, સત્તાધિકારી હોય પણ તેવા મિત્રોથી સ્વાત્મ સુખ પ્રાપ્ત થતું નથી તેમજ તેવા મિત્રોથી પોતાની આત્મશક્તિયોમાં વૃદ્ધિ થતી નથી. पण्डितोऽपिवरंशत्रुः नं च मूर्खो हितकारकः, वानरेण हतो राजा, विप्र चौरेण रक्षितः ॥ પંડિત શત્રુ સારો પરંતુ મૂર્ખ મિત્ર સારો નહીં. રાજાના વાનર મિત્રે રાત્રિના વખતમાં શય્યાના ઉપર પાટડે ચડેલા સર્પની છાયા રાજાના ઉપર પડી તેથી તેને સાચો સર્પ ધારીને તરવારનો ઘા કરવા ધાર્યો પરંતુ પંડિત ચોર ત્યાં ચોરી કરવા આવ્યો હતો તેણે રાજાને બચાવ્યો માટે વિદ્વાન્-જ્ઞાની અને સદાચરણી મિત્રો કરવા જોઇએ કે જે ખરા વખતે ખપમાં આવે. જ્ઞાની, સમયજ્ઞ, વિવેકી મિત્રો પોતાના મિત્રના દોષોને બોધ આપીને ટાળે છે. તેને પોતાના જેવો બનાવે છે. ગદ્ધાંની પેઠે મૂર્ખ મિત્રો લાતંલાતા આવે છે. માટે ગુણજ્ઞાની મિત્ર કરવો જોઇએ કે જે આપત્તિમાં સાહાય્ય કરે અને દોષોને ટાળી ગુણી કરે.

પ્રાણાન્તે પણ સજ્જન મિત્ર, કદિ દ્રોહ કરતો નથી.

મિત્ર દ્રોહ ના આચરે, પ્રાણાન્તે પણ જેહ;
મિત્ર ખરો તે જાણવો, સજ્જનતાનું ગેહ. ૨૩

વિવેચનઃ—જે મનુષ્યો પ્રાણ જતાં સુધી મિત્ર સાથે સ્નેહ

એમ કથે છે કે જીવોને હું યંત્રની પુતલીઓની પેઠે ચોરાશીલક્ષ જીવયોનિમાં ભમાવું છું. આવી સ્થિતિ છે ત્યાં કર્મનો દોષ છે, પરંતુ કોઇના આત્માનો દોષ નથી. બુદ્ધિઃ કર્માનુસારિણી જેવાં કર્મ કર્યાં હોય છે તેના અનુસારે કર્મરૂપકૃષ્ણપ્રભુજી જીવોની બુદ્ધિ કરે છે તેમાં મિત્રના આત્માનો અમુક બાબતોમાં કેમ દોષ કાઢવો જોઇએ ? મન, ઇન્દ્રિયો અને કર્મની જ્યાં ત્યાં વિચિત્રતા છે. આત્મા તો શરીરરૂપ બંધીખાનામાં કર્મના યોગે પૂરાયલો છે. સર્વ જીવો સંસારરૂપ કેદખાનામાં કેદીઓ છે તેમાં સર્વ જીવોએ કરેલાં કર્મજ કારણ છે, જીવો જે જે દોષો સેવે છે તે કુમતિના વશ થઇ સેવે છે એમ જાણવું જોઇએ અને પોતાનું બુરૂં કરનાર કોઈ જીવને દુશ્મન ન લેખવો જોઇએ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ઇન્દ્ર, ચંદ્ર અને તીર્થંકરોને પણ કર્યાં કર્મો ભોગવવાં પડે છે તો અન્ય મનુષ્યોનું શું કહેવું ? એવું સમજીને કોઈ મિત્રના આત્મા પર ક્રોધ દ્વેષ કરવો નહીં. કોઈ મિત્રે બુરૂં કર્યું હોય તો એમ ચિંતવવું કે તે કર્માધીન છે. તેણે કર્મના બળ પ્રમાણે પ્રવૃત્તિ કરી છે તેમાં તેના કર્મનો દોષ છે. તેના આત્માને જો કર્મની પ્રેરણા ન થઇ હોત તો તે મિત્રનું બુરૂં કરવા પ્રવૃત્તિ કરતજ નહીં એમ સમજી મિત્રપર આત્મપ્રેમ ધારણ કરવો પણ મિત્રદ્રોહ કરવો નહીં. પાંચ ઇન્દ્રિયો, મન અને કર્મના તાબે ન થઈ મિત્રદ્રોહ ન થાય તેમ પ્રવૃત્તિ કર્યા કરવી. મિત્રદ્રોહ ન થાય તે માટે પ્રભુની પ્રાર્થના કરવી અને પ્રાણાંતે પણ મિત્રદ્રોહ ન કરવો. સજ્જનમિત્ર ઉપર પ્રમાણે વિચાર કરી મિત્રદ્રોહ કરતો નથી અને સદા મિત્રનું શ્રેયઃ કરે છે.

સુગુણી મિત્રનું લક્ષણ કહે છે.

દુઃખ પડે પણ સાધને, કદી ન છોડે નેહ;
ગણે ન હલકો મિત્રને, મિત્ર સુગુણ નર તેહ. ૨૪

વિવેચનઃ—પોતાના મિત્રને દુઃખ પડેલું હોય, આર્થિક કે બાબતોને લઇને સંકટ તળે દબાવું પડયું હોય, વા કોઇ કારણને લઇને સંકટ સહેવું પડતું હોય તો મિત્રના દુઃખ

उत्सवे व्यसने चैव, दुर्भिक्षे राष्ट्रविप्लवे ।
राजद्वारे श्मशानेच, यस्तिष्ठति स बान्धवः ॥
दर्शने स्पर्शने वापि, श्रवणे भाषणेपिवा ।
यत्र द्रवत्यन्तरङ्गं, स स्नेह इति कथ्यते ॥
न मातरि न दारेषु, न सोदर्ये न चात्मनि ।
विश्वासस्तादृशः पुसां, यादृङ्मित्रे प्रजायते ॥
सवन्धुर्यो विपन्नाना मापदुद्धरणे क्षमः ।
न तु भीतपरित्राण वस्तूपालंभपंडितः ॥

મિત્રને સ્વાત્મસમાન ગણનારા સુગુણીમિત્રોથી આ પૃથ્વી રત્નગર્ભા કથાય છે.

વાત વાતમાં રીસાઈ જનારા મિત્રો બની શકતા નથી.

વાત વાતમાં રીસથી, બોલે વિરૂવા બોલ;
ખરી મિત્રતા તે નહીં, કરે વિવેકી તોલ. ૨૫

વિવેચનઃ—જે મનુષ્યો વાતવાતમાં રીસાઇ જાય છે, ક્રોધને વશ થાય છે, અને લાગણીઓને વશ થઇ ખરી વસ્તુને ભુલી જઇ ખોટી લાગણીઓથી દોરાઇ ન બોલવાનાં વચનો બોલે છે. તેવા મનુષ્યો ખરા મિત્ર થવાને લાયક ગણાતા નથી. વિવેકશીલપુરૂષે સ્વતઃ વિચારથી જોઈ શકશે કે તેવી મિત્રતા તે ખરી મિત્રતા નથી પણ ખોટી મિત્રતા છે. સર્પ સમાન મિત્રતા વા શ્વાન સમાન મિત્રતા જ્યાં હોય છે ત્યાં વાતવાતમાં લાતલાતા થાય છે, અને પરસ્પર વિરૂદ્ધ બોલાય છે. વિવેકી મનુષ્યો તેવી મિત્રતાને ખરી મિત્રતા ગણતા નથી, અને તેવી મિત્રતાને માન આપતા નથી. कोहो पीइं पणासेइ ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, અને પ્રીતિનો નાશ થવાથી મિત્રાઇનો નાશ થાય છે. વાતવાતમાં, બોલતાં, ચાલતાં, ખાતાંપીતાં, રીસ કરવાથી અને રીસના વશથી અસભ્ય શબ્દો બોલવાથી મિત્રતાનો સંબંધ ટકતો નથી. મનમાં ક્રોધ થવાથી આત્માનું અને પરનું ભાન, વિવેક ભૂલાય છે અને તેથી અકૃત કાર્યો

કરવામાં આવે છે. ક્રોધથી અનેક મિત્રોમાં કલેશો થાય છે, અને તેથી તેઓ પરસ્પર શત્રુઓ બને છે. જેઓ રીસ કરે છે તેઓ પોતાના પુણ્યનો, સુખનો નાશ કરે છે. ક્રોધ કરવાથી કોઇ પણ જાતનો લાભ પ્રાપ્ત થતો નથી. અતએવ રીસનો ત્યાગ કરીને ક્ષમા ધારણ કરવી જોઇએ. ક્ષમા સમાન કોઈ શાંતિ નથી. ક્ષમાથી અને પ્રેમથી વૈરને, ક્રોધને જીતાય છે. અમિત્રોને પણ ક્ષમા પ્રેમથી મિત્ર બનાવી શકાય છે. ક્ષમા અને પ્રેમવડે વસિષ્ઠમુનિએ વિશ્વામિત્રના ક્રોધને ઉતારી તેને શાંત કર્યો હતો. ક્ષમા બળથી શ્રીવીરપ્રભુએ ચંડકૌશિક સર્પનો ક્રોધ ઉતારી તેને શાંત કરી દેવલોકમાં મોકલ્યો હતો. ક્ષમા અને શુદ્ધ પ્રેમથી આ વિશ્વમાં શત્રુઓનાં હૃદયને જીતી શકાય છે, પણ તરવારની ધારથી શત્રુઓનાં હૃદય જીતી શકાતાં નથી. જ્યાં રીસ પ્રગટે છે ત્યાં પ્રેમરસ સુકાઇ જાય છે. જ્યાં રીસ પ્રગટે છે ત્યાં ગુણાનુરાગ રહેતો નથી. મનુષ્યો ક્રોધ, રીસના તાબે થઈ અનંત કર્મો બાંધી અનેક ભવો કરે છે.

" ક્રોધે કોડી પુરવતણું, સંયમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે તે તો લેખે ન થાય, કડવાં ફળ છે ક્રોધનાં.
સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ્ય;
શિષ્યના ક્રોધથકી થયો, ચંડકોશીયો નાગ. કડવાં૦ ॥

ક્રોધથી દ્વૈપાયન ઋષિએ દ્વારિકા નગરીનો નાશ કર્યો તેથી દૈપાયન મુનિએ ઘણું તપનું ફળ હાર્યું. આ ઉપરથી સુજ્ઞો સમજી શકશે કે જેઓએ અન્યોની સાથે મિત્રતાનો સંબંધ સાંધ્યો છે તેઓએ ક્રોધના પ્રસંગે પણ ક્રોધ ન કરવો જોઇએ. ક્રોધ પ્રગટે, રીસ પ્રગટે તે વખતે કાંઇ પણ બોલવું ન જોઇએ વા તેવા પ્રસંગે શાન્તિના વા પ્રભુ સ્મરણના વિચારો કરવા જોઇએ. ક્રોધથી, રીસથી અનેક જાતના સદ્‌વિચારોનો નાશ થાય છે. વનમાં દાવાનલ પ્રગટવાથી જેમ અનેક પુષ્પમય અને ફળવાળાં વૃક્ષોનો નાશ થાય છે તેમ ક્રોધના ઉદયથી મિત્રની મૈત્રીથી થનારા અનેક લાભોનો નાશ થાય છે. પોતાનોજ નાશ પોતાના હાથે કરાય

છે. સમુદ્રમાં ઉઠેલ વડવાનલ જેમ સમુદ્રના જલનું શોષણ કરી લેય છે તેમ મિત્રચારીમાં ઉઠેલ ક્રોધાગ્નિથી પ્રેમનો, સ્નેહનો નાશ થાય છે. માટે મિત્રોએ વાતચિત્ત પ્રસંગ વા કોઈ પણ કર્તવ્યમાં ગુંચાઈ જતાં, હાનિ થતાં, પ્રતિકુળતા પ્રાપ્ત થતાં અસભ્ય શબ્દો, ક્રોધ વચનો વદવાં ન જોઇએ. શરીર પર પડેલા ઘા રૂઝાય છે પણ વચનના ઘા રૂઝાતા નથી. માટે મિત્રોએ પરસ્પર કોઈ પણ પ્રસંગે ગુસ્સાથી ખરાબ શબ્દોથી એક બીજાનો તિરસ્કાર ન કરવો જોઇએ. કોઇ કદાપિ નબળા મનનો બનીને કંઈ બોલે તો તેના મિત્રે તે વખતે ક્ષમા રાખવી જોઇએ. क्षमा वीरस्य भूषणम् ॥

क्षमा खड्गं करे यस्य । दुर्जनो किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

એ શ્લોકનો ભાવાર્થ હૃદયમાં ધારણ કરી મિત્રોએ પરસ્પર કદિ ક્રોધનાં વચનો ન કહેવાં જોઇએ. જેઓ ક્રોધથી નિર્ભય શબ્દે બોલે છે તે ખરા મિત્રો નથી અને તેની ખરી મિત્રતા નથી એમ વિવેકી મનુષ્યો તેનો તોલ કરે છે.

પોતાના મિત્રનું સારૂં જે સાંખી શકતો નથી તે મિત્ર બની શકતો નથી.

ખમાંય ના નિજ મિત્રની, પ્રગતિ કીર્તિ લગાર.
નાંહીં મિત્ર તે વૈરી છે, ધવળ પેઠે નિર્ધાર. ૨૬

વિવેચનઃ—જે મનુષ્યો પોતાના મિત્રની પૈસે ટકે સુધરતી સ્થિતિ દેખી બળ્યા કરે છે, વળી જેઓ પોતાના મિત્રની અન્ય લોકોમાં ખ્યાતિ સાંભળી બળ્યા કરે છે. તેવા મિત્રો તે મિત્ર નથી પણ વૈરી છે, અને તેઓ ધવળશેઠની માફક પરિણામે દુશ્મન રૂપે પ્રગટે છે. શ્રીપાળ રાજાની ઉન્નતિ થતી દેખીને ધવળશેઠ અત્યંત ઈર્ષા કરવા લાગ્યો. ધવળશેઠ, શ્રીપાળરાજાની અવનતિ કરવા તેને નીચ જાતિનો ઠરાવવા પ્રયત્ન કર્યો પરંતુ તેમાં તેનો પ્રપંચ ઉઘાડો પડયો અને શ્રીપાલરાજાની મહત્તા વૃદ્ધિ પામી. ધવળશેઠે છેવટે શ્રીપાળરાજાને

મારવા નિશ્ચય કર્યો, અને તેમાં તે સ્વયં મરણ પામ્યો. શ્રીપાળ ત્રિ વાંચીઆ સંબંધી વિશેષ હકીકત મેળવવી. નિજ મિત્રની પ્રગતિ જેને ખમાતી નથી તે મિત્ર નથી પણ ધરતરોડની પેઠે વૈરી છે માટે તેવા મિત્રથી ચેતતા રહેવું. મિત્રો પોતાના વિષે પાછળ શું બોલે છે તે જાણવું અને અયોગ્ય મિત્ર જે થયા હોય વા થનાર હોય તેથી દૂર રહેવું.

સ્નેહગુણી અને તમોગુણી ઈર્ષ્યાળુ મિત્રો હોય છે તે મિત્રોની ઈર્ષ્યા કર્યા કરે છે. તેઓ મિત્રોની ઉન્નતિ દેખી હૃદયમાં બળ્યા કરે છે. ઉત્તમ મિત્રો સ્વકીય મિત્રોની ઉન્નતિ દેખીને સાગરની પેઠે ભરતીરૂપ હર્ષને ધારણ કરે છે. વૈરીઓ મિત્રોના રૂપમાં દેખાવ આપે છે. પરંતુ સુજ્ઞ મનુષ્યો તેથી છેતરાતા નથી. હૃદયને હૃદય પારખે છે. દુષ્ટ મિત્ર અને સજ્જન મિત્રનો ભેદ પડ્યા વિના રહેતો નથી. શુદ્ધ બુદ્ધિવાળા અને અશુદ્ધ બુદ્ધિવાળા મિત્રોનાં આચરણો ઉઘાડાં પડે છે. જાળમાં પેસીને પાપ કરવામાં આવે તો પણ તે છાનું રહેતું નથી. દુષ્ટ મિત્રો ગમે તેવા ડાહ્યાડમરા કરે તો પણ તે તેમની ઈર્ષ્યાથી ખુલ્લા પડ્યા વિના રહેતા નથી. મિત્રની ઉન્નતિ જેઓ ખમી શકતા નથી તેઓ મિત્રપદને લાયક નથી પરંતુ શત્રુપદને લાયક છે. જ્ઞાની મૃદુમનુષ્યો, મિત્રોની ઉન્નતિ દેખીને હર્ષે છે, જ્ઞાની મિત્રો વિચારે છે કે મિત્રનો આત્મા તે મારો આત્મા છે. જે મિત્રની ઉન્નતિ છે તે મારી ઉન્નતિ છે પોતાની હલકાઈના ભોગે મિત્રનું સારું થતું હોય અને મિત્રની ઉન્નતિ, કીર્તિ, પ્રતિષ્ઠા થતી હોય તો પોતાની હલકાઈ કરીને પણ મિત્રનું સારું થાય એવી પ્રવૃત્તિ સેવે છે. પૂર્ણિમાના ચંદ્રની કળાઓ દેખીને સાગર, જોરથી ખીલે છે. મિત્રોની ઉન્નતિ થાય એમાં ઈર્ષ્યા કરવી એ મહાપાપ છે, એવું આત્મજ્ઞાનીઓ સમજે છે. ઉત્તમ મિત્રો તો શત્રુઓની સંપદાને દેખીને પણ હર્ષ ધારણ કરે છે તો મિત્રની ઉન્નતિમાં હર્ષોલ્લાસ ધારણ કરે એમાં તો શું કહેવું? ધરકડોની પેઠે ઈર્ષ્યાથી મિત્રનું અશુભ

ચાહનાર પોતેજ અંતે હલકો પડે છે, અને સજ્જન મિત્ર સુવર્ણ પેઠે જગતમાં કસાઇને સર્વત્ર માન, કીર્તિ, પ્રતિષ્ઠા પામે છે.

પ્રસંગ આવે મિત્ર પરખાય છે.

અવસર આવ્યા વણુ કદિ, મિત્ર નહીં પરખાય;
કાક પિક પરખાય છે, વસંત આવે ન્યાય. ૨

વિવેચનઃ—જેમ જેમ માણસને પરિચય વધતો જાય છે. વખતના વહન સાથે ગાઢ સંબંધ બંધાતો જાય છે. તેમ તેમ માણસના સ્વભાવની–તેની બુદ્ધિની–તેની સક્તિની કીંમત થાય છે. સમય સત્ય અને અસત્ય વસ્તુને જગતમાં પ્રકાશ્યા વગર રહેતો નથી તેથીજ સમયની બલિહારી ગણાય છે. વખત વીતતાં સારા સ્વભાવનું, ઉદાર દિલનું, નિઃસ્વાર્થ વૃત્તિનું, શુદ્ધ પ્રેમનું, નીચ સ્વભાવનું, કંજુસ મનનું, સ્વાર્થવૃત્તિયોનું અને અશુદ્ધ પ્રેમનું ભાન થાય છે સારી વા ખોટી લાગણીઓ પ્રમાણે મિત્રતા ઘટ્ટ થાય છે વા તુટે છે. જેવી રીતે વસંત ઋતુ આવતાં સ્વરથી કાગડાનું તથા કોયલનું ભાન થાય છે તેવી રીતે નીચ વા ઉંચ મિત્ર પ્રસંગે પ્રગટ થાય છે. જેવી રીતે અગ્નિથી સોનાની, સદાચરણથી સત્પુરૂષની, ભયથી શૂરાની, નાણાની ભીડમાં ધીર મનુષ્યની તેવીજ રીતે દુઃખ તથા ભયને વખતે મિત્રોની અને શત્રુઓની કીંમત સમજાય છે.

વિપત્તિયોના પ્રસંગોમાં મિત્રોની પરીક્ષા થાય છે. વસંત ઋતુમાં બન્ને વર્ણમાં શ્યામ રંગી એવા કાગડા અને કોયલની પરીક્ષા થાય છે. ગુરૂજી કથે છે કેઃ—

પ્રસંગ પડે પરખાયરે, કોણ પોતાનું ન્યારૂં;
સુવર્ણ કસોટી ઘસાયરે, ત્યારે પરખાય સારૂં. પ્રસંગ. ૧
મુખ મીઠાને વ્હાલે રાતા, બહુલા લોક જણાતા;
ડાકલ હુકીયા ધાલ ઘુસણિયા, લે ટપ્પુ બહુ થાતારે. કોણ. પ્ર. ૨
હૈયું નિજનું હાથ રહે નહીં, તુલ્ય જ સારૂં નઠારૂં;
રઘુના રોમ સમી નિજવૃત્તિ, ઓમે ન બંધ જણાતારે. કો. પ્ર. ૩

ખાંડ ઘણી મરી જાય વચનમાં, કરણીમાં અંધારૂં;
દાજ દાઝની શું ? ઉઘાળે, ભાગે રણથી લગારૂં રે. કોણ. પ્ર. ૪
કોટિ જન કરતાં એક સારો, પ્રાણ સમર્પણવાળો;
બકબક કરતાં કાંઇ વળે નહીં, કાર્ય કરે તે મૂછાળોરે. કો. પ્ર. ૫
બે ઇમાની લોક ઘણા જગ, પરખી લે જન મારૂં;
બુદ્ધિસાગર અવસર આવે, સમજાશે કોણ તારૂં રે. કોણ. પ્ર. ૬

કોઇ અયોગ્ય મિત્રોને યોગ્ય કહે અને યોગ્ય ને અયોગ્ય કહે તેથી શું ? પ્રસંગ પડે યોગ્ય અને અયોગ્યની પરીક્ષા થાય છે. સમુદ્ર અને નદી મૂતકને બહાર કાઢી દે છે તેની પેઠે મિત્રના સત્ય હૃદયથી અયોગ્ય મિત્રનો બહિષ્કાર થયા વિના રહેતો નથી. ઉપરના કાવ્યમાં જણાવ્યા પ્રમાણે પ્રસંગે મનુષ્યને સત્યનું ભાન થાય છે. અનેક સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી અને અનેક જ્ઞાની સત્પુરૂષોની સંમતિ કરવાથી સત્ય મિત્રની અને અસત્ય મિત્રની પરીક્ષા કરી શકાય છે. જે સત્યવાદી, પ્રમાણિક છે, સ્વાર્થી નથી, નીતિસર આજીવિકા માટે વ્યાપારાદિ કરે છે, જે કોઇના બુરામાં ઉભો રહેતો નથી, જે આત્મશક્તિની તુલના કરી શકે છે તથા વિવેકથી સત્ય અને અસત્યનો નિર્ણય કરી ન્યાય માર્ગમાં સંચરી શકે છે તે અવસર આવે મિત્ર ધર્મ બજાવવા શક્તિમાન્ થાય છે.

દરેક મનુષ્યે મિત્રો કરવા જોઇએ. કહ્યું છે કે—

मित्रवान् साधयत्यर्थान्, दुःसाध्यानपि वै यतः
तस्मान् मित्राणि कुर्वीत, समानान्यात्मनः खलु ॥
आपन्नाशाय विबुधैः कर्तव्या सुहृदोऽमलाः
नतरत्यापदः कश्चि, यो मित्रेण विवर्जितः ॥
कुर्वीत बहु मित्राणि, सबलान्यबलानि वा
गजराजो वने बद्धो, मूषकेण विमोचितः ॥
आपत्कालेऽपि संप्राप्ते, यन्मित्रं मित्रमेवतत्

वृद्धिकाले तु संप्राप्ते, दुर्जनोऽपिसुहृद्भवेत् ॥
त्यजेन्मालासमंमित्रं, त्यजेन् मित्रं तुलासमम्,
न त्यजेन्मेरुसदृशं, नदीतुल्यं च न त्यजेत् ॥
(सदयवत्सचरित्रे)

મિત્રો કરવાની ખાસ જરૂર છે, પરંતુ સબળ નિર્મળ ગુણી મિત્રો કરવા જોઇએ. મિત્રોનો સંબંધ જાળવવો જોઇએ. ગુણી મિત્રોની કદર કરીને તેઓ માટે આત્મભોગ આપવો જોઇએ. મિત્ર ધર્મના સંરક્ષણથી અન્યધર્મોની પ્રાપ્તિ કરી શકાય છે તથા પ્રભુ ભક્તિના પગથીએ પગ મૂકીને પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાની સર્વ શક્તિયોને મિત્ર વડે ખીલવી શકાય છે.

સરખા સરખાને મળે છે.

સજ્જનને સજ્જન મળે, દુર્જન દુર્જન મેળ;
હંસોને હંસો મળે, કાક કાકથી ખેલ. ૨

વિવેચનઃ—Like attracks like ના કુદરતી નિયમ પ્રમાણે સારા મનુષ્યોને સારા મનુષ્યોની સંગતિ થાય છે. તેઓના વાતાવરણો અને વિચારોપણ તેવાજ માલમ પડે છે તેવીજ રીતે દુર્જનોના મિત્રો, દુર્જનોજ માલમ પડે છે. જુગારીનો દોસ્તો જુગારી, વ્યસનીનો દોસ્ત વ્યસની, જ્ઞાનીનો દોસ્ત જ્ઞાની, અને યોગીઓના દોસ્ત યોગીઓ હોય છે. કારણ કે મનુષ્ય પોતાના સ્વભાવ પ્રમાણે સામો મનુષ્ય તેવા સ્વભાવવાળો મળે છે તો આનંદ પડે છે. કુદરતી રીતે તેવું મળે તેવા સંયોગો ઉત્પન્ન કરી એવી મૈત્રીને યોજે છે. સૃષ્ટિસૌંદર્યમાં હંસ હંસની સાથે અને કાગડા કાગડાની સાથે ખેલ ખેલતા દેખાય છે. કહેવત છે કે, જેસાને તેસા મળે. દુનિયામાં ચોર ચોરને, જુગારી જુગારીને, સાચો સાચાને, જુઠો જુઠાને, અફીણી અફીણીને, દારૂડીઆ દારૂડીઆને, કંજુસ કંજુસને, ઠગ ઠગને, અને દાતાર દાતારને સ્વલ્પ સમયમાં સ્નેહ બાંધી મળે છે.

સમાન વિચારો અને આચારો હોય ત્યાં પરસ્પર મેળ મળે છે. નાસ્તિકોની સાથે પ્રાયઃ નાસ્તિકોનો મેળ મળે છે.

ગંગાના કિનારે તપોવનમાં કોઈ ઋષિ તપ કરતા હતા. આશ્રમ પાસે કોઈ ઉંદરડી ફરતી હતી. તેને કાગડો આકાશમાં ઉપાડી જાતો હતો તેવા ઋષિના મનમાં દયા આવી તેથી કાગડાને પત્થર મારી ઉંદરડીને મુકાવી. ઋષિએ ઉંદરડીને પાણી છાંટી છોડી કરી તે વા વખતે લાયક થઈ. ઋષિએ સ્વયંવર કરવા માટે દેવતાઓને બોલાવ્યા. દેવો સર્વે આવ્યા. મહામંડપ બનાવ્યો. ઋષિએ સુર્યને વર કરવા માટે કહ્યું. ઉંદરડીને તે ગમ્યો નહીં, ચંદ્ર પણ ગમ્યો નહીં. બ્રહ્મા પણ ગમ્યા નહીં, વિષ્ણુ અને મહાદેવ પણ ગમ્યા નહીં. ઇંદ્ર, વરૂણ, કુબેર, યમ વગેરે પણ ગમ્યા નહીં. ગણપતિ પણ ગમ્યા નહીં પરંતુ ગણપતિના ઉંદર પર કોઈ પ્રેમ ગુપ્ત હતો, તેની સાથે ઉંદરડીનું મન મળ્યું અને તેને પતિ કર્યો, આ ઉપરથી સાર લેવાનો કે મળે છે કે સમાનપ્રકૃતિએ સખ્ય મિત્રતા થાય છે પરસ્પર મનુષ્યોના વિચારો અને પ્રવૃત્તિઓના મેળે પરસ્પર મેળ મળે છે અને જ્યારે વિચારો અને આચારોમાં પરિવર્તન થાય છે ત્યારે પૂર્વના વિચારોવાળા અને આચારોવાળાની સાથે પ્રકૃતિભેદે સખ્ય-મિત્રતા બનતી નથી. સજ્જન મિત્રોના સજ્જનની સાથે મેળ મળે છે, અને દુષ્ટ મિત્રોના દુષ્ટ વિચારો અને દુષ્ટાચારોની સાથે દુર્જન મિત્રોનો મેળ મળે છે. પશુઓમાં અને પક્ષીઓમાં પણ આ પ્રમાણે સખ્ય મેળ અનુભવવામાં આવે છે. જાતિ, વર્ણ, ધર્મ, ગુણ, કર્માનુસારે મનુષ્યોમાં પણ પરસ્પર સમાનતાએ મેળ મળે છે. બાળકોના મિત્રો ખરેખર બાળકો હોય છે. વૃદ્ધોના મિત્રો વૃદ્ધો હોય છે પરસ્પર ધર્મભેદ હોય છે અને મનુષ્યો પરસ્પર ભિન્નભિન્ન ધર્મના ઉત્કટ અભિમાની હોય છે તેમાં મિત્રતા થતી નથી. તેમ છતાં, ભિન્નરુચિર્હિ લોકઃ ભિન્નરુચિ લોક છે. એ નિયમને અનુસરી અપવાદ નિયમ પણ દેખવામાં આવે છે. દુર્જન મિત્રોને સજ્જન કરવાની આત્મામાં શક્તિ પ્રકટી હોય તો દુર્જનોને સુધારવા, તેઓની સંગતિ કરવી. લોહચુંબક લોઢાના

ઘેર ગમન કરીને વેશ્યાને પ્રતિબોધ આપી ધર્મિણી બનાવી હતી. મહાવીર પ્રભુએ લાખો અધર્મી મનુષ્યોને બોધ આપી ધર્મી બનાવ્યા હતા. સ્થૂલભદ્ર મુનિએ વેશ્યાને ત્યાં ચાર માસ રહી તેને ધર્મિણી બનાવી હતી. દુર્ગુણીઓની શક્તિ કરતાં પોતાની આત્મશક્તિ વિશેષ વધી હોય તો રજોગુણી તમોગુણી મનુષ્યોને સત્વગુણી બનાવી મિત્રીભાવે ઐક્ય કરી શકાય છે.

મુખમધુર લાલચુ મિત્રો પણ હોય છે.

મુખ માખણીઆ લાલચુ, હાજી હા કરનાર;
અધમ મિત્રનો શકરો, કાટયો જગ નિર્ધાર. ૨૬

વિવેચન—જગતમાં એવા હજારો મનુષ્યો નજરે પડે છે કે જે મુખે મીઠું મીઠું બોલે છે. તેઓની રીતિ ખુશામત કરનાર જેવી હોય છે, તેઓ મીઠું બોલી સ્વાર્થ સાધવા ઉપર ઉપરનો મનનો હેત કરી મનને હરી લે છે અને સ્વાર્થ સાધે છે, એવા હજારો બકો ઠગ મનુષ્યો માલુમ પડે છે, કે જેઓ પોતાના વિચારોની સ્વાર્થ [illegible] નાશ કરી પરતંત્ર બની સ્વાર્થ સાધુઓ બનેલા હોય છે.

મુખ માખણીઆ, લાલચુ અને હાજી હા કરનારા મિત્રો [illegible] સ્વાર્થ સાધક અને પરના વિચારોના ગુલામો બનેલા હોય છે. મુખ માખણીઆ મિત્રો પોતાના મિત્રને સત્યપ્રવૃત્તિમાં જોડવાને શક્તિમાન્ થતા નથી. જેઓ મિત્રની આગળ સત્ય હૃદય વિચારોને પ્રકાશમાં મૂકે છે તે મિત્રો થવાને લાયક નથી. એક બીજાને સત્ય માર્ગે લઈ જવા માટે મિત્ર થવાની જરૂર છે. જો એ કર્તવ્ય સિદ્ધ ન થયું તો મિત્રતા નામની જ સમજવી. પોતાનો મિત્ર પોતાની [illegible] કરે અને તેથી પોતાને હાનિ થતી હોય તો તેની [illegible] કરવી નહીં પરંતુ સ્થિતિને સત્ય માર્ગે [illegible]. પોતાનો મિત્ર [illegible] હોય વા [illegible] હોય [illegible] [illegible] [illegible] [illegible] નહીં. [illegible] કે તેની [illegible] [illegible] [illegible] તેની જે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને

અને પ્રભુના દરબારમાં તેને નીચું ઘાલવું પડે છે. સ્વમિત્રોની આગળ કદાપિ અસત્ય ભાષણ ન કરવું જોઇએ. જે મનુષ્યો લાલચુ હોય છે તે મિત્રોની આગળ અસત્ય ભાષણ કરી યેન કેન પ્રકારેણ પોતાનો સ્વાર્થ સાધે છે. લાલચને કચરી નાખી મિત્રોને સત્ય વિચારો જણાવવા જોઇએ. પેસાદાર ગૃહસ્થ અને સત્તાધિકારી મિત્રોની આગળ કે અન્ય મિત્રોની આગળ સમજ્યા વિના વા લાલચથી હાજી હા કરવાથી પોતે એક નોકર અને પશુ કરતાં પણ હલકા જીવનવાળો મિત્ર બને છે તેનો ખ્યાલ કરવો જોઇએ. હાલ દુનિયામાં અજ્ઞાન, સ્વાર્થ, લોભ, વિષય તૃષ્ણા, અધર્મ, અન્યાય, મોહ વગેરેનું અત્યંત જોર થયું છે તેથી રજોગુણી અને તમોગુણી મનુષ્યો ધર્મનું સ્વરૂપ સમજ્યા વિના અપ્રમાણિકપણે જીવન ગાળે છે. મોટા ભાગે એવા અધમ મિત્રોનો રાફડો ફાટેલો હોય એમ જણાય છે. રાફડામાંથી નીકળેલ સર્પો જેમ દુનિયામાં ત્રાસ વર્તાવે છે તેમ અધમ મિત્રો પણ દુનિયામાં ત્રાસ વર્તાવે છે. અધમ મિત્રો હજી મનુષ્ય થવાને લાયક નથી તો તે મિત્ર તો ક્યાંથી બની શકે? રજોગુણ અને તમોગુણના તાબે થઈ જેઓને મિત્રો માન્યા હોય તેઓનું પણ જે નિકંદન કરનારા હોય તેઓ સર્પની પેઠે ભયંકર હોય છે. અધમ મિત્રોનું ઉપર પ્રમાણે સ્વરૂપ જાણીને અધમતાનો ત્યાગ કરવો જોઇએ. પોતે મનુષ્ય છે એમ મનુષ્યે સમજવું જોઇએ. પોતાના હૃદયમાં આત્મપ્રભુનો વાસ છે. જ્યાં સુધી પોતાના માટે હૃદય પણ સાક્ષી પૂરી શકતું નથી ત્યાં સુધી અન્યોની સારી સાક્ષીઓ મળે તેથી પોતાને અંશ માત્ર પણ ફાયદો નથી એવું સમજીને આત્માની સાક્ષી મળે ત્યાં સુધી સદ્ગુરુઓને સેવતા રહેવું જોઇએ. પોતાનામાં અધમતા હોય ત્યાં સુધી અન્યોના મિત્રો બની તેઓના વિચારો પર અને આચારો પર છુરી મૂકવા મિત્ર ન બનવું જોઇએ.

અશુભ મિત્રનું સ્વરૂપ જણાવે છે.

મનના મેલા મોંજીલા, ભલું નહીં કરનાર;
ચાડી ખાનારા અરે, મિત્ર નહીં કેનાર. ૬૭

વિવેચનઃ—જે લોકોનું હૃદય પાપથી ભરેલું છે, જેઓના મનમાં, કૂડ કપટ અને કાવતરાંના વિચારો આવ્યા કરે છે, જે લોકો એશઆરામમાં ચકચૂર હોય છે અને પારકાનું ભલું નહિ કરનારી વૃત્તિના હોય છે તેવા મનુષ્યોથી દૂર રહેવું સુખકર છે. તેવા મનુષ્યો લલચાવી પટાવી, ફોસલાવી ખાઈ જનારા હોય છે, અને જીંદગીમાં સ્વાર્થ સાધવો એજ તેઓને મુખ્યોદ્દેશ હોય છે તેથી તેઓ મિત્રના નામના બ્હાને અન્યોને ઠગનારા હોય છે. મનના મેંલા મનુષ્યો મિત્ર બનીને મિત્રના હૃદયનો ઘાત કરે છે. મિત્રથી જે મનમાં છાનું નહીં રાખવા જેવું પણ જે છાનું રાખતો હોય છે અને અન્તરમાં મિત્રનો ઘાત કરવા વિચાર રાખતો હોય છે તે મનનો મેલો કહેવાય છે. મિત્રની સાથે મેંલ રાખીને વાત કરનાર તેમ ગંભીર નહિ છતાં જે ધેરે મનુષ્ય હોય છે તે મિત્ર કરવા લાયક નથી. મિત્ર બનીને મિત્રની સારી નઠારી સર્વ બાબતોથી વાકેફ થઈને પશ્ચાત્ મિત્રનું કાટલું કાઢનાર મનનો મેલો મિત્ર ગણાય છે. મિત્રના મનની સર્વ વાતોને જાણી લે અને પોતાની એક પણ ખાનગી વાતને બહાર ન કાઢે તેમ છતાં તે અવસર આવે મિત્રનાં રહસ્યોનો ઘાત કરવાનો વિચાર રાખનાર હોય છે તે મનનો મેંલો ગણાય છે. જે મિત્રો પરમાર્થ જીવન ગાળનારા હોય છે તેઓ મોજમઝામાં મસ્ત થતા નથી. મોજમઝામાં મસ્ત બનેલા મનુષ્યો ચેતનના પૂજારી નથી પણ વિષયના પૂજારી છે. વિષયના પૂજારીઓને મિત્રોના આત્માઓની કિંમત નથી. વિષયના જડ પૂજારીઓ દેહ અને મનનું પોષણ કરનારા છે પણ આત્માના ગુણોનું પોષણ કરનારા બનતા નથી. મોજમઝામાં મસ્ત બનેલાઓ દુઃખીઓના દુઃખોમાં ભાગ લેઈ શકતા નથી. તેમજ સ્વમિત્રોના દુઃખોમાં ભાગ લેઈ શકતા નથી. મોંજીલા મિત્રો કુટુંબીજનોની, જ્ઞાતિજનોની અને શુભચિંતકજનોની શી અવસ્થા છે? અને તેના પ્રતિ આપણું શું કર્તવ્ય છે? તેનો વિચાર કરી શકતા નથી. મોંજીલા મનુષ્યો, મિત્રો માટે અનેક વિપત્તિયોને સહી શકતા નથી. જે જ્ઞાન દશા પામીને કર્મયોગીઓ થયા છે, તેઓ મોંજમઝાને લાત

કરે તો અને સ્વાર્પણ કાર્યોમાં લીન થાય છે. મિત્રોએ મિત્રોની રક્ષા મદદ કરતાં એમ ચિંતવવું કે હે આત્મન્!!! ત્યારે મિત્રોની રક્ષા મદદ કરવાનો અધિકાર છે, પરંતુ તેથી શું ફલ થયો તે જોવાનો નથી. મિત્રોનાં કાર્યો કરવામાં અહંવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ, મોટાઈની વૃત્તિનો નાશ કર્યા વિના મિત્રોનાં કર્તવ્યોને કરી શકાતાં નથી. તેમજ દુનિયામાં પોતાના આત્માવડે અન્ય કર્તવ્યકાર્યોમાં ભાગ લેઈ શકાતો નથી. માટે મોટાઈવૃત્તિનો ત્યાગ કરવાની જરૂર છે. મોટાઈવૃત્તિવાળાઓ શરીર અને ઇન્દ્રિયોના પૂજારી છે. પરંતુ આત્મા અને વિશ્વજીવોના પૂજારી બનતા નથી. પ્રત્યેક મનુષ્યે માનસિક, વાચિક, કાયિક અને આત્મિકશક્તિયોને ખીલવવી જોઈએ, પરસ્પર મિત્રો બનનારાઓએ એક બીજાની શક્તિયો ખીલવવામાં સહાયકો બનવું જોઈએ, મનનો <u>ખોરાક વિચાર છે, આત્માનો ખોરાક જ્ઞાન છે, ઇન્દ્રિયનો ખોરાક વિષયો છે અને કાયાનો</u> અન્ન, હવા, ઇત્યાદિ છે. મોજીલા મનુષ્યો કાયા, મન, વાણી, ઇન્દ્રિયો અને આત્માને જે યોગ્ય ખોરાક છે તેને પૂરો પાડતા નથી અને ઉલટું વિષ સેવીને શારીરિક વીર્ય, ઇન્દ્રિયશક્તિ અને વાચિકશક્તિયોનો નાશ કરે છે તેથી તેઓ અન્ય મનુષ્યોનું, મિત્રોનું જીવોનું શ્રેય કરવા ક્યાંથી આત્માર્પણ કરી શકે વારૂ? અલબત્ત! આત્માર્પણ કરી શકતા નથી. સુમિત્રો પોતાના મિત્રોને અને વિશ્વજીવોને કાયા, મન, વાણી અને આત્માનો ખોરાક પૂરો પાડે છે તેથી તેઓ મોજીલા બનતા નથી. મોજીલા, અન્યનું શ્રેયઃ નહીં કરનાર અને મિત્રોનું ઇચ્છીને ખાઈ જનાર મિત્રોએ પોતાની અધમતાનો ત્યાગ કરવો જોઈએ. જ્યાં સુધી પોતાનામાં દુર્ગુણ છે ત્યાં સુધી મનુષ્ય મિત્ર બનવાનો અધિકારી થયો નથી. પોતાના આત્મવત્ સર્વ જીવો લાગે છે અને સ્વની પેઠે મિત્રોની સાથે વર્તવામાં આવે છે ત્યારે મિત્રોની સાથે મિત્રતા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

દુર્જન મિત્ર નથી તે પ્રકના દૃષ્ટાંતથી જણાવે છે.

કોટી ઉપાયે કાગડો, હંસ નહીં થાનાર;
દુર્જન મિત્ર ન સંપજે, ભાખ્યો નરને નાર. ૩૧

વિવેચનઃ—જેવી રીતે કાગડાને સુધારવા હજારો ઉપાયો યોજતાં છતાં કાગડો તે કાગડો રહેવાનો તે નિઃસંશય છે. તે કોઈ પણ દિવસ હંસ બનતો નથી. તે પ્રમાણે દુર્જન મનુષ્યો સજ્જનની સોબતથી પણ દુર્જન રહે છે. માટે હે ચતુરમનુષ્યો ! આવા દુર્જન મનુષ્યો સાથે કદાપિ મૈત્રી કરશો નહીં.

દુર્જનની ટેવ જો સજ્જડ પડી ગઇ હોય છે તો તે સુધરતી નથી. દુર્જન મિત્રો સજ્જન થએલા દેખાય તોપણ તેઓના પર એકદમ વિશ્વાસ કરવો નહીં. દુર્જન મિત્રો તો કોઇ વખત સજ્જન મિત્રો કરતાં વિશેષ પ્રેમવાળા દેખાય છે, પરંતુ પરીક્ષાની કોટિમાં પસાર થયા વિના અને ઘણા વર્ષનો અનુભવ લીધા વિના એકદમ તેઓ વિશ્વાસ કરવા યોગ્ય નથી. દુષ્ટ વ્યભિચારી, જુગારી, નિર્લજ્જ મનુષ્યોમાં કોઇ વખતે મોટા ભાગમાં દુર્જનતા હોય છે, પ્રતિસ્પર્ધીઓમાં પણ કોઇ વખતે વિશેષ દુર્જનતા હોય છે. રાજાઓમાં, શ્રેષ્ઠીઓમાં, સત્તાધિકારીઓમાં, વિદ્વાનોમાં અને સાધુવેષધારકોમાં પ્રતિસ્પર્ધાદિ કારણોથી દુર્જનતાનો વાસ થાય છે, અને કોઇ વખત ચંડાળ જાતિમાં જન્મેલાઓમાં પણ સજ્જનતા હોય છે, તેથી અમુક વર્ણમાં દુર્જન હોય અને અમુક વર્ણમાં સજ્જન મનુષ્યો થાય છે તેવો કંઈ નિયમ બંધાતો નથી. જેના હૃદયમાં દુર્બુદ્ધિ હોય છે તે દુર્જન છે અને જેના હૃદયમાં સુબુદ્ધિ છે તે સુજન છે. દુર્જન મનુષ્યોના લક્ષણો નીચે પ્રમાણે શાસ્ત્રોમાં વર્ણવ્યાં છે.

खलः सर्षपमात्राणि । परच्छिद्राणि पश्यति ।
आत्मनो बिल्वमात्राणि. पश्यन्नपि न पश्यति ॥
न विना परवादेन । रमते दुर्जनो जनः ।
काकः सर्वरसान् भुङ्क्ते विना मेध्यं न तृप्यति ॥
उपकारोऽपि नीचाना । मपकारो हि जायते ।
पयःपानं भुजंगानां, केवलं विषवर्धनम् ॥

स्वभावकाठिनस्यास्य, कृत्रिमां बिभ्रतोनतिं ।
गुणोऽपि परहिंसायै । चापस्य च खलस्य च ॥
वर्जनीयो मतिमता । दुर्जनः सख्यवैरयोः ।
श्वा भवत्यपकाराय । लिहन्नपि दशन्नपि ॥
सर्पदुर्जनयोर्मध्ये, वरं सर्पो न दुर्जनः ।
सर्पो दशति कालेन । दुर्जनस्तु पदे पदे ॥
दुर्जनेनसमंसख्यं, प्रीतिंचापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः, शीतः कृष्णायते करम् ॥

દુર્જન મનુષ્યો મોહનીય કર્મ બાંધીને અનેક અવતારો કરે છે. ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, નિંદા, આળ, ચાડી, કલેશ વગેરે દોષોનો ત્યાગ કરવાથી અને અહંમમતાની વૃત્તિનો ક્ષય કરી સાત્વિકબુદ્ધિ અને સાત્વિક કર્મોને કરવાથી દુર્જનતાનો નાશ થાય છે અને સજ્જનતાનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે. દુર્જનવૃત્તિનો એકદમ નાશ થતો નથી. સજ્જન પુરૂષોની સંગતિથી દુર્જનોમાં—જેમ નદીમાં કાલાંતરે પાષાણ ગોળ[illegible] છે તેમ—સજ્જનતા આવે છે. માટે સજ્જનની મિત્રતા કરવા યોગ્ય છે એમ અત્ર હિતશિક્ષા જાણવી.

કાકની સંગથી હંસ મિત્રની થએલ મૃત્યુ દશાને જણાવે છે.

કાક સંગથી હંસલો, બાણે તુર્ત હણાય;
નીચમિત્રને જે કરે. તે જન દુઃખી થાય. ૩૨

વિવેચનઃ—હંસ જેવું ઉત્તમ પ્રાણી જ્યારે કાગડાની સોબતમાં આવે છે ત્યારે પારધીના બાણેકરી હણાય છે. કારણ કે કાગડો ઘણો ચતુર હોય છે અને હંસ તો અતિ નિર્મળ પ્રાણી છે. છળ કપટ તે સમજતો નથી. માટે પારધી જ્યારે બાણ તાકે છે, ત્યારે કાગડો ચેતીને ઝટ રસ્તો માપી જાય છે. પરિણામે બિચારા હંસને મૃત્યુવશ થવું પડે છે. એવીજ રીતે જે કોઇ નીચ મનુષ્યની સંગતિ

કરે છે, તે લોકો દુખી થયા વગર રહેતાજ નથી. આ ઉપરથી સાર માત્ર એ લેવાનો છે કે સદ્વર્તનશાળી મનુષ્યની મિત્રતા, કોઈ પ્રકારે તૂટે તોપણ પરિણામે બુરૂ થતું નથી, પણ અસદ્વર્તનશાળી મનુષ્યોની સાથે મિત્રાઇ થઈ હોય તોપણ હરકત છે, અને ત્રુટે તોપણ હરકત છે. જેવી રીતે મલયાગિરિ, ચંદન જેવા ઉચ્ચ ગુણી મિત્ર સાથે બંધાયેલી મિત્રતા, કારણ પ્રસંગે ત્રુટયા પછી પોતાના મિત્રનું કોઈ કાળે પણ ભુંડું ઇચ્છતો નથી, એ તેનો જેમ સ્વભાવ છે, તેવીજ રીતે શ્વાન જેવા નીચ મિત્ર સાથે મિત્રાચારીમાં નીચેની કહેવત પ્રમાણે હરકત રહેલી હોય છે.

સોબત કીજે શ્વાનકી, દો બાતોંકા દુઃખ;
ખીજત કાટત પાંઉ, રીઝત ચાટત મુખ.

અત્ર કથ્યસાર એ છે કે દુર્ગુણોથી જે નીચ બનેલા છે. તેઓની મૈત્રીથી સુખ શાન્તિ મળતી નથી. પ્રેમીનો તિરસ્કાર કરવાથી પ્રેમ ત્રુટે છે તે પશ્ચાત્ કોઈ રીતે સંધાતો નથી. કહ્યું છે કેઃ-

अवज्ञात्रुटितं प्रेम, नवीकर्तुं क ईश्वरः ।
संधिं न याति स्फुटितं, लाक्षालेपेन मौक्तिकम् ॥

માટે સુજ્ઞોએ પ્રેમી મિત્રોની કદાપિ અવજ્ઞા કરવી નહીં. નીચ મિત્રો હોય છે તેજ મિત્રોનો તિરસ્કાર કરે છે. જ્યાં મૈત્રી રાખવી હોય ત્યાં વાદ, અર્થ સંબંધ અને મિત્ર સ્રીથી એકાંતમાં સંભાષણ એ ત્રણ વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ કહ્યું છે કેઃ-

इच्छेचेद्विपुलां मैत्रीं । त्रीणि तत्र न कारयेत् ।
वाग्वादमर्थसम्बन्धं, तत्पत्नी परिभाषणम् ॥

એક મિત્રે અન્ય મનુષ્યની સાથે મૈત્રી કરી પરંતુ તે નીચ હતો તેથી તેણે તેને વિશ્વાસ પમાડી છેતર્યો. તેનાં ઘરબાર વેચાયાં

અને તેને શીખ મળવી કઠીન. આ ઉપરથી સમજવાનું કે નીચ મિત્રો પોતાના સ્વાર્થ ખાતર બીજાની આગળ જુઠી વાતો કરીને વેરાગ્ય કરાવે છે. અને મુનિને અપકિર્તિ કરાવે છે. તેઓ દુખ્યારાનું ઘર ફાડે છે, મિત્રોને શોચનીય થાય છે, માટે મનુષ્યોએ દુર્બુદ્ધિ નીચ મિત્રો ન કરવા જોઈએ.

મૂર્ખની મિત્રતા કરવી સારી નથી.

કદી ન મૂર્ખની મિત્રતા, થાય કુસ્વેતી ખુબ;
થાય અંગમાં ચળ બહુ, રોનાં કૈવચ તુંબ. ૩૩

વિવેચન—મૂર્ખ મનુષ્યની મિત્રતા કદાપિ કાળે કરી હોય તો નહિ. મૂર્ખ મનુષ્યોમાં વિવેકની ખામી હોય છે. તેમનામાં વસ્તુને પરખી શકતા નથી, તેથી સામા મનુષ્યનું હૃદય પ્રથમથી ઉઘાડું જાય છે કે કપટથી છવાઈ જાય છે તે પેલા જાણી શકતા નથી. આ રીતે મૂર્ખ મિત્રો પોતાના સજ્જન મિત્રની કિંમત સમજી શકતા નથી મિત્રની ન કરેલ. તેની આબરૂને પણ ધોકામાં પ્રકાશ કરે છે, અને તેથી પોતાના સજ્જન મિત્રની કુસ્વેતી અન્ય પુરૂષોમાં આપોઆપ થઈ જાય છે. આ રીતે સજ્જનમિત્રો મૂર્ખમિત્રોના પ્રસંગમાં આ રીતે કુસ્વેતીને પાત્ર થાય છે. જેવી રીતે કોઈ મનુષ્ય કૈવચની તુંબ પકડે તો પરિણામે તેના શરીરમાં ખુજલી પેદા થાય છે, તેવીજ રીતે મૂર્ખ મનુષ્યના સંબંધમાં સજ્જનપુરૂષો માટે દુઃખ નિર્માણ થએલું સમજવું. વનમાં વાસ કરવો સારો પરંતુ મૂર્ખની સાથે મિત્રતા કરવી સારી નહીં. ભણવાના અભ્યાસ આગળથી વા પુસ્તકની ટાપટીપ આગળથી મૂર્ખતાનો નાશ થતો નથી ભણેલાઓ પણ મૂર્ખ હોય છે અને અભણેલાઓ પણ મૂર્ખ હોય છે. ૧ પ્રસંગ વિના બોલે તે મૂર્ખ. ૨ વિના વિચારે બોલે વા કાર્ય કરે તે મૂર્ખ. ૩ હિતાહિત જાણ્યા વિના પ્રવૃત્તિ કરે તે મૂર્ખ. ૪ શત્રુ મિત્રની પરીક્ષા ન કરી શકે તે મૂર્ખ. ૫ અવસરે શું કરવું વા ન કરવું તે ન જાણે તે મૂર્ખ. ૬ યોગ્યની અને અયોગ્યની પરીક્ષા ન કરે તે મૂર્ખ. ૭ અવસર ન પારખે તે મૂર્ખ. ૮ કુટુંબીજન મિત્ર વગેરેની સ્થિતિ ન પારખે તે

મૂર્ખ. ૯ ગમ ખાવા વખતે ધમધમા કરી મૂકે તે મૂર્ખ. ૧૦ શક્તિ સાહાય્યની તુલના કર્યા વિના પ્રવૃત્તિ કરે તે મૂર્ખ. ૧૧ આવક કરતાં વિશેષ ખર્ચ કરે તે મૂર્ખ. ૧૨ સત્ય જાણ્યા છતાં કદાગ્રહ કરે તે મૂર્ખ. ૧૩ ગુરૂજનોનો વિનય ન કરે તે મૂર્ખ. ૧૪ ઉપકારીનો ઉપકાર ન જાણે તે મૂર્ખ ૧૫ નરની સાથે કેવી રીતે વર્તવું તે ન જાણે તે મૂર્ખ. ૧૬ વિવાદની વર્શી કરે તે મૂર્ખ. ૧૭ રંગ વખતે ભંગ કરે તે મૂર્ખ. ૧૮ પોતાનું અને પારકું ન જાણે તે મૂર્ખ. ૧૯ અન્ય મનુષ્યોની ચેષ્ટાઓથી તેઓના વિચારોને ન પારખે તે મૂર્ખ. ૨૦ ભણ્યા છતાં ગણતા ન શિખે તે મૂર્ખ. ૨૧ સભ્યમનુષ્યોની સભામાં પ્રસંગ વિના બોલે તે મૂર્ખ. ૨૨ જ્ઞાની અને અજ્ઞાનીને ન પારખી શકે તે મૂર્ખ. ૨૩ ધર્મ અને અધર્મને ન પારખે તે મૂર્ખ. ૨૪ બેસતાં ઉઠતાં વિવેક ન રાખે તે મૂર્ખ. ૨૫ ખાતા પીતાં વિવેક ન રાખે તે મૂર્ખ. ૨૬ વ્યવહારોચિતદક્ષતા ન જાળવે તે મૂર્ખ. ૨૭ દાંતો દેખાડી હસે તે મૂર્ખ. ૨૮ મોટાઓની શિખામણને ન માને તે મૂર્ખ. ૨૯ વાનર ચેષ્ટા કરે તે મૂર્ખ. ૩૦ સમજ્યા વિના ડહાપણ કરે તે મૂર્ખ. ૩૧ હિતસ્વીઓના સામો થાય તે મૂર્ખ. ૩૨ નમ્રતા વખતે વક્રતા ધારે તે મૂર્ખ. ૩૩ મનની તુચ્છતાને દેખાડે તે મૂર્ખ. ઈત્યાદિ સેંકડો હજારો મૂર્ખજનોનાં અપલક્ષણો છે તેને સમજીને મૂર્ખની સાથે મૈત્રી ન બાંધવી.

મૂઢ મનુષ્ય મિત્ર બની શકતો નથી.

મૂઢ મિત્ર ના હોય છે, હોય ન નૃપતિ મિત્ર;
દુર્જન સંત ન હોય છે, ગુદા ન હોય પવિત્ર. ૩૪

વિવેચનઃ—મૂઢ મનુષ્ય મિત્ર થવાને લાયક ગણાતો નથી, કારણ-કે પોતાની મૂઢતાને લીધે મિત્રની કીર્તિને બટ્ટો લગાડ્યા વગર હેતો નથી. વળી રાજા પણ મિત્ર થવાને લાયક ગણાતો નથી. કહેવત છે, “ રાજા, વાજા ને વાંદરાં ” એ ત્રણે સરખા હોય છે. રાજાપતિ હમેશા કાનનો કાચો હોય છે, અને કોઈ પણ માણસના ભરમાવ્યાથી ભરમાઈ જાય છે. આથી તેના સંબંધીઓને કોઈ વખત જીવનું જો

ખમ ખમવું પડે છે. જગત્માં મોટાઓના સંબંધમાં રહેલા મનુષ્યો માટે ફાંસ મારનારા ઘણા હોય છે, અને તેઓ નિષ્કલંકી મનુષ્યપર આળ ચઢાવવા લેશ માત્ર કચાશ રાખતા નથી. વળી જે મનુષ્યનાં લક્ષણો દુર્જન મનુષ્ય જેવાં હોય છે, તે કોઈ પણ કાળે સજ્જન પુરૂષનો પાઠ ભજવી શકતો નથી. જેમ ડુંગળીને દાટવાથી પણ દુર્ગંધ મટવી નથી. તેમ દુર્જન મનુષ્ય કોઇ કાળે સજ્જન બનતો નથી. આજ રીતે ગુદાને હજારો વખત સ્વચ્છ કરવામાં આવે છે પણ તે જેમ અપવિત્ર લેખાય છે, તે પ્રમાણે દુર્જન તે દુર્જનજ રહે છે. મરણાન્તે પણ સજ્જન થવાનો નથી. તેમની પ્રાણ અને પ્રકૃતિ સાથેજ જવાની. માટે તેવા મનુષ્યોથી દૂર રહેવું સુખકર છે.

મૂઢ મનુષ્યમાં અલ્પબુદ્ધિ અને અત્યન્તમોહ હોય છે. મૂઢ મનુષ્યમાં વિવેકબુદ્ધિની ખામી હોય છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા. આ ચાર સંજ્ઞાથી પશુ કરતાં વિશેષ બુદ્ધિનો ધારક મૂઢ મનુષ્ય હોતો નથી, લક્ષાધિપતિ હોવા છતાં અને રાજા હોવા છતા પણ મૂઢ મનુષ્ય પરખાયા વિના રહેતો નથી.

" પુરી એક અંધેરીને, ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા;
બધી વસ્તુ વેચાય ત્યાં ભાવ એકે, કદિ સારી બૂરી ન વેચે વિવેકે."

ની કવિતામાં કથ્યા પ્રમાણે મૂઢમનુષ્યોની બુદ્ધિદ્વારા પરીક્ષા થાય છે. શ્રી શિવાજીના ગુરૂ રામદાસ સ્વામીએ દાસબોધ નામના ગ્રંથમાં મૂઢ મનુષ્યોનાં લક્ષણોનું સારી રીતે વર્ણન કર્યું છે, માટે વિશેષ જિજ્ઞાસુએ તે પુસ્તક વાંચવું. મૂઢ મનુષ્યોને આત્મા અને અનાત્મતત્ત્વનું જ્ઞાન હોતું નથી. મૂઢ મનુષ્યો અહંમમત્વમાં રાચી માચીને રહે છે. દેશધર્મ, રાજ્યધર્મ, અને નીતિધર્મના વાસ્તવિક સ્વરૂપને અને મિત્રધર્મના ઉચ્ચસ્વરૂપને મૂઢ મનુષ્યો લહી શકતા નથી, તેથી મૂઢજનો ખરેખર મૈત્રીધર્મને પાળવા શક્તિમાન્ થતા નથી. જેને મિત્રધર્મનું સંપૂર્ણજ્ઞાન છે, અનેક પ્રકારના

મિત્રોના ભેદોને જે જાણી શકે છે અને મિત્રધર્મ પાળવા જે યોગ્ય છે તે મિત્ર થવાને યોગ્ય છે. જેમ મૂઢ મનુષ્ય મિત્ર થવાને યોગ્ય નથી, તેમ રાજા મિત્ર થવાને યોગ્ય નથી. કોઇ ઠેકાણે તો એ જણાવ્યું છે કે, મિત્ર થવાને ભૂપતિ અને યતિ બે લાયક एकं मित्रं भूपतिर्वा यतिर्वा, एका भार्या सुन्दरी वा दरीवा. રાજા સર્વે એક સરખા હોતા નથી તેથી સુજ્ઞ પ્રમાણિક રાજાએ મિત્રથવાને તો પૂરેપૂરી યોગ્યતા છે. યતિ, સન્ત, સાધુ તો વિશ્વમાં સર્વ જીવોના મિત્ર છે. મિત્રતાની ઉત્પત્તિ કરનારા ધુઓ, યતિયો છે. મૈત્રીને આચારમાં મૂકીને વિશ્વજીવોને મૈત્રી પાઠ ભણાવનારા મુનિયોની જેટલી પૂજ્યતા કહીએ તેટલી ન્યૂન ખામેમિ सव्वजीवे सव्वे जीवा खमंतु मे । मित्तीमे सव्वजीवेसु । मज्झं न केणइ ॥ ઇત્યાદિ સૂત્રોના ઉત્પાદકો મુનિયો છે. વિશ્વજીવો ભાવ મિત્રો તરીકે યતિયો છે, તેથી તેમના સમાગમમાં આવનારા જારો દુર્જનો પણ સુધરી જાય છે, અને સજ્જનો બને છે. કેટલા દુર્જનો એવા હોય છે કે તે દુર્ભવ્ય અને અભવ્ય હોવાથી સાધુઓ સમાગમમાં આવ્યા છતાં તેઓનો મોહ નષ્ટ થતો નથી, તેએ આસુરીવૃત્તિયોનો ત્યાગ કરી શકતા નથી. આ સંબંધી વિશે વિચાર તો ગુરૂગમથી લેવા યોગ્ય છે. ન્હાના મુખે મોટી સિદ્ધાંત જેવી વાત કરવાને હું લાયક નથી. તેથી આ સંબધી વિશેષ સ્વરૂ મહા જ્ઞાની ગુરૂ પાસેથી અનુભવવું. અત્ર કથ્યસાર એ છે કે મૂ મનુષ્યો મિત્ર થવા યોગ્ય અધિકારી નથી.

કોનાથી મૈત્રી કરતાં ચેતતા રહેવું જોઇએ તે જણાવે છે.

અન્ધા લૂલા કાણીઆ, અપલક્ષણ ભંડાર;
મિત્ર કરતાં ચેતજો, નિર્દય જન અવતાર. ૩૫

વિવેચનઃ—જે મનુષ્ય ચક્ષુએ અંધ હોય છે, વળી જે પગે લૂલા હોય છે અને જે એક આંખે બાડો હોય છે વા કાણો હોય છે એવા ત્રણે મનુષ્યોનો પ્રાયઃ વિશ્વાસ રાખવો નહિ. કહેવત છે કે

પોક તેની એક નહિ. માટે એવા મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ. એક દોહરો છે કેઃ—

ઉત્તર દેખા, દક્ષિણ દેખા, દેખા મૂલક સાલેકા;
તીન જનકી સોબત મત કરના, અપે હુવે ચોર સાલેકા.

જગત્‌માં તેવા મનુષ્યોનાં કપટ ભાવથી ભરેલાં કર્તવ્યો હોય છે, અને કોઈ પણ કાર્ય પ્રસંગે પોતાની જાત બતાવ્યા વગર રહેતા નથી. પોતાના અલ્પ સ્વાર્થ ખાતર પારકાનું હજારગણું બુરૂં થતું હોય તો તેની તેઓ લેશ માત્ર દરકાર રાખતા નથી. પોતાના ઉપર થયેલા ઉપકારને પણ ભૂલી જાય તેઓ પોતાના નિર્દય કૃત્યોને જારી રાખવાવાળા હોય છે. માટે તેઓની સંગતિથી દૂર રહેવું તેજ ઘણું સુખપ્રદ છે.

અન્ધા, લુલા અને કાણીયા મનુષ્યો કંઇ સર્વે અપલક્ષણના અંદર હોય એવો નિયમ નથી. અન્ધા, લુલા અને કાણા એમાંનો મોટા ભાગ અપલક્ષણીયો કહેવાય છે, તેને અનુસરીને ગુરૂજીએ દુહામાં તેઓની મિત્રતાનો નિષેધ કર્યો છે; પરંતુ તેઓની મિત્રતાનો સર્વથા નિષેધ કરવાનો તેમનો આશય જણાતો નથી. અન્ધાઓમાં, લુલાઓમાં અને કાણાઓમાં જે દુર્ગુણી હોય તેઓની મિત્રતાનો ત્યાગ કરવો જોઇએ. તથા ઉપર્યુક્ત દુહાનો આધ્યાત્મિક ભાવાર્થ નીચે પ્રમાણે જણાય છે. કામ વડે અંધ હોય તે કામાંધ, લોભાંધ, અજ્ઞાનાંધ મનુષ્યો મિત્ર કરવા યોગ્ય હોતા નથી. જ્ઞાન અને ક્રિયા એ બે વડે ધર્મની પ્રવૃત્તિ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેઓ જાણે છે પણ તે પ્રમાણે વર્તી શકતા નથી અર્થાત્ કર્તવ્ય કર્મ ક્રિયા કરી શકતા નથી તેઓ પંગુ-લુલા ગણાય છે. ક્રિયાહીન શુષ્કજ્ઞાનીઓ કેટલાક બનોના તદ્દન મસ્તાર મનુષ્યો પાંગળા-લુલા ગણાય છે. તેઓ જાણે છે પણ આચરમાં મૂકી શકતા નથી તેથી તેવા મનુષ્યોને મિત્ર કરવાથી અલ્પ શક્તિવાળા મનુષ્યોને તેઓની અસર થાય છે અને તેથી તેઓ પણ ક્રિયાથી ભ્રષ્ટ થાય છે માટે તેવા પંગુઓની મિત્રતા કરવાની અલ્પજ્ઞ બાળજીવોને ના પાડી છે. જેઓ અજ્ઞાની છે, જે જે

દુર્ગુણોથી ભરપૂર મનુષ્ય પગલે પગલે દુઃખને આપનાર છે, એવું જાણી તેવા મનુષ્યોનો સંગ ન કરવો.

અતિ વિષયી મનુષ્ય, મન. વાણી અને કાયાની શક્તિયોનો ઘાતક બને છે, અને તેના સંબંધમાં નિર્બલ મનવાળા મનુષ્યો આવે છે તો તેઓને પણ તેવી અસર થાય છે માટે અતિ વિષયીની મિત્રતા ન કરવી જોઈએ. અતિવિષયીમનુષ્ય, વ્યભિચારાદિ વ્યસનોનો ગુલામ બને છે. જેઓ અતિ વ્યસનીઓ છે તેઓ દેશ સેવા, ધર્મ સેવા આદિ સેવાઓનું સેવન કરી શકતા નથી. પૃથુરાજે અતિ વિષયથી હિંદુસ્થાનનું રાજ્ય ગુમાવ્યું. પૃથુરાજ જો પદ્મિનીમાં અત્યાસક્ત ન થયો હોત તો શાહબુદીનનાં કાવત્રાંથી ચેતતો રહી શકત. કરણઘેલાએ અતિવિષયત્વથી ગુજરાતનું રાજ્ય ગમાવ્યું. સામંતસિંહ ચાવડાએ દારૂના વ્યસનથી ગુજરાતનું રાજ્ય ગુમાવ્યું. અતિવિષયી વ્યસની મનુષ્ય ઘરનો નાશ કરે છે. તેઓ કામાદિ રાક્ષસી વૃત્તિયોના તાબે થઈ વ્યાવહારિકકર્તવ્યોથી ભ્રષ્ટ થાય છે. નળ અને પાંડવોએ એ વ્યસનના તાબે થઈ દુઃખો સહ્યાં હતાં. રાજપુત રાજાઓએ વ્યસનથી રાજ્યો ગુમાવ્યાં. વ્યભિચાર, દારૂ વગેરે વ્યસનોથી શુદ્ધબુદ્ધિ અને કર્તવ્યપ્રવૃત્તિનો નાશ થાય છે. મુસલમાન બાદશાહોએ વ્યસનસંગે રાજ્યની પડતી કરી હતી. માટે સજ્જનોએ અતિવિષયી મનુષ્યો અને વ્યસનીઓની એવી અધમ દશા જાણીને તેઓની મિત્રતા કરવાથી દૂર રહેવું. જે બોલીને પ્રતિજ્ઞા કરીને ફરી જાય છે. તે પ્રતિજ્ઞા ભ્રષ્ટ બને છે. પ્રતિજ્ઞાભ્રષ્ટની મિત્રતા કરતાં ખરાબ અસર થાય છે. પ્રતિજ્ઞા પાલકની મિત્રતા કરવી જોઈએ. પ્રતિજ્ઞા પાળવા માટે મારા મિત્ર, નેમિચંદ્ર ઘટાભાઈએ પ્રતિજ્ઞા પાલન પુસ્તકનું વિવેચન લખ્યું છે તેને વાંચી મુમુક્ષુએ પ્રતિજ્ઞાપાલકની મિત્રતા કરવી.

ઠગાઈ કરનારાઓને મિત્ર ન કરવા જોઈએ.

કરે ઠગાઈ મિત્રથી, આપીને વિશ્વાસઃ
ભુંડ સમો તે મિત્ર છે, પામે નરકાવાસઃ ૩૯

વિવેચનઃ—જે મનુષ્યો પોતાના મિત્રની સાથે ઠગાઈ કરે છે. સ્વાર્થ સાધી મોઢું પણ પાછું દેખાડતો નથી, વિશ્વાસ આપી વિશ્વાસનો ભંગ કરે છે તેવા મનુષ્યોને ભુંડ જેવા લેખવામાં આવ્યા છે. સદ્‌ગુણી મનુષ્યનું લક્ષણ સદાચાર, પ્રમાણિકવર્તન, સંભાષણ, સ્વાર્થ ત્યાગ, સ્વાર્પણ પારમાર્થિક વૃત્તિનું સેવન વગેરે છે. જે મનુષ્યો તેથી ઉલટા, છળ, કપટ, વિશ્વાસઘાત, અનાચાર, ઠગાઈ, અસત્યપણું, વિગેરેનું આચરણ કરે છે તેવા મનુષ્યો નીચ લેખાય છે. સજ્જન મિત્રનું વર્તન મિત્રના ભલામાટે હોય છે. જ્યારે દુર્જન મિત્રનું વર્તન પોતાના સ્વાર્થ માટેજ હોય છે. ભલે પછી પોતાના મિત્રનું અહિત થાય તેની લેશ માત્ર દરકાર પણ તેને હોતી નથી. કહ્યું છે કેઃ—

मित्रद्रोही कृतघ्नश्च । तथा विश्वासघातकः
त्रयस्ते नरकं यांति, यावत्चंद्रदिवाकरौ ।

મિત્રનો દ્રોહ કરનારો, ઉપકાર નહિ જાણનારો, વિશ્વાસ આપીને ઘાત કરનારો, એ ત્રણે જ્યાં સુધી સૂર્ય ચંદ્ર છે, ત્યાં સુધી નરકમાં રહે છે. સર્વ કરતાં વિશ્વાસઘાતીઓ વિશેષ પાપી ગણાય છે. કોઈપણ મનુષ્યને વિશ્વાસ આપીને પશ્ચાત્ તેનો ઘાત કરવો એ સામાન્ય પાપ ગણાય નહીં. વિશ્વાસઘાતીની ચરણ રજથી પૃથ્વી અપવિત્ર થાય છે. વિશ્વાસ ઘાતકોનાં હૃદય દેખીને ધર્મીજીવો ડરે છે. વિશ્વાસ આપીને મિત્રોને ઠગનાર મનુષ્ય કદાપિ સર્વ દેશનો શહેનશાહ થાય તોપણ અપવિત્ર અને તિરસ્કાર કરવા યોગ્ય છે. મિત્રનો વિશ્વાસઘાત કરનાર મનુષ્ય આ સંસારમાં ઉંચુ મુખ કરીને બોલવાને લાયક રહેતો નથી વિશ્વાસ ઘાતક મનુષ્ય, આ દુનિયામાં કર્મ ચંડાલ કરતાં પણ વિશેષ પાપી છે. ભૂંડજેમ મનુષ્યોની વિષ્ટાનું ભક્ષણ કરે છે તેમ વિશ્વાસઘાત મનુષ્ય ભૂંડના કરતાં હલકા જીવન વાળો છે. તપ જપ તીર્થ યાત્રાએ પણ મિત્રનો વિશ્વાસઘાતક મનુષ્ય નિર્મલ થઈ શકતો નથી. વિશ્વાસ ઘાત ખૂની કરતાં પણ વિશેષ ખૂની છે. ખૂની તો સામો આવીને ખૂન કરે છે અને વિશ્વાસઘાતક તો વિશ્વાસનો ભંગ કરી ખૂન કરે છે. ય

વિશ્વમાં કોઇ સદાકાલ રહેવાનું નથી. આ વિશ્વમાં જન્મ્યા તેટલા જરૂર મરવાના છે. વિશ્વાસનોઘાત કરવાથી કોઇને શાંતિ કદાપિ મળી નથી અને ભવિષ્યમાં કદિ મળનાર નથી એવું જાણીને વિશ્વાસનોઘાત કરવો નહીં. ત્રણ ત્રણ દિવસે બાજરીનો રોટલો ખાવાનો મળે, શિલાપર પડી રહેવાનું મળે, ભિક્ષાવૃત્તિથી પેટ ભરવાનું થાય તોપણ સારૂં, પરંતુ વિશ્વાસઘાત કરવાનું પાપ કોઇના હાથે ન થાઓ. ગુરૂનો વિશ્વાસઘાત, સ્ત્રીનો વિશ્વાસઘાત, રાજાનો વિશ્વાસઘાત. માતાપિતાનો વિશ્વાસઘાત, અને મિત્રનો વિશ્વાસઘાત કદાપિ કોઇના હાથે ન થાઓ. કારણ કે મિત્રાદિના વિશ્વાસનો ઘાત કરવાથી નરકનાં દુઃખો ભોગવવાં પડે છે. ગમે તેવા પ્રસંગોમાં પણ મિત્રનો વિશ્વાસઘાત કરી તેને ઠગવો નહીં. મૃત્યુ કાલ આવતું હોય તે આજ આવે તો ભલે!!! પરંતુ મિત્રના વિશ્વાસનો ઘાત કરી ઠગાઇ ને ફસાવવું તે કોઇ રીતે સારૂં નથી. એમ શુભ મિત્રે નિશ્ચય કરીને મિત્રને ઠગવો નહીં.

ગુણની ગોઠડી કરનાર મિત્રોનું સ્વરૂપ દર્શાવે છે.

જગમાં ગુણની ગોઠડી, કરનારા શુભ જાણ;
મિત્ર ખરા તે જાણવા, રૂડા પુષ્પ સમાન. ૩૯

વિવેચનઃ—જે લોકો જગતમાં પોતાના મિત્રનાં વખાણ કરે છે તેના સદ્ગુણો ને પ્રકાશમાં લાવે છે, અને ચોમેર તેની કીર્તિને પોતાની કીર્તિ જેવી જાણી ફેલાવા પ્રયત્ન કરે છે તેવા મનુષ્યો સુપાત્ર હોય છે, ગુણી હોય છે, કારણ કે તેઓ ગુણને ગ્રહણ કરનાર હોય છે. વળી તે સ્વયં તેની પ્રશસ્ત પણ કરે છે. ગુરૂ મહારાજ આવા મનુષ્યને સુગંધી પુષ્પ સાથે સરખાવે છે. જેવી રીતે પુષ્પ પોતાની કળીઓથી મનુષ્યોને સુગંધી આપ્યા વગર રહેતું નથી તેવી તેવી રીતે સજ્જન મનુષ્યો, સજ્જનતાને મરણ પર્યંત છોડતા નથી. સત્યની લેવડદેવડનો જેઓને આધાર છે. ગુણ રૂપ રત્નો શરીર મંદિરમાં વિરાજતા આત્મદેવના આભૂષણ અર્થે જેઓ સંગ્રહ કરે છે, જ્યાં સત્યનું સન્માન છે અને અસત્યને તિલાંજલિ આપવામાં

આવે છે ત્યા ખરી સાત્વિકતા, ખરો સ્નેહ પ્રકટે છે. જેઓના વિચા
આચાર નીચે લખ્યા મુજબ હોય છે.

જણાવવાનું ખરૂં નક્કી, ત્યજવાનું બુરૂં બાકી;
ભજવાની પ્રભુ ભક્તિ, ખરો એ પ્રેમ પ્રેમીનો.

ત્યાંજ સજ્જન મિત્રતાના સુશોભિત અને સુવાસિત પુષ્પ
સુગંધી માફક કીર્તિ જગત્માં ફેલાઈ રહે છે.

જેનાથી ગુણની ગોઠડી થાય છે, અહંતા અને મમતાના ભે
વિરામ થાય છે. વિશ્વમાં સદ્ગુણોની આપ લે થાય છે તે, ખરા મિ
જાણવા. જેઓ પ્રાણ પડે તોપણ પરસ્પરના વિશ્વાસનો ઘાત કર
નથી, પરસ્પર સુગંધી પુષ્પો સમ ગુણોની સુગંધ આપ્યા કરે
તેઓ ખરા મિત્ર જાણવા. જેઓ દેવગુરૂના ખરા ભક્ત છે, પ્રભુની સ
પ્રીતિનો તારોતાર સાંધ્યો છે તેઓ સત્ય મિત્ર છે, કારણ કે વિ
જીવોનું કલ્યાણ કરવા તેઓ સમર્થ બને છે. પરસ્પરને એક વ્યા
ૠમાં એક વસ્તુ માટે સ્વાર્થની મારામારી થવાની હોય. પરસ
મિત્રોને એક સ્ત્રી પરણવા માટે ઉમેદ હોય, પરસ્પર મિત્રોને એક
મેળવવા સ્પર્ધા થતી હોય ત્યાં જે પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને મિ
માટે માર્ગ ખુલ્લો કરી આપે છે તે સત્ય મિત્ર જાણવો. સુગં
પુષ્પને તેની ડાળીથી જુદું પાડવામાં આવ્યું હોય છતાં તે જુદું પ
નારને સુગંધિત કરે છે તેમ સજ્જન મિત્ર પોતાના મિત્રો મ
સ્વાર્થનો ત્યાગ કરે છે, અને મિત્રોને તેઓના સ્વાર્થમાં સાહાય્યક
બને છે. મિત્રની ઈચ્છાઓને પૂરી પાડવામાં તે આડો આવતો ન
તેમજ મિત્રની અશુભ ઈચ્છાઓનો નાશ કરવા તે જેટલું બને તે
કરીને સ્વ સેવા બજાવે છે. આવા ખરા મિત્રોની ચિંતામણિ રત્
પેઠે પ્રાપ્તિ થવી દુર્લભ છે. કામકુંભની, પેઠે પારસમણિની પેઠે સ
મિત્રોની પ્રાપ્તિ થવી દુર્લભ છે. હૃદયમાં અનેક પ્રકારની ચિંતા
થઈ હોય છે તેને મિત્ર શાંત કરે છે. હૃદયની સાથે હૃદયને મેળવી
ગુણગોષ્ઠીની પુષ્ટિ કરે છે તેવા મિત્રોના બાગમાં પ્રવેશ કરતાં સ્વ
પણ સ્મરણ થતું નથી.

માત, પિતા ગુરુ દ્રોહીને મિત્ર ન કરવા જોઈએ.

માત પિતા ગુરુ દ્રોહી જે, નિન્દા બહુ કરનાર;
મિત્ર નહીં તે કીજીએ, લાભ મળ્યાથી અપાર. ૪૮

વિવેચન—જે મનુષ્યો પોતાના જન્મદાતા દેવ સમાન માતપિતાનું ભૂંડું બોલે છે, તેઓને અનેક ઉપકારોનો બદલો વાળવો, બાપ પર ગુરુ તેઓની ભક્તિ દૃષ્ટિ ઉપર જોખ લાગે છે. વળી જેઓ પોતાના જ્ઞાનદાતા ગુરુનું વિદ્યારૂપીદાનનું ઋણ રાખ્યું અનુસાર ગુરુ તેઓની તુચ્છ મનુષ્ય આગળ નિંદા કરે છે, ભૂંડું બોલે છે, તેઓને અવસર આવે છે, એવા નિર્ગુણ મનુષ્યોથી તમો યા કદાપિ કુટિલનો લાભ થતો હોય તોપણ તેઓની મિત્રાચારી બાંધવી નહિ. તેઓ પરિણામ અધમતર હોય છે. પોતાના મિત્રને પણ પાપની ખાડમાં ખેંચી જતા વાર લાગતા નથી. આ રીતે નીચ મનુષ્ય સારા મનુષ્યની કીર્તિને લાંછન લગાડે છે. માટે એવા મનુષ્યની સંગતિ કદાપિ કરવી નહિ.

માતા તીર્થ છે. પિતા તીર્થ છે. ગુરુ તીર્થ છે. માતા અને પિતાનો કોટિભવોમાં પણ ઉપકાર વાળી શકાય તેમ નથી. માતા પિતાની કોટિ ઉપાયોવડે સેવા કરવામાં આવે, તેમને સર્વ તીર્થોની યાત્રા કરાવવામાં આવે, તેમના મન રૂચતું વર્તવામાં આવે તોપણ તેમનો બદલો વાળી શકાતો નથી. પોતાની ગરીબ અવસ્થાને કોઈ દયાળુ અને લક્ષ્મીપતિ હોય તેને શેઠ કહેવામાં આવે છે. રંકને કોઈ શેઠ બનાવે પશ્ચાત્ શેઠ છે તે રંક બની જાય. પછી રંક પોતાના ઉપકારી શેઠ કે જે ગરીબ બની ગયા છે તેને સર્વસ્વ આપીદે તોપણ શેઠનો ઉપકાર વાળી શકાય નહીં. ધર્માચાર્ય-ધર્મગુરુનો ઉપકાર વાળી શકાતો નથી. આત્મજ્ઞાનદાતા, આત્માના શુદ્ધસ્વરૂપના જે બોધક હોય છે અને આત્માને સમ્યક્ત્વના દાતાર જે હોય છે તે ધર્માચાર્ય, ધર્મગુરુ સદ્ગુરુ છે. તેવા ધર્મોપદેશકનો કોટિ ભવોમાં કોટિ ઉપાયો કરવામાં આવે તોપણ તેમના ઉપકારનો બદલો વાળી શકાતો નથી.

समकित दायक गुरुतणो, प्रत्युपकार न थाय;
भव कोटाकोटि करे, करतां कोटि उपाय.

માતા, પિતા, સ્વામી અને સદ્ગુરૂના ઉપકારોને જે ભૂલી છે. સદ્ગુરૂના જે પ્રતિપક્ષી બની તેમની નિન્દા-હેલના કરવામાં બાકી મૂકતા નથી, તેવાને કદાપિ મિત્ર ન કરવા જોઇએ. જે મા પિતા, ગુરૂની નિંદા-હેલના-તિરસ્કાર કરે છે, તેઓનો નરકમાં વાસ થ છે. માતાપિતા ગુરૂની નિંદા કરનાર મનુષ્ય હજી ધર્મને લાયક બન્ નથી, તે મનુષ્યપણાને લાયક બન્યો નથી તો મિત્ર થવાને લાયક તે ક્યાંથી હોઈ શકે ? જે માતાપિતા ગુરૂના ઉપકારોનો બદલો અપક રમાં વાળે છે તે મિત્રોના ઉપકારોનો બદલો અપકારોમાં વાળીને મિત્રોનું બુરૂ કરવામાં કંઇ બાકી રાખે નહીં એમ સુજ્ઞોએ અવબોધવું જોઇએ. માતાપિતા અને ગુરૂનોદ્રોહી નિન્દક, અદૃષ્ટ સુખ તેનાં તપ, જપ લેખે થતાં નથી, તેવા જનોની મિત્રતા કરવામ લાખો કરોડો રૂપૈયાનો લાભ મળતો હોય, સ્વર્ગનું રાજ્ય મળ હોય તોપણ તે યોગ્ય નથી. આત્મજ્ઞાની મહાત્માઓ તેવા પા જનોને સુધારી શકે છે માટે તેઓ તે બાબતમાં અનંત શક્તિવ છે. બાકી સામાન્ય નિર્બલ મનુષ્યોને તો ઉપર કથેલી શિક્ષા પ્રમ વર્તવું જોઇએ.

કૃષ્ણ સર્પસમ મનુષ્યની મૈત્રી ન કરવી જોઇએ.

મનમાં કાળો નાગ જે, અતિવૈર ધરનાર,
સર્પ સમો નહિ મિત્ર તે, જાણો નર ને નાર. ૪૧

વિવેચનઃ—જે લોકો મનના મેલા છે, જેના હૃદયમાં વિશ્વ ઘાત, છળ, પ્રપંચ, લુચ્ચાઇ, દગાબાજી, સ્વાર્થતા, નીચબુદ્ધિ, અ દુર્ગુણોનો સડો ભર્યો છે. અને જેનું મન ઝેરી સર્પના જેવું છે, જે કાવાદાવા અને કજીઆમાંજ આનન્દ માની રહ્યા છે, એવા જેવા મનુષ્ય સાથે મિત્રાચારી બાંધવી નહિ. જેવી રીતે સર્પને હોંસે દૂધ પીવરાવતો મનુષ્ય રોતો રોતો મૃત્યુને દ્વાર જાય છે, તેવ

રીતે નીચ મનુષ્યની દોસ્તીમાં સદ્‌ગુણી મનુષ્યને પાપના છાંટા લાગ્યા વિના રહેતા નથી, તેઓની મિત્રાચારીના માર્ગમાં ગુલાબનાં ફુલો નહિ, પણ બાવળનાં ફુલો ઉગ્યા વિના રહેતાં નથી, અને પરિણામે તે દુઃખી થાય છે. કૃષ્ણ સર્પ સમાન દુર્જન મિત્રોથી મૃત્યુ થાય છે. કહ્યું છે કે:—

अहो खलभुजंगस्य, विपरीतो वधक्रमः
अन्यस्यदशति श्रोत्र मन्यः प्राणै र्वियुज्यते ॥

ખલ ભુજંગનો વિપરીત વધક્રમ છે. ખલ ભુજંગ અન્યના કાનમાં ડસે છે અને અન્ય મનુષ્ય પ્રાણોથી મૂકાય છે. સર્પની પેઠે કેટલાક મનુષ્ય એવા હોય છે કે તે સામાન્ય બાબતમાં કલેશ થતાં અત્યંત વૈરને ધારણ કરે છે. તેઓ સર્પની પેઠે મનમાં ડંશ રાખીને જ્યારે ત્યારે લાગ મળ્યે છતે વૈર વાળ્યા વિના રહેતા નથી. હાંસી મશ્કરી જેવા પ્રસંગોથી પણ સર્પ જેવા મિત્રો મનમાં અત્યંત વૈર ધારણ કરે છે અને પરભવમાં પ્રયાણ કરતાં પણ વૈર લેવાનો મનમાં સંકલ્પ ધારણ કરીને મરે છે, સમરાદિત્ય રાજા અને અગ્નિશર્મા બ્રાહ્મણનું એક પાક્ષિક વૈર પર ચરિત્ર વાંચવા લાયક છે. સમરાદિત્ય રાજાના મનમાં વૈરનો બિંદુ નથી ત્યારે અગ્નિશર્મા વૈર લેવાને દૃઢ સંકલ્પ કરે છે. વૈરથી મરનારો મરીને તે સમરાદિત્યના જીવને મારે છે. આ પ્રમાણે કેટલાક ભવ સુધી વૈરની પરંપરા વૃદ્ધિ પામે છે. આત્મજ્ઞાન અને ઉત્તમ ચારિત્રથી સમરાદિત્ય રાજાનો મોક્ષ થાય છે અને અગ્નિશર્માનો જીવ આ સંસારમાં પરિભ્રમણ કરે છે. અતિવૈરી મનુષ્યો વાતવાતમાં વૈરી બની જાય છે. તેમાં તેમની પ્રકૃતિજ હેતુભૂત છે. તેવા જીવો પર પણ ક્ષમા ચિંતવવી જોઇએ. શ્રી મહાવીરપ્રભુએ અતિ ક્રોધી ચંડકૌશિક સર્પને પ્રતિબોધ્યો હતો. શ્રી મહાવીર પ્રભુએ પરસ્પર વૈરધારક અનેક મનુષ્યોને પ્રતિબોધી તેઓને પરસ્પર મિત્ર બનાવ્યા હતા. આ કાલમાં તેવા મહાપુરૂષોની ખામીથી અતિ વૈરી મનુષ્યોને શાંત કરવાનું કાર્ય કઠીન થઈ પડ્યું છે. વૈરી મનુષ્યો અશુભ

કર્મોને ગ્રહણ કરીને નીચ યોનિયોમાં અવતરે છે. મહા તપસ્વીઓ વૈરના યોગે તપજપથી ભ્રષ્ટ થએલા છે. આત્માનું બુરૂં કરવા વૈરસમાન અન્ય કોઇ સમર્થ નથી. પોતાના અશુભ કર્મના ઉદયથી દુઃખો ભોગવવાં પડે છે તેમાં અન્ય મનુષ્યો તો નિમિત્ત માત્ર છે તેથી અન્ય જીવોપર શા માટે વૈરભાવ ધારણ કરવો જોઇએ ? અન્ય મનુષ્યોથી પોતાનું બુરૂં થતું નથી. પોતાનામાં વૈર-ક્રોધ પેશીને જેટલું તે પોતાનું બુરૂં કરે છે તેટલું અન્યો બુરૂં કરી શકતા નથી તો અન્ય મનુષ્યો પર શા માટે વૈરત્વ ધારણ કરવું જોઇએ ? એવો વિચાર કરીને જ્ઞાની ક્ષમાશીલ બને છે અને અજ્ઞાનથી અજ્ઞાની વૈરનો ત્યાગ કરતો નથી.

ક્રોધથી ધમધમાય થનારની મિત્રતા ન કરવી જોઇએ.

જરાવારમાં ધમધમે, ક્રોધ કરીને અપાર.
કુમિત્રથી તો વન ભલુ, સમજો નર ને નાર. ૪૨

વિવેચનઃ—વાત વાતમાં જે ક્રોધની લાગણીના આવેશમાં આવી જઇ મનનું સંયમપણું વિસારી ક્રોધ કરે છે, તપી જાય છે મનની શાન્તિ ખોઇ બેસે છે, તેવા મનુષ્ય સાથે કદાપિ મિત્રાચારી બાંધવી નહીં. ક્રોધ એક એવી બુરી વસ્તુ છે કે જે પોતાને અને પરને બાળે છે, જેમ લાકડુ પંડે રાખ બને છે અને પાસમાં આવતી વસ્તુને રાખ બનાવે છે. તેમ ક્રોધના આવેશમાં આવેલા મનુષ્યોને સત્ વસ્તુનું ભાન રહેતું નથી, અને તેની સન્માર્ગ વૃત્તિ દબાઈ જાય છે તેને ખરી ખોટી વસ્તુ પારખવાને વિવેકબુદ્ધિ રહેતી નથી. અને સામા મનુષ્યના થએલા ઉપકારને ભુલી જઈ અપકારબુદ્ધિથી છિદ્ર શોધવા તેના મનની વૃત્તિ દોરાય છે, ગુરૂ મહારાજે આવા મિત્રો કરતાં તો વન ભલું એમ કહ્યું છે, વનની અંદર વૃક્ષો પોતાની ડાળીઓ ફેલાવી સારાં સારાં ફળફુલ આપે છે. સુવાસિત ફુલોની સુગંધી આપી મનને પ્રફુલ્લ બનાવે છે, મનુષ્ય તેમાં તલ્લીન બની અપૂર્વ કુદરતની શાન્તિ અનુભવે છે અને તે શાન્ત સમાધિમાં સ્વર્ગીય સુખના સ્વાદો અનુભવે છે, ચાખે છે, માટે તેવા નીચ કુમિત્રથી અલગા રહેવા વારંવાર સ્મૃતિને તાજી રાખવી જોઇએ. જીવો અજ્ઞાનના યોગે ક્રોધ કરે છે

ધથી અશાન્તિનું વાતાવરણ પ્રસરે છે. આસ્ટ્રિયા ક્રોધથી સર્વિયા
થે છેડાઈ ગયું અને તેથી તેણે સર્વિયા સાથે યુદ્ધ આરંભ્યું. તેનું
ધતાં વધતાં યુરોપીય મહાયુદ્ધ અને હાલ વિશ્વ મહાયુદ્ધ આરંભાયું
. ખ્રીસ્તિ પ્રજાના પયગંબર ઇશુ ક્રાઇસ્ટ કહે છે કે ત્હારો દુશ્મન
રા ગાલ પર એક તમાચો મારે તો બીજો ગાલ ધર કે જેથી તે
ાન્ત થાય. ઇશુ ક્રાઇસ્ટના ઉપદેશાનુસારે જો તેઓ વર્ત્યા હોત તો
ાલની સ્થિતિ આવત નહીં. મુસલમાનોના મહમદ પયગંબર કહે
 કે કોઇએ ક્રોધ, માન, માયા, લોભ, મોહ રૂપ શયતાનના તાબામાં
વું નહીં. કોઇના પર ક્રોધ કરી વૈર લેવા વૃત્તિ કરવી એ ખુદાની
જ્ઞા વિરૂદ્ધ છે. હિન્દુઓ કહે છે કે ક્રોધાદિક ષડ્રિપુઓનો ત્યાગ
ર્યો વિના પરમાત્મપદની પ્રાપ્તિ થતી નથી. એમ ભગવદ્ગીતા વગેરે
ાસ્ત્રો જણાવે છે. જૈનો કહે છે કે રાગદ્વેષનો નાશ કર્યો વિના કદાપિ
ુક્તિ મળતી નથી. બૌદ્ધો કહે છે કે કષાયના વશ થવાથી આત્મ-
ુખનો નાશ થાય છે. એ પ્રમાણે દરેક ધર્મશાસ્ત્રમાં ક્રોધ ક્લેશ વૈર
ગેરે વૃત્તિયોના નાશથી આત્મસુખ પરમશાંતિ પ્રાપ્ત થાય છે એમ
હ્યું છે, છતાં અજ્ઞમનુષ્યો ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોના
ાશમાં પડી આત્માનન્દ સમભાવરૂપ યોગને પ્રાપ્ત કરી શકતા નથી.
ામભાવની જે જે અંશે પ્રાપ્તિ થાય છે તે તે અંશે અન્ય જીવોને
ાત્મવત્ માની શકાય છે. સમભાવ આવ્યાથી સર્વ જીવોની સાથે
ૈત્રીભાવ ધારણ કરી શકાય છે. સર્વ જીવોને સુખ દુઃખનું કારણ
ોતપોતાનાં કર્મ છે; એમ સર્વજ્ઞ મહાવીર પ્રભુ, ઉપદેશથી જણાવે
છે, છતાં અજ્ઞાની મનુષ્યો કર્મની શ્રદ્ધા નહીં ધારણ કરીને અન્યને
શત્રુ તરીકે કલ્પી લેઇ તેઓના પર ક્રોધ વૈર ધારણ કરે છે. આ
કેટલું બધું તેમનું અજ્ઞાન છે ! શ્રી મહાવીર પ્રભુ જેને કર્મ કહે છે
જેને સાંખ્યો પ્રકૃતિ કહે છે તેને વૈદાન્તિકો માયા, પ્રભુ કહે છે. મુસલ-
માનો તેને કિસ્મત કહે છે. પૂર્વ ભવમાં જેવાં કર્મ કર્યાં હોય છે તેના
અનુસારે જીવોને અત્ર શુભાશુભનાં સુખ દુઃખ ફળો ભોગવવાં પડે છે
તો તેમાં અન્ય જીવો પર રાગદ્વેષ ધારણ કરવાની કંઇ જરૂર નથી.

સીંચાણો કબૂતરને મારવા જાય છે, પારધી કબૂતરને મારવા બાણ ફેંકે છે, એવામાં પારધીને સર્પ ડસે છે. પારધી સર્પના પર પડે છે તેથી સર્પ મરણ પામે છે. કબૂતર ઉડી જાય છે અને સિંચાણો મરી જાય છે. કબૂતરને કશું થતું થથી. જેને પુણ્યરૂપ રામ રાખે તેને કોણ ચાખે, જેને પુણ્યરૂપપ્રભુ જાળવે છે તેનો કોઇ વાંકો વાળ કરી શકતું નથી એ પ્રમાણે મનમાં વિવેકી મનુષ્યોએ સમજીને સર્વ જીવોનું શ્રેયઃ કરવા પ્રવૃત્તિ કરવી. અપકારી પર પણ ઉપકાર કરવો. પુણ્ય પ્રભુ પર વિશ્વાસ ધારણ કરીને વૈરી ઉપર પણ–અપરાધી પર પણ ક્રોધ કરવો નહીં–પુણ્યનો બદલો શુભ ફળરૂપે પ્રગટે છે. કોઇનું અશુભ કરવા વિચાર કરવો એ ધર્મ વિરૂદ્ધ કાર્ય છે. સર્વમાં શુભ જોવાની ટેવ પાડવી અને ક્રોધ પ્રસંગે પણ જે થાય છે તે સારાને માટે થાય છે એવું જાણી શુભ કર્મો કરવાં. આ પ્રમાણે વર્તવાથી હૃદયમાં અને આચારમાં રહેલી કુમિત્રતાનો નાશ થાય છે. એમ પ્રસંગોપાત્ત દર્શાવવામાં આવે છે.

દિલ મર્મો હણનારને મિત્ર ન કરવો જોઇએ.

મર્મ હણે દિલ પેસીને, તેથી સારો વાઘ;
દિલ વાતો ના દીજીએ, ખરો ન તેનો લાગ. ૪૩

વિવેચનઃ—જે મનુષ્યો મિત્ર બની હૃદયની ગુપ્ત વાતો જાણી તેના ભેદઉઘાડે છે, અને અન્ય મનુષ્યોને નહિ જણાવવાની બાબતોને પ્રકાશમાં લાવે છે. તેના કરતાં તો વાઘ સારો સમજવો. કારણ વાઘની ક્રૂર પ્રકૃતિ અને નીચવૃત્તિ કોઇ પણ મનુષ્યની જાણ બહાર નથી, અને સર્વ કોઇ તેવા પ્રાણીથી સર્વદા ચેતતા ફરે છે, પણ જે મનુષ્યો દાંભિક વૃત્તિવાળા અને હૃદયમાં શત્રુભાવ રાખનારા હોય છે તેઓ પ્રસંગ પડ્યા સિવાય માલુમ પડતા નથી. તેવા મનુષ્યો ધિક્કારને પાત્ર છે. કહ્યું છેઃ—

दुर्जनेन समं सख्यं, प्रीतिं चापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः शीतः कृष्णायते करम् ॥

દુર્જન સાથે મિત્રતા કે પ્રીતિ કદી કરવી નહિ, કેમકે દુર્જન અંગારા જેવો છે. અંગારો હોય તો બાળે છે અને ઓલવાય છે તો હાથ કાળા કરે છે.

દુર્જન મનુષ્યો દાંભિક ઢોંગની મીઠી છાયામાં જનસમાજને લોભાવી વિશ્વાસે મારે છે. માટે ગુરૂમહારાજ કહે છે કે એવા મનુષ્યોને હિતની વાતો કદાપિ કહેવી નહિ અને કોઈ કાળે પણ તેવાઓની સંગતિ કરવી નહિ. દુર્જન મનુષ્યની જીભના અગ્રભાગમાં મધ છે પણ હૃદયમાં હળાહળ ઝેર વસેલું છે એવું ધ્યાનમાં રાખી અલગા રહેવું સુખકર છે.

દુષ્ટ જનો મિત્ર બની જેનાથી કંઇ આગળ ચઢ્યો હોય છે તેને પ્રથમ નીચો પાડે છે. કહ્યું છે કે—

नम्योत्साहोनीचः । प्रथमतरं स्वामिनं पराभवति ।
भूमिरजोरध्यादा धुन्वायकमेवसंदृणुते ॥
वराः पादविलग्ना मलिनाः कर्णान्तिके मशकवृन्दाः
के न मेदयन्ति लग्ने स्वल्पाथमाणिरजरदासाय ॥

મર્મ હણનારા મનુષ્યો ઘણા બુદ્ધિમાન્ અને ચપળ સ્વાર્થિક ચિત્તવાળા હોય છે. રજપુત રાજાઓએ મર્મ હણનારા મનુષ્યોથી પડતીનો પ્રારંભ દેખ્યો છે. નિર્બલ નીચમનુષ્યો જેઓ હોય છે તેઓનું જોર ખરેખર પારકાં મર્મ હણવામાં રહેલું છે. નીતિશાસ્ત્રકારો જણાવે છે કે ઘણા વર્ષના અનુભવી અને આત્મસ્વરૂપ બનેલા, કસાયેલ મિત્રો વિના અન્યોને કદાપિ હિતની વાતો જણાવવી નહીં. મનુષ્યોના સ્વભાવનું અધ્યયન-અનુભવ કર્યો વિના અનેક મનુષ્યો ફસાય છે. મનુષ્યના હૃદયની પાસમાં રહ્યું વાસ્યા વિના તેના હૃદયના વિચારોને પારખી શકાતા નથી. વિશ્વમાં ભોળા રહેવાથી અનેક ઠોકરો ખાવી પડે છે. વિશ્વમાં ધર્મપુસ્તકોમાં લખ્યા પ્રમાણે સર્વ ધર્મિ મનુષ્યો હોતા નથી, માટે મનુષ્યોના સહવાસમાં રહીને તેઓનો અનુ-

નથી. સ્વચ્છ મિત્ર [illegible] સર્વ પ્રકારનાં [illegible] પૂર્ણ થાય.
તેવી શ્રેષ્ઠ મિત્ર [illegible] કાર્ય કરે છે અને
મિત્ર પર [illegible] પણ કરે નથી. મિત્રની પાસેથી વસ્તુઓની
આશા [illegible] વૃત્તિથી [illegible] આરંભમાં આપ
ણને દેખાય છે કે [illegible] મિત્રતા પૂર્ણ [illegible] ચંદ્રસમાન [illegible]
[illegible] પૂર્ણિમાના ચંદ્રસમાન [illegible]
તેને સમજવું નહિ. તેમજ પૂર્ણિમાના ચંદ્રસમાન [illegible] પ્રેમવાળી
મિત્રતાને સમજવી. [illegible] નથી. દ્વિતીયાના ચંદ્રસમાન
મિત્રતામાં નિષ્કામવૃત્તિ છે, અને નિરહંકારાદિની મુખ્યતા છે.
કોઈપણ સ્વાર્થ, વાસના, નામરૂપનો મોહ, વગેરે વગેરે દોષોથી
મુક્ત અને શુદ્ધપ્રેમવાળી મિત્રતામાં અનન્તરસની ઝાંખીનો અનુભવ
થાય છે. આત્માને આત્મા [illegible], તે બન્ને એક બીજાને એક
બીજાના પ્રતિબિંબ જેવા [illegible] શુદ્ધ સદા અને
શુદ્ધપ્રેમવાળી મિત્રતાની પ્રતિદિન વૃદ્ધિ થયા કરે [illegible] અને [illegible]
[illegible]ની દ્વિતીયાચંદ્રસમાન મિત્રતા હતી. વસુદેવ અને [illegible]
ની દ્વિતીયાચંદ્રસમાન પ્રીતિ હતી. રામચંદ્ર અને લક્ષ્મણની
દ્વિતીયાચંદ્રસમાન પ્રીતિ હતી. સુગ્રીવ અને રામની દ્વિતીયાના ચંદ્ર-
સમાન મૈત્રી હતી. શ્રી કૃષ્ણ અને અર્જુનની દ્વિતીયાના ચંદ્ર સમાન
વૃદ્ધિંગત મિત્રતા હતી. શ્રી કૃષ્ણ અને નારદની પરસ્પર દ્વિતીયા-
ચંદ્રસમાન પ્રીતિ હતી. આત્માર્થી સંતોની દ્વિતીયાના ચંદ્ર સમાન
મૈત્રી હોય છે. પરસ્પર શુદ્ધપ્રેમ, પરસ્પરના આત્માનું શ્રેયશ્ચિં
તકત્વ, પરસ્પર [illegible], પરસ્પર એક બીજાના હૃદયની શુદ્ધિ,
પરસ્પરના આત્માઓની એક નિષ્ઠા, નામરૂપમાં ન મુંઝાતાં આત્મા-
ઓને દેખવાની અને આત્માઓને પૂર્ણ માની તેઓની પ્રીતિ,
ઇત્યાદિથી દ્વિતીયાના ચંદ્રસમાન મિત્રતાની વૃદ્ધિ થયા કરે છે.
સજ્જન મનુષ્યોની જોડીમાં જે આનંદરસ પ્રગટે છે તેનું વર્ણન
કોઈ રીતે થઈ શકતું નથી.

દુર્જન મિત્ર બનીને ઘાતક બને છે તે જણાવે છે.

દુર્જન દિલમાં પેસીને, લે સહુ મનની વાત;
અવસર આવે તે પછી, કરે મિત્રની ઘાત. ૫

વિવેચનઃ—નીચ મનુષ્યો મિત્રતાનો સંબંધ જોડી મિત્ર હૃદયની છૂપી બાબતો મેળવી લે છે, અને લાગ તાકીને તે છુપી બાબતોને જગજાહેર કરે છે. આવા નીચકૃત્યમાં એટલો બધો શયોમાંચે રહે છે કે તે પોતાના આરંભેલા કાર્યમાં પાર પડવા પોતાના મિત્રોની ઘાત કરવા પણ ચૂકતો નથી. પોતાના આવા નીચ કૃત્યથી તે એટલો અંધ બનેલો હોય છે કે તે પોતાના મિત્રના હસ્તે થયેલ ઉપકારોને તેની પાપી વૃત્તિથી વિસ્મરણ કરી જાય છે, અને નીચ વૃત્તિને તાબે થઈ નહિ કરવાનાં કૃત્યો કરી બેસે છે. એવા ઉપરના મિત્રો સ્વાર્થ સાધવાને લાગ સાધતા હોય છે, અને તક મળે પોતાના સ્વાર્થની ખાતર મિત્રનું ભુડું કરવામાં લેશ માત્ર કસર રાખતા નથી. નીચેના ચોપાયા મુજબ તેવા નીચ મનુષ્યની રીત હોય છે માટે તેવાથી ચેતીને ચાલવામાંજ લાભ છે.

સ્વાર્થ સાધવા સ્નેહ કરીને, કપટ હૃદયમાં રાખે;
વાત ભિતરની ભગવત જાણે, ભાત ભાત મુખ ભાખે.
વલ્લભવાચક વદત વદત મન, નિજ વિશ્વાસ ધરાવે;
દુખ દરિયામાં નાખી દેવા, ફંદ કરી જ ફસાવે.

દુર્જન સંબંધી પૂર્વે ઘણું લખવામાં આવ્યું છે તેથી અત્ર વિશેષ વિવેચન કરવામાં આવ્યું નથી. વિષની મિષ્ટ ગોળીઓ સમ દુર્જનો હોય છે. મલયાસુંદરી અને તેના પતિને દુઃખ દેવામાં દુર્જનોએ બાકી રાખી નહોતી. શ્રી ગૌતમબુદ્ધને વ્યભિચારી ઠરાવવા દુષ્ટ બ્રાહ્મણોએ બાકી રાખી નહોતી. વિમલમંત્રીને રાજા વિરૂદ્ધ પ્રતિપક્ષી ઠરાવવામાં દુર્જનોએ બાકી રાખ્યું નહોતું. ઇશુક્રાઇસ્ટને દુર્જનતા કરી ફસાવવામાં તેના એક શિષ્યે અત્યંત દુર્જનતા કરી હતી, અને યાહુદી લોકોએ તેની ફજેતી કરવામાં બાકી રાખી નહોતી. મહંમદપયગંબરને દુઃખ આપવામાં તેના પ્રતિપક્ષી દુર્જનોએ

બુદ્ધિ રાખ્યું નહોતું. ગજસુકુમાલની સાથે તેના સસરાએ દુર્જનતા કરવામાં બાકી રાખી નહોતી. પોતાના ભાઇઓ સાથે દુર્જનતા કરવામાં ઔરંગઝેબ પ્રથમ નંબરનો હતો. પ્રતાપ રાણાની સાથે કેટલાક રાજપુતોએ દુર્જનતા કરી હતી. કહેવાનો સાર એ છે કે મહા પુરૂષોની સાથે દુર્જનોએ દુર્જનતા કરવામાં કચ્ચાશ રાખી નથી. નરસિંહ મહેતાની સાથે તેની ભાભીએ દુર્જનતા કરવામાં કચ્ચાશ રાખી નહોતી. દુર્જન મિત્રો પોતાના સજ્જન મિત્રોની સાથે દુર્જનતા કરવામાં કચ્ચાશ રાખતા નથી. પરંતુ તેથી સજ્જનો પોતાની સજ્જનતાનો ત્યાગ કરતા નથી. ચંદ્ર અને રાહુ પોતપોતાનો સ્વભાવ સમજ્યા કરે છે.

પૂર્ણ પરીક્ષા કર્યા વિના મિત્ર કરવામાં મહા દુઃખ છે.

પૂર્ણ પરીક્ષા વણ કરી, કરો ન જગકો મિત્રઃ
દુઃખ નહીં જગ તે સમું, મિત્ર બને જે અમિત્ર. ૪૬

વિવેચનઃ—માટે મિત્ર કરતાં પહેલાં તો તેની પુરેપુરી પરીક્ષા કરવી જોઇએ. તેના સ્વભાવનો, તેની વાંચ્છનાઓનો, તેની વૃત્તિયોનો અનુભવ મેળવવો જોઇએ. ત્યાં સુધી હૃદયમાં રહેલી શુદ્ધ ચૈતન્ય શક્તિને તેના સારાપણાનો વિશ્વાસ ન થાય, ત્યાં સુધી તે મિત્ર થવાને કદાપિ લાયક ગણી શકાય નહીં કે જે એક વખત આપણા જીવનનો સાક્ષી ગણાય છે. જે આપણાં સુખ અને દુઃખની વાતોનો ઉત્તમ ખજાનો ખાલી કરવાનું સ્થાન છે, અને જે આપણું વિશ્વાસુ હૃદય છે, જો તે હૃદય અવિશ્વાસુ અને નીચ માલુમ પડે તો હૃદયમાં ઉંડા આઘાત થાય છે અને દુઃખને ઉત્પન્ન કરવાનું કારણ થાય છે અને નાહક તેને કીડો જેમ કાષ્ઠને કોરી ખાય છે તેમ તેની વાતો હૃદયને કોરી ખાય છે.

यो मित्रं कुरुते मूढ़, आत्मनोऽसदृशं कुधीः
हीनं वाप्यधिकं वापि । हास्यतां यात्यसौ जनः ॥

कारणान्मित्रतां याति । कारणाद्याति शत्रुताम् ।
तस्मान्मित्रत्वमेवात्र, योज्यं वैरं न धीमता ॥
उपकाराच्च लोकानां, निमित्तान्मृगपक्षिणाम् ।
भयाल्लोभाच्च मूर्खाणां, मैत्रीस्याद्द र्शनात् सताम् ॥
यस्य न ज्ञायते वीर्यं, न कुलं न विचेष्टितम् ।
न तेन संगतिंकुर्या-दित्युवाच बृहस्पतिः ॥
न यस्य चेष्टितं विद्या-न कुलं न पराक्रमं ।
न तस्य विश्वसेत् प्राज्ञो-यदीच्छेच्छ्रेयमात्मनः ॥

ઉપર્યુક્ત શ્લોકોનો ભાવાર્થ મનમાં અત્યંત વિચારીને વિવેકી જનોએ મિત્ર કરવા જોઇએ. સુમિત્રનાં લક્ષણોનો પરિચય કર્યા વિના મિત્રતા કરવાથી પશ્ચાત્તાપ થાય છે. હૃદયના શૂન્ય બનીને કોઇ પર એકદમ વિશ્વાસ ન મૂકવો જોઇએ. જેને મિત્ર કરવાનો હોય તેનું ભૂતકાલીન જીવનચરિત જાણવું જોઇએ. કેટલાક શત્રુનાં ટોળાંઓ પોતાના મિત્ર બનીને હિતસ્વી બનીને પોતાની પ્રવૃત્તિને-દીલચાલને જાણી લેઇ તે શત્રુને જણાવે છે માટે મિત્ર કર્યા પૂર્વે મિત્રો બનનારાઓનો ઘણો પરિચય કરવો જોઇએ. દુર્જનનો તો સ્થાનનો ત્યાગ કરીને પણ સંગ ત્યજવો જોઇએ. કહ્યું છે કે—

हस्ती हस्तसहस्रेण । शतहस्तेन वाजिनः
शृङ्गिणो दशहस्तेन । स्थानत्यागेन दुर्जनः ॥

અને ત્યાં સુધી ઘણા કાલનો પૂર્ણ પરિચય કર્યા વિના આયુષ્ય, લક્ષ્મી, ગૃહછિદ્ર, મંત્ર, ઔષધ, મૈથુન, દાન, માન અને અપમાનની વાત મિત્રને પણ કહેવી નહીં. કહ્યું છે કે—

आयुर्वित्तं गृहच्छिद्रं । मंत्रमौषध मैथुने ।
दानं मानापमानौच । नव गोप्यानि कारयेत् ॥

મિત્ર કેવો હોવો જોઇએ તે સંબંધી મુનિ રત્નચંદ્રજી નીચે પ્રમાણે જણાવે છે.

योमैत्री विपदे विपत्ति समये प्रेम्णासदानिर्वहे-
दर्तुदुःखमपेक्ष्यते यदि शिरोदानंहि सज्जोभवेत् ॥
नेतुंयः सुहृदंयनेव सुपथे रुद्ध्वादुराचारतः
तन्मैत्री पदमर्हति क्षितितले दक्षः स एवोत्तमम् ॥

કેવા મનુષ્યો મિત્રતાને લાયક નથી તે જણાવે છે.

ये क्रूरा व्यभिचारिणो व्यसनिनो विश्वासघातेरता ।
मिथ्याभाषणकारिणश्च मलिनामायाविनोमानिनः ॥
लुब्धाः स्वार्थपरायणाः परहितं निघ्नंति ये निर्दयः ।
मैत्र्यां ते मनुजाः परीक्ष्यगृहिणा वर्ज्याः सदाश्रेयसे ॥

કુર મૈત્રીનું શું ફળ આવે છે તે નીચે પ્રમાણે શ્લોકમાં જણાવવામાં આવે છે.

मत्स्यार्तद्विकुलं विनश्यति यथा दुष्टैःसुतैस्स्कृतं-
मांसाग्निशिखया सुतश्चवनिता वेश्यादिसंसर्गतः ॥
पाखण्डेनधर्मनिर्धनोऽपिनृपति र्मूर्खैश्चमन्त्रीश्वरै
र्दुर्मित्रैर्घनैर्विनश्यति तथा हा मानुषं जीवनम् ॥

મૈત્રીનો નિર્વાહ કેવી રીતે કરવો જોઇએ, તે રત્નચંદ્રજી કૃત શ્લોકથી જણાવવામાં આવે છે.

येनिर्व हर्षान्तरं कथयतः स्वीयं रहस्यं स्फुटं ।
श्रुत्वा चित्तपदान्तरे च सुतरां गोपायनस्तत्पुनः ॥
येयोग्यानुरक्तो मिथोविरतो गृह्णीतःसदर्पितां ।
मत्स्यान्तंकुरुतस्तु धारयतुगुणैर्मैत्रीयोः सुस्थिरा ॥

પોતાની છાનામાં છાની વાત હોય તે યોગ્ય મિત્રની આગળ જાહેર કરતાં જેઓ જરા માત્ર અચકાય નહીં, તેમજ સ્વમિત્રની ગુપ્ત વાતને હૃદય પટમાં એવી રીતે ગુપ્ત ગોપવી શકે કે તે વાત જાહેરમાં ન લાવવી હોય તો મરણપર્યંત પણ જાહેરમાં ન આવવા દે. પોતાને ત્યાં પ્રસંગ આવે છતે મિત્રને યોગ્ય ભેટ આપે અને મિત્રને ત્યાં પ્રસંગ આવે તે જે ભેટ આપે તે હર્ષથી સ્વીકારે, ઉચિત રીતે મિત્રની પ્રસંશાથી તેના ગુણોને વિસ્તારે, આવી રીતે પરસ્પર હૃદયમાં ભેદ રાખ્યા વિના ગુણોની આપ લેની સાથે સરલતા રાખવામાં આવે ત્યાં મિત્રતા બંધાય છે અને નભે છે. ઉપર પ્રમાણે મિત્રનાં લક્ષણો અને તેનો વ્યવહાર જાણી મિત્રતા કરવી જોઇએ. દુર્જન મિત્ર જો કદાપિ બન્યો તો તેના સમું કોઈ દુઃખ નથી; કારણ કે જે મિત્રનો દુશ્મન થઇ જે કંઇ અશુભ કરે છે તેને અન્ય કોઇ તટસ્થ સજ્જન કરી શકતો નથી.

સુખ અને દુઃખ કરનારા સંબંધીઓને જણાવે છે.

મિત્ર, નારી, ને શિષ્ય ત્રણ, સુખ કરનારા હોય;
પણ દુઃખ દેનારા બને, એ સમ વિશ્વ ન કોય. ૪૭

આ વિશ્વમાં પોતાનો વહાલો મિત્ર, પોતાની સ્ત્રી અને ગુરૂનો શિષ્ય, એ ત્રણ્ય સુખ આપનારા દેખાય છે પણ જો તેઓ નીચ નીકળે તો તેના જેવા દુઃખને દેનારા બીજા કોઇ હોતા નથી. ગૃહસ્થોને મિત્રની પેઠે સ્ત્રી પણ સુખકારિકા હોય છે અને સાધુઓને, ગુરૂઓને શિષ્ય સુખકારક હોય છે. મિત્રની પેઠે સ્ત્રીમાં પણ સજ્જનતા હોય છે તો તે સુખકારિકા બને છે, સ્ત્રીમાં વિશુદ્ધ પ્રેમ હોવો જોઇએ. વિશુદ્ધ પ્રેમ વિના સ્ત્રીનું જીવન શોભી શકતું નથી. ક્રોધ, માન, ઇર્ષ્યા, અસંતોષ અને શંકારહિત પ્રેમને વિશુદ્ધ પ્રેમ કથવામાં આવે છે. ગૃહિણીનાં કર્તવ્યો નીચે પ્રમાણે છે.

मन्तव्या जननीव साम्प्रतमसौश्वश्रूः प्रपूज्योत्तमा।
संसेव्यःश्वसुरस्तुतातसदृशः पूज्यः कुलीनस्त्रिया ॥

मान्यः श्वशुरपतिः हरिप्रभुसमः सेव्यंकरुणयासदा ।
येऽन्येऽपिस्वजनाः शुभाभयाश्च हस्पाः मनोदेन ते ॥

વધૂને પરણ્યા પૂર્વે સ્વમાતા પ્રતિ જેવી પૂજ્યબુદ્ધિ ધારી હતી તેવી સાસુપર રાખવી જોઇએ. પતિના પિતાને સ્વપિતા સમાન જાણી તેમની સેવા કરવી જોઇએ, કુલીન સ્ત્રીએ હૃદયમાં પતિને પ્રભુ સમાન માની તેની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ અને દીયર, જેઠાણી નણંદ વગેરેની સાથે યથાયોગ્ય ઘટતા વિવેકથી વર્તવું જોઇએ. સુશીલ સ્ત્રી ઘરમાં પહેરવાં વસ્ત્ર વગેરે માટે કકળાટ-રીસ કરતી નથી, જે મળે છે તેમાં સંતોષ માને છે અને ઘરનાં કર્તવ્યકાર્યો ને કુશ ળીનો ત્યાગ કરીને કરે છે. પોતાની કોઈ ટીકા ન કરે એવી રીતે વર્તે છે. પ્રભુનો ન્યાય થાય તો પણ તે મુખમાંથી અસભ્ય શબ્દોને બહાર કાઢતી નથી, કોઇની નિંદા કરતી નથી અને કોઇ નિંદા કરે તો તેમાં ભાગ લેતી નથી, પરપુરૂષની સાથે કોઇને શંકા પડે એવી રીતે વર્તતી નથી, પતિના સુખ દુઃખમાં સમાન ભાગ લેનારી થાય છે, તેથી તે અર્ધાંગના કહેવાય છે, પતિના હૃદયને વિષમસંયોગોમાં સાંત્વન આપે છે, દરેક બાબતમાં પતિને સાહાય્ય કરનારી થાય છે. પતિના આત્માની સાથે મનની સાથે અને કાયાની સાથે પોતાનું ઐક્ય કરે છે-પ્રેમ, શ્રદ્ધા, સરલતા, કોમલતા અને નમ્રતાને ધારણ કરી કુટુંબમાં પ્રશસ્ય બને છે, પતિના સર્વ બાબતોના આશયોને અને ચેષ્ટાઓને જાણી શકે છે, સહન શીલતાથી અને ગંભીરતાથી કુટુંબની મહત્તા સાચવે છે, બાલ બચ્ચાં. નોકર સંબંધી જનોની સાથે યોગ્ય રીતે વર્તે છે અને સર્વનો ચાહ સંપાદન કરે છે, ગૃહની દેવી તરીકેના સર્વ ગુણોને સંપાદન કરે છે અને પતિને સુખ શાંતિ આપવા સ્વાર્પણોને કરે છે એવી પતિવ્રતા સ્ત્રીથી તેનું ઘર શોભી શકે છે. પતિવ્રતા સ્ત્રી સાસુએ સોંપેલું કાર્ય ચીવટથી કરે છે અને ઉદારતાથી દેરાણી જેઠાણીઓને મદદ કરે છે, નણંદ વગેરે કઠીન શબ્દો કહે છે તો શાંતિથી સહે છે અને યોગ્ય મીઠા શબ્દોથી

આપે છે, કુટુંબકલેશ ટાળવામાં પોતાના વિચારોનો સદુપયોગ કરે છે, નવરાશ મળતાં પ્રભુને ભજે છે, બાળકો અને બાલાઓને નીતિનું શિક્ષણ મળે છે, કોઇ બુરી સખીની બદસલાહને માન્ય કરતી નથી, કાચા કાનની અને અસ્થિર મનની થતી નથી, વડીલોની મર્યાદા રાખીને કુટુંબની ચડતીમાં આત્મભોગ આપે છે, શીયલરૂપ આભૂષણ તેજ મહાન્ ગણે છે, સ્વપતિને વ્યાપાર વગેરેમાં સાહાય્ય આપે છે પતિની આજ્ઞાને માન્ય કરી પ્રવૃત્તિ કરે છે, હુંકારાં, મહેણાં, ગાળો વગેરે તેને વાયરે પણ જતી નથી, પોતાના પતિને દુષ્ટ દુર્જન વ્યસની મનુષ્યોથી બચાવવા સલાહ આપે છે, પતિની સાથે વિવેકથી વર્તે છે. પોતાના ઘરની આબરૂ વધે એવા સર્વ પ્રયત્નો તે સેવે છે. હૃદયને સર્વ બાબતોમાં આશ્વાસન આપે છે, પતિને ધર્મમાં સ્થિર કરે છે, પતિને અનુકૂળ પુષ્ટ ભોજન આપે છે, દેશકાલાનુસાર કેવી રીતે વર્તવું તેની પૂર્ણ માહિતી મેળવે છે, પતિની પ્રકૃતિ જ્યારે આકરી થઇ હોય ત્યારે ક્ષમા મૌનનું સેવન કરે છે અને પ્રસંગ પામી પતિને પોતાના આશયો જણાવે છે, પતિની આવક પ્રમાણે ખર્ચ કરે છે, પતિની સાથે મિષ્ટ ભાષણ કરે છે અને અતિથિયોનો સત્કાર કરે છે, પતિને સુખ શાંતિ મળે એવી રીતે વર્તનારી સ્રીથી પતિને સુખ થાય છે અને પતિવ્રતાના ગુણોથી ભ્રષ્ટ સ્રીથી પતિને સુખ થતું નથી પરંતુ મહા દુઃખ થાય છે, સુલક્ષણોવડે યુક્ત શિષ્યથી ગુરૂને સુખ મળે છે, વિનય, વિવેક, વૈયાવૃત્ય, શ્રદ્ધા અને ભક્તિથી શિષ્ય પોતાની ફરજ બજાવીને ગુરૂને સુખ આપે છે, ગુરૂની શ્રદ્ધા વિનાનો શિષ્ય નકામો છે, ગુરૂના પર શિષ્યનો પૂર્ણ પ્રેમ હોય છે તો તે ગુરૂના હૃદયને આનંદ આપી શકે છે, ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તનાર શિષ્ય હોવો જોઇએ, પોતાના ગુરૂની પ્રતિષ્ઠા કીર્તિ વધારનાર શિષ્ય હોવો જોઇએ, ગુરૂના સુખે સુખી અને દુઃખે દુઃખી થનાર શિષ્ય હોવો જોઇએ, ગુરૂની મરજી સાચવનાર શિષ્ય હોવો જોઇએ, ગુરૂની ભક્તિનો ભૂખ્યો શિષ્ય હોવો જોઇએ. ગુરૂની પાસે રહી ગુરૂનું હૃદય લેનારો શિષ્ય હોવો જોઇએ. ગુરૂના દ્રોહીઓ અને પ્રતિપક્ષીઓનો

સંગ ન કરનાર સુશિષ્ય હોય છે. ગુરૂની નિન્દાને કદાપિ સુશિષ્ય સાંભળતો નથી. ઉપર્યુકતગુણવિશિષ્ટ શિષ્ય પોતાના ગુરૂને સુખ આપે છે, અને કુશિષ્ય પોતાના ગુરૂને પગલે પગલે દુઃખ આપે છે. તે પ્રમાણે સુમિત્ર સુખ આપે છે અને કુમિત્ર દુઃખ આપવા સમર્થ થાય છે.

બહુસંગતિવાસથી મિત્રની પરીક્ષા કરવી.

માટે મિત્ર પરિક્ષીએ, કરી બહુ સંગતિવાસ;
દિલ ના દઇએ એકદમ, જો જીવ્યાની આશ. ૪૮

વિવેચનઃ—તે માટે જો જીવન સુખમય બનાવવું હોય તો જેની સાથે મિત્રસંધિએ ગુંથાઓ તેને તમારૂં હૃદય એકદમ પરીક્ષા કર્યા વિના સોંપશો નહીં. પ્રથમથીજ તેનામાં પૂર્ણ વિશ્વાસ રાખશો નહીં. તેની સાથે પુષ્કળ સંબંધમાં આવી તેની ઉચ્ચતા અને નીચતાનો અનુભવ લેવો જોઇએ, અને જ્યારે તે વિશ્વાસુ મિત્ર તરીકે રહેવા લાયક છે એમ જણાય ત્યારે હૃદયનાં દ્વાર ખુલ્લાં કરી યોગ્ય બાબતોનું તેની સન્મુખ બયાન કરવું.

મિત્રની પરીક્ષાઓ અનેક પ્રકારે થાય છે. મિત્ર પોતાની આગળ જેટલું બોલે છે તેટલું સાચું છે કે કેમ ? તેની ખાનગીમાં તપાસ કરવી. પોતાનો મિત્ર સત્યવક્તા છે કે અસત્યવક્તા છે તેની અનેક બાબતો વડે તપાસ કરવી. પોતાના વિના અન્ય મનુષ્યોના સંસર્ગમાં આવીને તે કેવા વિચારો જણાવે છે ? તેના અન્યમિત્રો આગળ પોતાના માટે કેવો અભિપ્રાય ધરાવે છે ? તેની પરીક્ષા કરવી. તેની આગળ પોતાનું બુરૂં બોલે એવા મનુષ્યો ગોઠવવા અને પશ્ચાત્ તેઓની સાથે કેવી રીતે વર્તે છે તેની તપાસ રાખવી. તેની આજુબાજુ ગોઠવાયલા મનુષ્યો કેવા વિચારવાળા અને કેવા આચારવાળા છે તેનો અનુભવ કરવો. મિત્ર થવા આવેલ મનુષ્ય બોલ્યા પ્રમાણે આચારમાં મૂકી બતાવનાર છે કે ફક્ત તડાકા મારનાર છે ? તેનો અનુભવ લેવો. મિત્ર બનવા આવેલ મનુષ્યમાં પણ ડહાપણ કેટલું છે અને તે પોતાના પ્રતિપક્ષીઓ સાથે કેવી રીતે વર્તે છે તેની ખાનગીમાં તપાસ

કરવો. મિત્ર બનવા આવનારમાં આત્મભોગ આપવાની શક્તિ છે કે કેમ ? તેનો અનુભવ લેવો. મિત્ર બનવા આવનાર મનુષ્યને દેશ સંબંધે કેટલી લાગણી છે, તેનો અનુભવ લેવો. મિત્ર બનવા આવનારને પોતાના કયા વિચારો અને કયા આચારો ગમે છે. મિત્ર બનવા આવનાર મનુષ્ય તુચ્છ કે અતુચ્છ છે ? તેનો અનુભવ લેવો. મિત્ર બનવા આવનાર મનુષ્યમાં ધર્મબળ, નીતિબળ, સાહસબળ કેટલું છે તેની પરીક્ષા કરવી. લોકોના અશુભ વિચારોની અને દુર્ગુણોની તેના પર તુર્ત અસર થાય છે કે કેમ ? તેનો યુક્તિપ્રયુક્તિથી અનુભવ લેવો. મિત્ર બનવા આવનારનો પોતાના વિચારો અને આચારો સંબંધે શો મત છે ? તેનો અનુભવ કરવો. મિત્ર બનવા આવનાર મનુષ્ય સ્વતંત્ર વિચારનો છે કે પરતંત્ર વિચારનો છે ? લોકોના ઠગાવ્યો ઠગી જાય એવો છે કે કેમ ? તેનો અનુભવ લેવો. મિત્ર બનવા આવનાર મનુષ્યમાં મનુષ્યજીવનમાં કયા કયાં કર્મો કરવાની ઈચ્છા છે અને તેની તે ઈચ્છાઓ પાણીના પરપોટા જેવી છે કે મજબુત છે ? તેનો અનુભવ કરવો. મિત્ર બનવા આવનારની બાહ્ય તથા આન્તરિક સ્થિતિ તપાસવી. જો તે કોઈ રીતે હાનિ કરનાર કદાપિ થાય એમ ન હોય અને ઉલટું પોતાના સદ્વિચારોમાં અને સદાચારોમાં ભાગ લેનાર અન્યમનુષ્યોનું જીવન સુધારનાર હોય તો તેવાને મિત્ર બનાવવો જોઇએ. મિત્રોએ પરસ્પર મિત્ર બનાવવામાં ઉપરના વિચારો ધ્યાનમાં રાખવા જોઇએ. શૂર-પરાક્રમી-બીરબલની પેઠે હાજરજવાબી, નીતિપરાયણ, ઉદારવિચારથી સાંકડાવિચારોપર જય મેળવનાર, દેશભક્ત, રાજ્યભક્ત, સ્વદેશનો સાચો હિતસ્વી, વિશ્વજનોની ઉન્નતિમાં આત્મભોગ આપનાર, જ્ઞાનધ્યાનપરાયણ, સ્વાશ્રયી, જાતમહેનતુ, આડંબર રહિત, જીંદગીનો એક શ્વાસોશ્વાસ પણ નકામો ન કાઢવાની તીવ્ર જીજ્ઞાસાવાળો મનુષ્ય મિત્ર થવાને લાયક છે. મનુષ્યનું હૃદય પારખનાર, ઔત્પાદિકી, વૈનયિકી, કાર્મણિકી, અને પારિણામિકી બુદ્ધિને ધારણ કરનાર અને બહુશ્રુત મનુષ્ય મિત્ર કરવાને તથા મિત્ર થવાને લાયક બને છે એમ પ્રસંગોપાત્ત અત્ર કહેવામાં આવે છે.

કંટકસમ મિત્રોનો ત્યાગ કરવો જોઈએ.

દુષ્ટ જનોની મિત્રતા, પગ પગ દુઃખ દેનાર;
કંટક વૃક્ષો સંગતે, વાગે કાંટા ધાર. ૪૯

વિવેચનઃ—જગતમાં નીચ મનુષ્યોની સંગતિ ડગલે ને પ
દુઃખને દેનારી છે. જેમ કાંટાની સોબતથી કાંટો વાગ્યા વગર
: નથી તેમ નીચ મનુષ્યની સંગતિ, નીચતા પ્રકટાવી દુઃખને
રી નીવડે છે. નીચ મનુષ્યની સંગતિ માટે આગરટાઈન નામે
ધ્યક્ષ કહે છે:—

" Bad company is like a nail driven in to a
st, which after the first and second blow, may
drawn out with little difficulty, but being once
iven up to the head, the pincers cannot take
ld to draw it out, but which can only be done
; the destruction of the wood. "

" કુસંગ એ એક લાકડાના સ્થંભમાં બેસાડેલા લોઢાના ખી-
ડાની તુલ્ય છે, એ ખીલા ઉપર પહેલો અને બીજો ઘા માર્યો પછી
તેને પાછો કાઢી લેવો હોય તો તે થોડી પરાકાષ્ઠાએ નીકળી શકે,
પણ એકવાર તેને માથે છુટ સજ્જડ બેસાડ્યા પછી પાછો કાઢવો
હોય તો પછી સાણસીની પકડમાં પણ આવી શકતો નથી, અને તે
લાકડું ભાગ્યા સિવાય તે પાછો નિકળનાર નથી. " માટે નીચની
મિત્રતા ઉંડાં મૂળ ઘાલી ન બેસે તે માટે સાવચેતી રાખી જલદી
તેવી મિત્રતાને ટાળવા પ્રયત્ન આદરવો. જેવી રીતે કાગડાની સોબ-
તથી હંસડાને સહેવું પડે છે તેવી રીતે તેવા મનુષ્યની સોબતથી
સજ્જનને ખમવું પડે છે. કદાપિ દુર્જન મિત્ર વિદ્યાથી અલંકૃત
હોય તો પણ તેનો ત્યાગ કરવો. મણિથી અલંકૃત સર્પ શું ભયંકર
નથી ?

કાંટાળાં વૃક્ષોની પાસમાં રહેતાં બહુ સાવચેતીથી જુત્તાં વગે-
રેથી રહેવું પડે છે. કાંટાળાં વૃક્ષોનો કાંટા લગાડવાનો ધર્મ છે માટે

તેની પાસે બેસતાં ઉઠતાં બહુ સાવધાનતા રાખવી. સારાં વૃક્ષ પાસે કાંટાળાં વૃક્ષ હોય છે. કાંટાળાં વૃક્ષોને ઉછેરવાની મહેનત કરવી પડતી નથી. તેમ દુર્જન મિત્રોને મેળવતાં મહેનત પડતી નથી. શોક ચિંતા દુઃખ વગેરે ન થાય એવી રીતે દુર્જનોની સાથે વર્તવામાં કાળજી રાખવી.

પરદેશી શુવરસમ કુમિત્રનો ત્યાગ કરવો જોઇએ.

પરદેશી શુવર સમો, મિત્ર કરતાં દુઃખ;
મર્મ હણી મૃત્યુ કરે, મળે ન ક્યારે સુખ. ૫૭

વિવેચનઃ—જે મનુષ્યો પરદેશી શુવર જેવા છે, તેઓની સાથે મૈત્રી કરવામાં આવે તો દુઃખને દેનારા થાય છે. પરદેશી શુવરના કાંટાનો એવો સ્વભાવ છે કે જો તેનો એક પણ કાંટો વાગ્યો હોય, અને જો તેને કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે તો બહાર નિકળવાને બદલે ઉંડો ને ઉંડો પેસે છે, અને દુઃખને દૂર કરવાને બદલે દુઃખને વધારનાર થાય છે. પરદેશી શુવર સમાન મિત્ર કરતાં દુઃખ પડે છે. પરદેશી શુવર સમમિત્ર, પ્રસંગે વિરૂદ્ધ પડીને હૃદયનો મર્મ હણીને મૃત્યુ સમર્પે છે. તેવા મિત્રથી પગલે પગલે દુઃખ થાય છે, પણ ક્યારે સુખ મળતું નથી. ગુજરાત વગેરે દેશોમાં પરદેશી શુવરની ઘણી ઉત્પત્તિ છે. દેશી શુવર કરતાં પરદેશી શુવર તો બહુ વસમો હોય છે. પરદેશી શુવરનો કાંટો જો પગમાં ઉંડો પેસી ગયો હોય છે તો છ માસનો ખાટલો આવે છે. પરદેશી શુવરનાં ફલોને ઢેડ લોકો વગેરે નીચજ્ઞાતિ ખાય છે. પરદેશી શુવર સમા મનુષ્યો બહુ ક્લેશી હોય છે. તેઓની સાથે સજ્જન સંતોષી મનુષ્યોનો મેળ આવતો નથી. પરદેશી શુવરના જેવા કંટક મનુષ્યોને મિત્ર ન કરવા જોઇએ. પરદેશી શુવરનો વાડને સ્થાને ઉપયોગ થાય છે, તેમ તેવા મનુષ્યોનો મિત્રોની રક્ષામાં વાડના સ્થાને ઉપયોગ કરવાની જરૂર છે પરંતુ તેઓને મિત્ર કરવાની જરૂર નથી. આધ્યાત્મિકદષ્ટિએ રૈદ્રપરિણામને પરદેશી શુવર અવબોધવા. હિંસાનુબંધિરૈદ્રધ્યાન, મૃષાનુબંધીરૈદ્રધ્યાન,

અસ્તેયાનુબંધીરૌદ્રધ્યાન અને પરિગ્રહાનુબંધીરૌદ્રધ્યાન એમ રૌદ્રધ્યાનના ચાર ભેદ પડે છે. રૌદ્રધ્યાનપરિણામથી આત્માને ચાર ગતિની ચોરાશીલાખજીવયોનિમાં જરા માત્ર પણ શાંતિ મળતી નથી. જેને રૌદ્રપરિણામના કાંટાઓ વાગે છે તેની શુદ્ધબુદ્ધિ નાશ પામે છે, અને તે અશુભકર્મના વિપાકો ભોગવે છે. રૌદ્રધ્યાન પરિણામનાં ફલ મહા માઠાં આવે છે. રૌદ્ર પરિણામ રૂપ મિત્રની સંગતિથી આ વિશ્વમાં કોઈ જીવ સુખી થયો નથી અને થવાનો નથી. જેને રૌદ્રધ્યાનના કાંટા લાગેલા છે તેનું મન જરા માત્ર પણ સ્થિર રહેતું નથી આવથી પરદેશી ગુવર તે રૌદ્ર ધ્યાન છે. રૌદ્ર ધ્યાન કરવામાં નિમિત્તભૂત થતા મનુષ્યો પણ તેવા છે. રૌદ્રધ્યાનથી આત્માની જ્ઞાનાદિક શક્તિયોનો નાશ થાય છે. માટે સદ્ગુરૂનું શરણ સ્વીકારીને રૌદ્રધ્યાનરૂપબાવ ગુવરના કાંટાએથી દૂર રહેવું જોઇએ.

ગુલાબ સરખા મિત્રોનો આદર કરવો જોઇએ.

ગુલાબ સરખા મિત્રના, કાંટા શીખ સમાન;
સુવાસ અર્પી જીવને, રાખે સુખમાં માન, ૫૨

વિવેચનઃ—ગુલાબ સરખા મિત્રો છે તે મિત્રને સુખમાં રાખે છે. ગુલાબમાં જેમ રક્તતા હોય છે તેમ મિત્રોમાં પ્રેમની રક્તતા હોય છે. ગુલાબને કાંટા હોય છે તેમ મિત્રોને શીખ રૂપી કાંટા હોય છે. ગુલાબને જેમ સુવાસ હોય છે, તેમ પ્રિયમિત્રોમાં સ્વાર્પણ, ત્યાગ, દયા-ભક્તિ અને પ્રેમરૂપ સુવાસ હોય છે. એવો આત્મપ્રેમી પ્રસંગે અનેક દુઃખોમાંથી બચાવીને સુખમાં રાખે છે. પ્રિયમિત્રરૂપ ગુલાબને શિખામણ રૂપ કાંટા તો હોય છે તેમ છતાં તેની પ્રિયતા, સહાયતા તો એક સરખી રહે છે. ગુલાબ પુષ્પો સર્વને એક સરખી સુગંધ આપે છે તેમ ગુલાબ સરખા પ્રિય મિત્રો સર્વ જીવોને ગુણોની સુગંધ આપે છે. ગુલાબનાં પુષ્પો સર્વ દેવોને ચડે છે. તેમ ગુલાબ પુષ્પસમાન મિત્રો વિશ્વમાં સર્વ મનુષ્યોને પૂજ્ય હોય છે. સુમિત્રોમાં ગુલાબના રંગની પેઠે શુદ્ધ રાગરૂપ રક્તતા પીકેલી હોય છે. મિત્રોમાં શુદ્ધપ્રેમ, શુદ્ધ

રાગ હોય છે તો તેઓની આંખો અન્ય ભવમાં અવતાર લીધા છતાં એક બીજાને તુર્ત ઓળખી શકે છે. દૃઢપ્રેમવિના મિત્રતા હોતી નથી. પ્રેમથી શ્રદ્ધા, પૂજ્યતા, સહાનુભૂતિ વગેરે ગુણો પ્રકટે છે. **એક બીજાના હજારો અપરાધોને પણ પી જનાર પ્રેમ છે. એક બીજાના હજારો દોષોને નહીં ગણનાર અને એકીભાવે રસનાર પ્રેમ છે.** પ્રેમ છે ત્યાં જીવતી મૈત્રી છે અને જ્યાં પ્રેમ નથી ત્યાં જીવતી મિત્રતા નથી. પરસ્પરમિત્રોને એકતામાં જોડનાર પ્રેમ છે. લયલા અને મજનુની પેઠે પ્રેમથી પરસ્પર મિત્રોમાં એક બીજાની સાથે તન્મયીભાવ થાય છે. એક બીજાને માટે પ્રાણાર્પણ કરાવનાર પ્રેમ છે. પ્રેમવિના પ્રથમ મિત્રોમાં મૈત્રીભાવનું ચૈતન્ય આવતું નથી. એક બીજાને દેખી જ્યાં સહેજે પ્રેમ ખીલે છે ત્યારે મિત્રતા બંધાય છે. આંખે આંખ મળવામાં પણ આંખો પરસ્પર પ્રેમી દેખાય છે તો મિત્રતા થાય છે. પ્રેમવિના પરિષહ, દુઃખો વેઠી શકાતાં નથી. મુક્તિમાં પણ પ્રેમવિના આગળ પ્રવૃત્તિ થઈ શકતી નથી. માટે સર્વ પ્રશસ્યસંબંધોમાં પ્રેમની આવશ્યકતા છે. બન્ને મિત્રોમાં એક સ્વરૂપે રમનાર તો પ્રેમ છે. પ્રેમ રસવિના મિત્રતામાં રસ આવતો નથી. પ્રેમરસવિનાની વાર્તાઓ તો લુલુના જેવી લાગે છે. આ ઉપરથી અવબોધાશે કે પ્રેમવિના મિત્રતા સંબંધ નથી. એક પ્રભુને પ્રગટાવવાની પેઠે વિશુદ્ધપ્રેમને પ્રકટાવવામાં આત્મભોગ આપવો પડે છે. વિશુદ્ધપ્રેમ વાળા ગુલાબ સરખા મિત્રોના સહવાસથી આનન્દ ખુમારી પ્રકટે છે અને તેથી સ્વર્ગીય સુખનો એક ન્હાની સરખી ઝુંપડીમાં પણ અનુભવ આવે છે. પ્રેમી મિત્રનું યુગલ વનમાં ભટકીને ફળ ફુલ ભક્ષીને જે આનંદ માણે છે તે આનંદને શહેનશાહો પણ અનુભવી શકતા નથી. નૈસર્ગિક ગુલાબોના સમાન નૈસર્ગિક પ્રેમી મિત્રોની ગોષ્ઠીમાં જે સુખ મળે છે તે સુખને લક્ષ્મીવંત અને સત્તાધીશ પામી શકતા નથી. પ્રભુમસ્તભક્તપ્રેમીઓના ભાગ્યમાં નૈસર્ગિક સુખ લખાયું છે. ગુલાબપુષ્પસમાન મિત્રોથી થોડા દૂર રહેનારા મનુષ્યોને પણ તેઓના ગુણોની સુવાસ આવે છે માટે તેઓને પણ ધન્યવાદ ઘટે છે, કે તેઓ ગુલાબોની પાસે રહેવાને ભાગ્યશાળી થયા છે. શુદ્ધપ્રેમ

જેવો પ્રકટાવે છે તેઓને તેવા મિત્રો મળે છે 'યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી' જેને જેવી ભાવના હોય છે તેને તેવી સિદ્ધિ થાય છે. ગુલાબ સરખા મિત્રો પામવા તેવા ગુણો પ્રકટાવે છે તેને તેવા મિત્રો અવશ્ય મળે છે.

કમલ સમાન મિત્રનું સ્વરૂપ કહે છે.

કમલસમ મિત્રો ભલા, રહે નિર્લેપ સદાય;
હંસોને રાજી કરે, નિર્મલ સદા સુહાય. ૫૨

વિવેચનઃ—કમલનો સ્વભાવ નિર્લેપ છે તે હંસોને બિસતંતુ વગેરે સમર્પીને રાજી કરે છે. કાદવથી વૃદ્ધિ પામી વધે છે છતાં નિર્મલ રહે છે. તદ્વત્ કમલ સમાન મિત્રો વિશ્વમાં મિત્રની ફરજ અદા કરવાને માટે ભલા હોય છે. તેઓ મિત્રોના સર્વકાર્યોમાં પોતાની શક્તિથી સહાય કરે છે. ભેદપણું માનતા નથી. તેઓ મિત્રોના સંબંધમાં દ્વેષ, ઈર્ષ્યા, કુસંપ આદિદોષથી નિર્લેપ રહે છે. પોતાના આત્મ સમાન હંસમિત્રોને આનંદમાં રાખે છે અને ભેદભાવ, કપટ વેરરૂપ કાદવથી દૂર રહી નિર્લેપ રહે છે.

જેમ જલમાં કમલ રહે છે પણ જલથી નિર્લેપ રહે છે. બિસતંતુ વગેરેથી કમલ રાજી કરે છે તેમ કમલસમાન નિર્લેપ મિત્રો આ વિશ્વમાં રાગદ્વેષથી ન્યારા રહે છે. વિશ્વમાં કર્મયોગીઓ બનીને નિષ્કામપણાથી સ્વાધિકારે સર્વકાર્યો કરે છે પણ અન્તરમાં કોઇ પણ પ્રકારની આસક્તિ રાખતા નથી. આ સંસારમાં આસક્તિવિના કર્મો કરતાં કોઇ જાતનું બન્ધન પ્રાયઃ થતું નથી. આસક્તિવિના કર્મ કરવાને સર્વજીવોને અધિકાર છે એમ ભગવદ્ગીતાના વિવેચનમાં નિશ્ચે સમ્યક્ વર્ણન કર્યું છે. કર્મયોગી સુમિત્રો વિશ્વમાં સર્વ કાર્યોને ગુણકર્મના અનુસારે કરે છે પણ તેમાં તે બંધાતા નથી. ઉલટું તેથી તેમના આત્માની શુદ્ધતા થાય છે. મિત્રકર્મયોગીઓ મિત્રો માટે ગુણકર્મના અધિકાર પ્રમાણે જે જે કાર્યો કરવાં પડે છે તે કરે છે પરંતુ તેમાં તે લેપાતા નથી. માટે તેઓને કમલસમાન નિ-

કહેવામાં આવે છે. આત્માનો સ્વભાવ, કમલની પેઠે નિર્લેપ છે. આત્મા પોતાના શુદ્ધોપયોગવડે સર્વકર્ત્તવ્યકર્મોને કરે છે પરંતુ તેમાં તે લેપાતો નથી. ભરતરાજા, કૃષ્ણ, શ્રેણિક વગેરે સમ્યક્ત્વવિવેકી આત્માઓ કમલસમાન નિર્લેપ હતા એમ અપેક્ષાએ કહેવામાં આવે છે. કમલસમનિર્લેપકર્મયોગીઓ સ્વાત્મમિત્ર રૂપ હંસોને અનેક પ્રકારના શુદ્ધોપયોગના વિચારો આપીને પ્રમુદિત કરે છે. મિત્રોએ વિશ્વમાં શુભાશુભમાં મનની સમાનતા રાખી કમલ જેવા બનવું જોઇએ. કમલ સમાન બનવાથી આશા સ્વાર્થ વગેરે દોષોનો નાશ થાય છે. સર્વ મનુષ્યોને કમલ પ્રિય લાગે છે અને સર્વ મનુષ્યોને સુગંધી આપે છે, તેમ કમલ સમાન મિત્રો પોતાની પાસે આવનારા સર્વ મનુષ્યોને ગુણોની સુવાસ આપે છે. તેઓ સર્વ મનુષ્યોમાં ગ્રાહ્ય-પ્રિય થઈ પડે છે. માટે કમલસમાન મિત્ર રૂપ પોતે બનવું જોઇએ અને સ્વમિત્રોને કમલ સમાન નિર્લેપ બનાવવા જોઇએ કે જેથી તેઓ સંસારમાં રાગદ્વેષથી લેપાય નહીં. આધ્યાત્મિક શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી અને તેનું મનન કરવાથી કમલ સમાન નિર્લેપતા ધારણ કરવાને આત્મા સમર્થ બને છે. દૂરથી પણ પ્રીતિ કરીને સૂર્યની સાથે કમલપ્રીતિ નભાવે છે. ચકોર અને પતંગીયો ચંદ્ર તથા દીપકની સાથે પ્રીતિ કરીને નભાવે છે તેમ પ્રીતિને નભાવવી જોઇએ કહ્યું છે કે:—

> कर्तव्या खलुनैव धर्मविमुखैर्मैत्री विचारं विना ।
> जाता चेत् सहसा कथंचिदपिवा प्राणान्तकष्टेऽपिसा
> संरक्ष्या निजमित्र निष्ठुरहृदि स्नेहेप्यलब्धेमना
> गेतद्रीतिसमाश्रयेण कमलाद्येषु स्थिरा दृश्यते ॥

એક પાક્ષિકી પ્રીતિ કરીને કમલ, ચકોર અને પતંગીયાની પેઠે નિર્વહવી જોઇએ તે માટે એક કવિ કહે છે કે:—

> पद्मंसूर्यनिरीक्षणे विकसितं सूर्येन पद्मेक्षणे.
> चन्द्रंवीक्ष्यपचकोरकः प्रमुदितश्चन्द्रो न संप्रेक्ष्यतम् ।

दृष्टो दीप निरीक्षणेन शलभो दीपस्तु तद्दाहकः
किं वैषम्य मिदं महत्तरमहो न प्रीतिविच्छेदकम् ॥

કમલની પેઠે નિર્લેપ પ્રીતડી તથા એક પાક્ષિકાદિપ્રીતિને ધારણ કરી મિત્રો નિર્લેપપણે સહેજે મિત્રકર્ત્તવ્યોને કરે છે. તે અત્ર જણાવવામાં આવેલ છે.

જલે દુગ્ધથી મિત્રતા, કરી બળે તે પહેલ;
એવા મિત્રો વિશ્વમાં, મળવા બહુ મુશ્કેલ. ૫૩

વિવેચનઃ—દુધ જળની સાથે સંબંધમાં આવતાં પોતાની મધુરતા અર્પે છે, અને એકયરૂપ બને છે. અગ્નિનો સંયોગ થતાં દુધને બળતું જોઇ જળ, મિત્ર ધર્મ સમજી પ્રથમ બળે છે. મિત્ર ખાતર પોતાનું સ્વાર્પણ કરે છે. પોતાના પ્રિય જળમિત્રને આપત્તિમાં જોઇ પોતે બળવાનું શરૂ કરે છે, ઉભરાવા લાગે છે, પણ પર અર્થે જેનો દેહ છે, મિત્રના ભલા માટેજ જેણે દેહ ધારણ કર્યો છે તેવો તેનો જળમિત્ર હર્ષથી છંટાય છે, અને ઉભરાતા બળતા દુધમિત્રને સાહાય આપી દુઃખ ટાળે છે. બળતાં બચાવે છે. એ રીતે જળ પોતાના સ્વરૂપનો નાશ કરે છે. એવા જલ સમાન મિત્રો ખરેખર આ વિશ્વમાં પ્રાપ્ત થવા એ મુશ્કેલ કાર્ય છે. સ્વપ્રાણોને સમર્પણ કરી મિત્રને જીવતા રાખવા એ કંઇ સામાન્ય વાત નથી. જ્યારે મેવાડનો પ્રતાપ રાણો અરવલ્લીના પર્વતમાં સલીમની સાથે યુદ્ધમાં ચઢયો, ત્યારે બાદશાહી પ્રચંડ સૈન્યથી ઘેરાઇ ગયો. તે વખતે તેના મિત્ર માનસીંગ ઝાલાએ પ્રતાપનું છત્ર શિર્ષ પર ધરાવ્યું તેથી પ્રતાપરાણો નાશી ગયો, અને માનસંગ ઝાલો યુદ્ધમાં સ્વાહા થઇ ગયો. મિત્રો! જીવતર સર્વને પ્રિય હોય છે. કોઈ મરવા ઇચ્છતું નથી, પરંતુ ખરી વખતે, મિત્રની હાડમારીના પ્રસંગે, તેના મૃત્યુ પ્રસંગે, દેશ ભક્તિ પ્રસંગે મિત્ર જીવનાર્થે સ્વપ્રાણોની આહુતિ આપવામાં આવે છે. ત્યારે જળ સમાન મિત્ર બની શકાય છે. પ્રતાપને માનસીંગ ઝાલા જેવા મિત્રો

હતા તેથી તેણે મેવાડનો ઉદ્ધાર કર્યો. જળ સમાન સ્વાર્પણ કરનાર મિત્રો મળે છે તો કોઇ જાતનું દુઃખ રહેતું નથી, અને સર્વ પ્રકારની શુભોન્નતિ પ્રાપ્ત કરી શકાયછે.

ઉત્કટ મૈત્રીના ઉદાહરણનો શ્લોક અત્ર જણાવવામાં આવે છે.

मैत्री लक्षणमुत्तमं शुभतरं चेदूवांच्छसिमेक्षितुं ।
पश्य प्रेम तदात्र दुग्धजलयो रैक्यं समापन्नयोः ॥
दुर्बुकस्य विनाशनं किमपरं स्वास्थ्यं समालम्बते ।
यद्वा स्वल्पतरापि किं विषमता मध्येऽनयोर्विद्यते ॥

ઉપરના વિવેચનમાં આ શ્લોકનો ભાવ સમાઇ જાય છે. દુગ્ધ જલની મિત્રતાનું દૃષ્ટાંત વિચારીને મનુષ્યોએ જલસમાન મિત્ર બનવું જોઇએ અને મિત્રાર્થે આત્મત્યાગ કરવો જોઇએ. મનુષ્યોની વીતરાગદેવપર એકપાક્ષિકી પ્રીતિ પ્રગટે છે. એકપાક્ષિકી પ્રીતિમાં કોઇનો નિષ્કારણ સ્વાભાવિક અધિક પ્રેમ હોય છે અને તે પ્રેમથી સામાને મળવા સર્વ સ્વાર્પણ કરે છે. પ્રેમમાં મરણ તો સ્વાભાવિક છે. દેવ, ગુરૂ, ધર્મના પર પ્રેમ ધારણ કરીને આત્માની શુદ્ધતા કરે છે તેઓ મિત્રને ધર્મમાં આકર્ષીને તેને શુદ્ધ–ઉત્તમ બનાવે છે. મિત્રોની સાથે એકપાક્ષિક શુદ્ધપ્રેમધારક મિત્રોની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે. આત્મજ્ઞાની મિત્રો તેવા હોઈ શકે છે.

પ્રમાણિક મિત્રનું સ્વરૂપ કથે છે.

મિત્ર પ્રમાણિક જો મળે, તો સહુ નાસે દુઃખ;
વાત વિસામો મિત્ર છે, તે વણ મળે ન સુખ. ૫૪

વિવેચનઃ—પ્રમાણિક મિત્ર મળવાથી સર્વ દુઃખનો નાશ થાય છે. જે મિત્રમાં પ્રમાણિકપણું હોય છે ત્યાં દગો, ફીસાદ, ચોરી, અવિશ્વાસ, વિશ્વાસઘાત, સ્વાર્થપણું વગેરે દુર્ગુણોને તિલાંજલિ આપવામાં આવી હોય છે, તેથી પોતાના મનમાં કોઈ પણ બાબતની વિહ્વલતા રહેતી નથી. અને નિશ્ચિતપણે પોતાના માર્ગમાં રઈ

કહેવામાં અતિશયોક્તિ નથી વાતનો વિશ્રામભૂત પ્રમાણિક મિ છે. પ્રમાણિક મિત્રની પૂજ્યતા માટે જેટલું કહીએ તેટલું ન્યૂન છે. પ્રમાણિક મિત્રના બળથી પ્રમાણિકતા આવે છે અને અનેક દુઃખોનો નાશ થાય છે માટે મનુષ્યોએ પ્રમાણિક મિત્રો પ્રાપ્ત કરવા જોઇએ.

સજ્જન મિત્રમેળથી આત્માની કેવી ઉન્નતિ થાય છે તે જણાવે છે.

સજ્જનમિત્રના મેળથી, જીવન સફળતા હોય;
જ્ઞાની મિત્ર મળ્યા થકી, નડે ન નિજને કોય. ૫૫

વિવેચનઃ—સજ્જન મિત્રના સંગથી જીવનની સફળતા થાય છે. જીવનનો ઉદ્દેશ જ્ઞાન, તપ અને ચારિત્ર એવી આત્મામાં રહેલી પરમાત્મશક્તિ ફોરવવાની યથાશક્તિ મહેનત કરી દિવ્ય-ધામે પહોંચવા જીવનપ્રવાહ આગળને આગળ વધારવાનો હર્ષ તે ઉપરે શાનુસાર જે આન્તરિક સૃષ્ટિની શુદ્ધિની જરૂર છે, તેવીજ રીતે બાહ્ય સૃષ્ટિની શાન્તિની આવશ્યકતા છે. Man is the creature of circumstances સંયોગો માણસને બનાવે છે. તે પ્રમાણે મિત્રો નીકટના સંબંધી હોઈ સંયોગોની ઉત્પત્તિમાં ભાગ લેનાર છે. સજ્જન મિત્રના સંબંધથી શુભસંયોગો દુર્જનના સંબંધી અશુભ સંયોગો અને અનુક્રમે ફળપ્રાપ્તિ પણ તેજ પ્રમાણે થાય છે. સજ્જનની મિત્રાચારીમાં જીવનમાં કલેશ, દુઃખ, વિહ્વળતા, ઉદાસીનપણું વગેરેને બદલે શાન્તિ, સુખ અને આનંદ નજરે પડે છે. જીવનમાં રસ માલુમ પડે છે અને જીવનઝરણું શુષ્ક થતું નથી. કહ્યું છે કે,

महानुभावसंसर्गः कस्य नोन्नतिकारकः ।
रथ्याम्बु जान्हवी सङ्गा त्रिदशैरपि वन्द्यते ॥

"મહાત્મા પુરૂષનો સંબંધ કોની ઉન્નતિ કરતો નથી ? સર્વની કરે છે. શેરીના પાણીને ગંગાના સંગથી દેવતાઓ પણ નમે છે."

વળી સદ્‌સંગતિથી અવર્ણ્ય લાભ થાય છે. એમરસન્ કહે છે કે

n good company the individuals merge their
son into a social soul exactly co-extensive
the several consciousnesses there present.
અંગ્રેજીમાં કહ્યું છે કે "Keep good company and you
be of the member." સજ્જનમિત્રની સંગતિથી વિશ્વ
માં વિચરતા મનુષ્યોના ગુણ રૂપ પુષ્પની ખીલવણી થાય છે.
સમય વાસ અર્પી સ્વજીવન અને પરજીવને રસકસવાળું કરે
સદાચાર પ્રકટાવે છે, અને જીવનમાં લાલિત્ય અર્પે છે.

જ્ઞાની મનુષ્ય જ્ઞાનથી સારાસાર વસ્તુને પારખી શકે છે. વિવેક-
તેથી સારાસારવસ્તુનો ત્યાગ કરી પ્રપંચજાળથી ફસતો બચે છે,
તે પરિણામે જ્ઞાની મિત્રના સંગથી અનુપમ આનંદની ખુમારીનો
ગી બની અનહદ સુખાસ્વાદ લે છે.

જ્ઞાની મિત્રથી સર્વ દિશાઓ સુજે છે.

સર્વ દિશાઓ સૂજતી, જ્ઞાની મિત્રથી માન;
સરસ જીવન નવલું થતું, પ્રગટે દૈવિક તાન. ૫૬

વિવેચનઃ—જ્ઞાનથી સર્વ દિશાઓનું ભાન થાય છે. શારીરિક
જ્ઞાનથી શારીરિક કાર્યો કરી શકાય છે, માનસિકજ્ઞાનથી બુદ્ધિનાં કામો
કરી શકાય છે, અને આત્મજ્ઞાનથી નિવૃત્તિમાર્ગના ભેદો સમજી
સંસારની અસારતા, દેહનું નષ્ટપણું, પુણ્ય, પાપ, સુખ, દુઃખ, શરીર
અને આત્માનું ભિન્નપણું પરખાય છે અને તેથી તેની ખોટી મમતા,
રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે અનીતિના માર્ગે ઘસડનારા
અને નરકની બારી દેખાડનારા દુર્ગુણોનો નાશ કરી શકાય છે. સારા-
સાર વસ્તુનું જ્ઞાન થાય છે. દુનીઆના માયાવિ પડદા પાછળ પ્રકાશ
કરતી દેવી ઝાંખીનું ભાન થતાં ૐ સતચિદાનંદસ્વરૂપમાં લુબ્ધ થઇ
એકરંગી બની, દિવ્યઆનંદરસનું પાન કરાય છે, દૃશ્ય વસ્તુઓની
ક્ષણિકતા સમજી પોતાની જાતને દુનિયાના પટમાં ભિન્ન માની
જીવનની સાફલ્યતા કરાય છે અને અનહદ આનંદરસનું અટે ...

સ્વરૂપ પ્રકટ કરાય છે, ત્યારેજ તેને મનુષ્યજન્મની કિમ્મત સમજાય છે, તથા દેવોને પણ દુર્લભ એવા મનુષ્યભવની ઉત્તમતા વધારવા પ્રયત્ન કરાય છે. મનુષ્ય પુરૂષાર્થ કરી યત્કિંચિત્ સાર્થકતા પણ મેળવે છે, જીવન તેથી નવલું બને છે, અને વિશેષ જીવવા ઉત્સુક થાય છે. આત્માના પ્રદેશોમાં દેવીતાનની મોરલી વાગે છે. તેના દિવ્ય આલાપમાં આત્મા લીન બને છે, અને તે શાન્તસમાધિમાં એકરંગી બની યોગીઓએ પીધેલા અમૃતરસનું પાન કરી અનહદ આનંદને પ્રાપ્ત કરે છે. તેનું અલૌકિક સ્વરૂપ તેના અનુભવીઓ સિવાય કોઈ જાણી શકતું નથી. ખરેખર જ્ઞાનીઓની સંગતિની મહત્તા મહાપુરૂષોએ અલૌકિક કહી છે તે યથાર્થ છે.

લાખો કરોડો રૂપૈયાના વૈભવોનો ત્યાગ કરીને અને રાજ્યસત્તાનો ત્યાગ કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે મનુષ્યો અનુભવી આત્મજ્ઞાનીઓની સેવા કરે છે, કારણ કે આત્મજ્ઞાન પામ્યાથી સર્વ દિશાઓ સુઝે છે. અજ્ઞાનાવસ્થામાં દશેદિશાઓમાં શૂન્યતા લાગે છે, પરંતુ આત્મજ્ઞાનાવસ્થામાં આત્માનો સાક્ષાત્કાર થવાથી સર્વ દિશાઓમાં બ્રહ્મભાવની ધ્યેયદૃષ્ટિયોગે કંઇક નવું અનુભવાય છે, અને એકાંત જંગલમાં પણ જડ વસ્તુઓના જ્ઞાનના સંબંધે કંઇક અલૌકિક આનંદ અનુભવાય છે. ગૃહસ્થાવસ્થામાં અને ત્યાગાવસ્થામાં આત્મજીવન પ્રકટાવી શકાય છે. આત્માના અનુભવજ્ઞાનથી દૈવિક તાન પ્રકટે છે. આત્મજ્ઞાની મિત્રોની સોબત કરવાથી આત્મશક્તિયોનો વિકાસ થાય છે, અને સર્વત્ર પ્રભુમયજીવન અનુભવી શકાય છે. આત્મજ્ઞાનના બળવડે શોક, ચિન્તા વગેરે દુઃખનાં વાદળોને મનપર આવતાં જ દૂર હઠાવી શકાય છે. આત્મજ્ઞાની મનુષ્યોને મિત્રો કરવાથી સર્વ દર્શનના મતકદાગ્રહોમાંથી જૂદું સત્યપ્રભુસ્વરૂપને ઓળખી શકાય છે. આત્માની પાસે મન છે તે શિષ્ય સમાન છે અને શુદ્ધ બુદ્ધિ છે તે પ્રધાન છે. આત્માનો શુદ્ધોપયોગ છે તે આત્માની પરમાત્મતા કરે છે તેથી તે આત્માનો સત્યમિત્ર ગણાય છે. શુભાશુભ પરિણામ વિના શુદ્ધોપયોગથી કર્તવ્ય કાર્યો કરાય છે, ત્યારે પરમબ્રહ્મ

સંબંધ બાંધવો જોઇએ. જેનામાં કુદરતી પ્રેમ છે તેનામાં મિત્ર વિરહે જીવવાની શક્તિ રહેતી નથી. અકબર બાદશાહના મિત્રો મૃત્યુ પામ્યા બાદ અકબર બાદશાહ પછીથી ઘણાં વર્ષ જીવ્યા નહોતા. શ્રી હેમચંદ્રપર શ્રી કુમારપાલ રાજાનો અત્યંત પ્રેમ હતો. પોતાના ગુરૂના મૃત્યુ પછી થોડા વર્ષમાં કુમારપાલ મરણ પામ્યા હતા. રામનું મૃત્યુ શ્રવણ કર્યા બાદ તુર્ત લક્ષ્મણે સ્વદેહનો ત્યાગ કર્યો હતો. દેહરૂપ મિત્રનો સંયોગ જ્યારે આત્મા ત્યાગે છે, ત્યારે દેહ પોતાનું મૂલસ્વરૂપ બદલી નાખે છે. જળમાં કમલને જે આનંદ પ્રકટે છે, તે સ્થળમાં પ્રકટતો નથી. આત્મા સ્વશુદ્ધસ્વરૂપ મિત્રની સંગતિથી જીવી શકે છે. તે વિના જીવી શકતો નથી. સત્-ચિદ્આનંદસ્વરૂપ આત્મા છે. દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ આત્મા છે. પોતાના શુદ્ધબ્રહ્મસ્વરૂપ આત્માઓના મિત્રો ખરેખર આત્માઓ છે પણ જડ પદાર્થો નથી. જડ પદાર્થોની અહંતા અને મમતાથી કદાપિ સત્ય શાન્તિનો લાભ કોઇને મળ્યો નથી અને ભવિષ્યમાં કોઇને મળનાર નથી. જડ પદાર્થો કદાપિ આત્માપર પ્રકાશ કરી શકવાના નથી. આત્માની પરમ પ્રભુતા અને પરમાનંદને સમજવા માટે જડ પદાર્થો કદિ સમર્થ થવાના નથી, માટે જડ પદાર્થોની પ્રાપ્તિ માટે જડ પદાર્થોને અને જડ જીવોને, જ્ઞાની મિત્ર કરી શકતો નથી. જડવિષયોની તૃષ્ણાનો કદિ અંત આવતો નથી. વિષયો પણ આત્માની મિત્રતા સમજવા શક્તિમાન્ થતા નથી માટે વિષયોમાં મુંઝાઇને જ્ઞાની આત્માઓએ કદાપિ આત્માઓપર તુચ્છતા ધારણ કરવી નહિ. આત્માના જ્ઞાનદર્શન ચારિત્રગુણોની આત્માની સાથે મિત્રતા છે તે આત્માનો ત્યાગ કરીને અન્યત્ર રહેતા નથી. આધ્યાત્મિકદૃષ્ટિએ આ પ્રમાણે મિત્રની મિત્રતા અવબોધીને આત્માની મિત્રતા પ્રાપ્ત કરવી જોઇએ. હવે વ્યાવહારિક જલકમલ મિત્રતા સંબંધી સ્પષ્ટ બોધ આપવામાં આવે છે. જલમાં રહેલા કમલની પેઠે સ્વમિત્રોની સાથે મૈત્રી સંબંધ બાંધવો જોઇએ. સ્વમિત્રોનો કદાપિ ગમે તેવા પ્રસંગોમાં ત્યાગ કરીને પ્રેમી મિત્ર જીવી શકતા નથી. ઉત્તમ પ્રેમી સ્ત્રી પોતાના પ્રાણવલ્લભની સાથે શરીરની ખાખ કરે છે. તેમ મિત્રો પણ સ્વમિત્રો માટે પ્રાણાર્પણ

કરે છે. પ્રેમી મિત્રોના સહવાસ વિના પ્રેમી મિત્રોને ગમતું નથી. દૂર દેશમાં રહ્યા છતાં તે સ્વમિત્રોની સ્થિતિ તપાસે છે. તેમને દૂર રહ્યા છતાં સહાય્ય અર્પે છે. મિત્રોના મનને આનંદરસ આપવા પ્રયત્ન કરે છે.

કુમુદચંદ્ર મૈત્રીનું સ્વરૂપ દર્શાવે છે.

મૈત્રી કરીને પોયણું, ચન્દ્રથકી વિકસાય;
કુદરત મૈત્રી ના ટળે, કરતાં કોડ ઉપાય. ૫૮

વિવેચનઃ—જ્યારે ચન્દ્ર, આકાશમાં પોતાની શાન્ત રશ્મિયોને ચોતરફ ફેલાવતો ખીલે છે કે પોયણું પણ પોતાના સ્વરૂપને ખીલવતું જાય છે. ચન્દ્ર ઉગ્યાંજ પોયણું સ્વાભાવિક રીતે ખીલવા માંડે છે. ચંદ્ર અને પોયણામાં કુદરતીરીતે મિત્રતાનો એવો સંબંધ છે કે એકનો વિકાસ થતાંની સાથે પોયણાનો વિકાસ થાય છે, અને એકની ક્ષીણતા થતાની સાથે બીજાની ક્ષીણતા થાય છે. ગુરૂશ્રી કહે છે કે કરોડો ઉપાયો કરતાં તેઓ વચ્ચેની મિત્રતા ટળતી નથી. તેઓની મિત્રતા અખંડ રહે છે; નારદના જેવા કેટલાક દુર્જન મનુષ્યો મિત્રોને પરસ્પર લડાવવા કરોડો ઉપાયો કરે છે પરંતુ જે કુદરતી મૈત્રી હોય છે તે ટાળી ટળતી નથી. મિત્રોને પરસ્પર વિરૂદ્ધ કરવા માટે દુર્જનો એક બીજાની આગળ નિન્દા કર્યા કરે છે અને એક [illegible] ખૂબ ભંભેરે છે. પરંતુ કુદરતપ્રેમીમિત્રોની મૈત્રી ઉલટી તેથી [illegible] પામે છે પરંતુ કદાપિ ટાળી ટળતી નથી. દેશકાલથી [illegible] પણ કુદરત મૈત્રી જેવી હોય છે તેવીને તેવી રહે છે. [illegible] સત્તા, માન, પ્રતિષ્ઠા, કીર્તિ વગેરેનો નાશ થએલો [illegible] તોપણ કુદરતી મિત્રોને બાહ્યની કિંચિત્ અસર [illegible] એક સાહેબ રહેતો હતો. તેનો બીજો સાહેબ [illegible] સાહેબના પુત્રને પહેલા સાહેબે અજાણે [illegible] કે જે પોતાનો મિત્ર થતો હતો તેના [illegible] રહાણ કર્યું અને પૂર્વની પેઠે તેની [illegible] વસિષ્ઠના પુત્રોનો નાશ કર્યો હતો [illegible]

અમૈત્રી દર્શાવી નહોતી. પરસ્પરની હાનિ થતાં પણ કુદ્રત મૈત્રી ક
રહે છે. સૂર્યના તાપથી કમલો કદાપિ કરમાઇ જાય છે તોપણ
સૂર્યના ઉદયથીજ વિકસે છે. કુદ્રત મૈત્રી આગળ બાહ્ય પદાર્થોની
અને તેના લાભનો હિસાબ ગણાતો નથી. કુદ્રત મૈત્રીમાં પરસ્પરના સ
અપરાધોનો હિસાબ ગણવામાં આવતો નથી. કુદ્રતીમિત્રોને પર
એક બીજાનું આકર્ષણ થાય છે. કુદ્રતી મિત્રોમાં પરસ્પર કુદ્રતી
હોય છે. આવી મૈત્રીનો જો દેશોન્નતિ, ધર્મોન્નતિ, ગુણોન્નતિ
દેમાં ઉપયોગ કરવામાં આવે છે તો તેથી પરસ્પરની શુભપ્ર
થયા વિના રહેતી નથી. જ્યાં આત્મભાવનેજ જોવામાં આવે છે
મિત્રતા તૂટતી નથી. મનની પેલીપાર રહેલા આત્માના દૃષ્ટાએ
પરસ્પર જે મિત્રતા થાય છે તેનો કોટિ ઉપાયે નાશ થતો નથી
તેવી મિત્રતા કરવા યોગ્ય છે.

કમળે રવિની સાથે કરેલી મિત્રતાના દષ્ટાંતથી મિત્ર સ્વ
પ્રબોધે છે.

કમલે રવિની પ્રીતડી, કરી ન છાની રહાય;
રવિ ઉદયે ખીલે કમળ, કુદરત મૈત્રી ન્યાય. ૧

વિવેચનઃ—સૂર્ય અને કમળની મિત્રતા છાની રહેતી ન
સૂર્ય ઉગતાની સાથે કમળપત્રો વિકસે છે અને તેવી રીતે સૂર્ય
અસ્ત થયા પછી કમળ પોતાના પત્રોને બીડી દે છે. કુદરતી
કમળ અને સૂર્યનો આવો સંબંધ છે. ઉપર્યુક્ત દષ્ટાંતપ્રમાણે
સ્પર જ્યાં કુદરતી પ્રીતિ હોય છે ત્યાં કુદરતી મૈત્રી થાય છે. મિત્ર
વિચારો અને આચારો, મિત્રનો આત્મા ઇત્યાદિક સર્વપર મિ
સ્વાભાવિક પ્રીતિ પ્રગટે છે, પરસ્પરના આત્માઓ એક બીજાને દે
વિકસિત થાય છે અર્થાત્ આનંદમય થાય છે. પરસ્પર એક બીજા
ક્ષણ માત્રનો વિરહ કોટિ વર્ષો સમ લાગે છે. એક બીજાના મ
મિત્રો સર્વ સ્વાર્પણ કરે છે, અને બીજાને લાંબા કાળે મળતાં રો
ફગમ થાય છે અને હર્ષનો પાર રહેતો નથી. હજારો માઇલ
દૂર છતાં ક્ષણે ક્ષણે તેનું સ્મરણ થાય છે અને તેને મળવા મન તલ

જ્ઞાની મિત્રનું સ્વરૂપ દર્શાવે છે.

સફળી અર્પી જીંદગી, મળતાં જ્ઞાની મિત્રઃ
દુર્ગુણ, દોષો સૌ ટળે, થાવે જીવ પવિત્ર.

વિવેચનઃ—ખરૂં છે કે જ્ઞાની મિત્રની સંગતિથી અ
જીંદગી સફળ થઇ જાય છે. કારણ કે જ્ઞાની મિત્રની સંગતિથી આ
ચાર વિચાર બદલાઇ જાય છે, અને ખરા ખોટાનો ભાસ થતાં વિ
બુદ્ધિ ઉત્પન્ન થાય છે. પરિણામે જીંદગીની સાર્થકતા સમજાય
જ્યારે મનુષ્યદેહની કીમત સમજાય છે, ત્યારે પોતાનામાં ગુપ્ત
વાસ કરી રહેલા દુર્ગુણોનો નાશ કરવા તરફ લક્ષ દોરાય છે. અ
નિરીક્ષણ કરી દુર્ગુણોને ટાળવા અર્થે ઉપાયો યોજી દુર્ગુણોથી નિ
થવાય છે, અને સદ્ગુણોનું [illegible] થવાય છે. સદ્ગુણોને પામવ
[illegible]
[illegible] પ્રગટે છે, અને દુનિયા દુઃખરૂપ લાગવાને બદલે સુખ
ભાસે છે અને આત્મ જીવન સહેલું, સરળ અને પવિત્ર બને છે. મૃત્યુ
પણ તેને ડર રહેતો નથી, અને તેને ભેટવા હોંશે જીવ તૈયાર થ
છે. કહેવત છે કે સોબત તેવી અસર. જેટલા દુર્ગુણી મનુષ્યની સં
તિથી દુર્ગુણો પ્રગટે છે તેટલાજ સદ્ગુણીની સંગતિથી સદ્
પ્રગટે છે. જ્ઞાની મનુષ્યની સંગતિથી પરિણામે જ્ઞાની બની શકાય
તેવા મિત્રો માટે કવિ એમરસન કહે છે કેઃ—

Oh friend, my bossom said,
Through thee alone the sky is arched
Through thee the rose is red.
All things through thee take noble form
And look beyond the earth.
The-mill-round of our fate appeans,
A sun-path in thy worth.
Me too thy noble ness has tought
To master my despair.
The fountain's of my hidden life.
Are through thy friendship fair.

व्याधितस्यार्थहीनस्य, देशान्तरगतस्य च
नरस्य शोकदग्धस्य, सुहृद्दर्शनमौषधम् ॥
शोकारातिभयत्राणं, प्रीतिविश्रम्भभाजनम्
केन रत्नमिदं सृष्टं, मित्रमित्यक्षरद्वयम् ॥
मर्माणि [illegible] हृदि, [illegible]
आत्मनीवाभिमानं, [illegible] ॥

ઇત્યાદિ મહેકોથી મિત્રની આવશ્યકતાનો સ્વીકાર કરીને અનિવાર્ય પ્રીતિ કરવી જોઈએ.

મિત્ર વિરોધીને પાપી ચંડાળની ઉપમા આપે છે.

મિત્ર વિરોધી જે બને, તે પાપી ચંડાળ;
મિત્રધર્મથી ભ્રષ્ટ તે, પામે દુઃખ વિશાળ. ૬૨

વિવેચન—જે મનુષ્ય પોતાના મિત્રથી વિરોધી બને છે, જેને કોઈ વખત મિત્રતાનો હેત આપે છે, અને પશ્ચાત્ તેની સાથેની મૈત્રી તોડે છે, અથવા વચનનો ભંગ કરે છે તેવા મનુષ્યો મહા દુષ્ટ. શાસ્ત્રના પ્રકાર એવી કહે છે કે તેવા મનુષ્યને "ચાંડાલ" જેવા લેખવા. નીચમાં નીચ કર્મ કરે તેને આપણે ચાંડાલ કહીને છીએ. દાખલા તરીકે કસાઈ પોતાના ક્રૂર કર્મ અને દીલે ચાંડાલના નામે ઓળખાય છે પણ કસાઈ તો પોતાના ક્રૂર કર્મથી જગ પ્રસિદ્ધ છે પણ મિત્ર તો વિશ્વાસ આપી વિશ્વાસઘાત કરે છે. [illegible] કમાં લખે છે કે કસાઈને ઘાત કરવે, [illegible] જોઈ, [illegible] કરી તેથી મનુષ્યને ઘાત કર્યો બરોબર છે [illegible] તો [illegible] પડે છે કે તેમાં વિશ્વાસ મનુષ્યને [illegible] પડે છે. [illegible] છે કદાપિ ન કરવો જોઈએ. મિત્રથી વિરોધ [illegible] તેનો સ્વાર્થ [illegible] તેનો ત્યાગ કરે [illegible] ન કહેવો [illegible]

અવબોધીને ગુણગણ [illegible] મિત્રની પ્રાપ્તિ કરવી જોઇએ. એક [illegible] એટલે સુધી કહ્યું છે કે [illegible] જન્મમાં જો [illegible] મિત્રનો [illegible] ન થશે [illegible] જન્મમાં જગતનું, [illegible] વિયોગ [illegible] વિયોગથી આત્માની [illegible] સમાન મિત્રનો વિયોગ ન થવો જોઇએ. અથવા આત્મછાયા [illegible] મિત્ર વિના એકક્ષણ [illegible] ન [illegible] જોઇએ. ગમે ત્યાંથી [illegible] યોગ્ય મિત્ર પ્રાપ્ત કરીને [illegible] અને [illegible]ગુણથી મૈત્રી [illegible] રક્ષણ કરવું જોઇએ. [illegible] આત્મજ્ઞાન મિત્ર છે. [illegible] મિત્ર છે [illegible] મિત્ર છે [illegible] મિત્ર છે.

આ વિશ્વમાં કોઇપણ મનુષ્યને અવશ્ય મિત્ર તો હોય છેજ. [illegible]નો સ્વભાવ એવો છે કે તેણે કોઇની આગળ પોતાનું હૃદય [illegible] કરવુંજ જોઇએ. મનુષ્યનો સ્વભાવજ એવો છે કે તેને કોઇ [illegible] તરીકે જોઇએ છે. કહ્યું છે કે–

[illegible] परिवर्तते तनुभृतां दुःखं सुखं चान्तरं ।
दुःखे सन्निहिते सुखे च विगते चित्तंभृशं क्लिश्यते
न स्युश्चेत् सुहृदो विशालमनस, कस्मिन् प्रसङ्गे तदा.
[illegible] महापदपदा तस्मै निराशाय कः ॥

પ્રત્યેક મનુષ્યપર સુખદુઃખનું ચક્ર ફર્યા કરે છે. [illegible] [illegible] ની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ લાગેલું છે. સુખ [illegible] અને દુઃખ પ્રાપ્ત થતાં ચિત્ત દુઃખી થાય છે. તેવા સમયમાં [illegible] મનવાળા જો મિત્ર ન હોય તો તેવા નિરાશ મનુષ્યોને [illegible] અથવા સહાય કોણ આપી શકે. [illegible] [illegible] [illegible] [illegible] ઇત્યાદિ. [illegible] એથી મિત્રની [illegible]

[illegible]માં આવે [illegible]

व्याधितस्यार्थहीनस्य, देशान्तरगतस्यच
नरस्य शोकदग्धस्य, सुहृद्दर्शनमौषधम् ॥
शोकारातिभयत्राणं, प्रीतिविश्रम्भभाजनम्
केन रत्नमिदं सृष्टं, मित्रमित्यक्षरद्वयम् ॥
मार्गरवि हिंगा हवि, स्त्रीहोन्मानवर्णनम्
आत्मनीशनिपाधान, मैत्रीमैत्रीमहाधनम् ॥

ઇત્યાદિ શ્લોકોથી મિત્રની આવશ્યકતાનો સ્વીકાર કરીને સન્મિત્રની પ્રાપ્તિ કરવી જોઇએ.

મિત્ર વિરોધીને પાપી ચંડાળની ઉપમા આપે છે.

મિત્ર વિરોધી જે બને, તે પાપી ચંડાળ;
મિત્રધર્મથી ભ્રષ્ટ તે, પામે દુઃખ વિશાળ. ૬૨

વિવેચનઃ—> મનુષ્યો પોતાના મિત્રથી વિરોધી બને છે, જેને એક વખત મિત્રતાનો કોલ આપે છે, અને પશ્ચાત્ તેની સાથેના મૈત્રી તોડે છે, આપેલા વચનનો ભંગ કરે છે તેવા મનુષ્યો માટે કડક, શબ્દના પ્રહાર સાથે કહે છે કે તેવા મનુષ્યને "પાપીચંડાળ" જેવો લેખવો. નીચમાં નીચ કામ કરે તેને આપણે પાપીચંડાળ કહીએ છીએ. દાખલા તરીકે કસાઈ પોતાના ક્રૂર કર્તવ્યને લીધે પાપીચંડાળના નામે ઓળખાય છે પણ કસાઈ તો પોતાના ક્રૂર કાર્યથી જગ પ્રસિદ્ધ છે પણ મિત્ર તો વિશ્વાસ આપી વિશ્વાસઘાત કરે છે. culture of mind નામના પુસ્તકમાં લખે છે કે લાગણીનો ઘાત કરવો, લાગણીને છેડવી, દુઃખવવી, જડ સુન્ન કરવી તેથી મનુષ્યનો ઘાત કર્યા બરોબર સમજવું. ખરેખર મિત્રદ્રોહ તો ચોક્કસ માલુમ પડે છે કે તેમાં વિશ્વાસઘાતને ભોગ થયેલા મનુષ્યને રીબાવવું પડે છે. ખરી શિક્ષા તો એ છે કે મિત્રથી વિરોધ કદાપિ ન કરવો જોઇએ. મિત્રથી વિરોધ થાય એવા માર્ગો ત્યાગવામાં તેવો સ્વાર્થ હોય તોપણ તેનો ત્યાગ કરવો. મિત્રનું હિત દુઃખાય એકપણ શબ્દ કોઇ કાળે ન કહેવો જોઇએ. મિત્રને કોઇએ

' અવબોધીને ગુણગણ વિશિષ્ઠ મિત્રની પ્રાપ્તિ કરવી જોઇએ. એક એ એટલે સુધી કહ્યું છે કે આ જગત્ નું રાજ્ય જાહુનમમાં જાઓ મિત્રનો વિયોગ ન થશો. " જાઓ રાજ્ય જાહુનમમાં જગતનું, વિયોગ નટળશો " (સ્વ. દા. ધો.) ઇત્યાદિ વિચારોથી આત્માની ા સમાન મિત્રનો વિયોગ ન થવો જોઇએ. અથવા આત્મછાયા ાન મિત્ર વિના એકક્ષણ માત્ર ન રહેવું જોઇએ. ગમે ત્યાંથી ાને યોગ્ય મિત્ર પ્રાપ્ત કરવો જોઇએ અને સાત્વિકગુણથી મૈત્રી ાનું રક્ષણ કરવું જોઇએ. અધ્યાત્મદૃષ્ટિએ આત્મજ્ઞાન મિત્ર છે. ક મિત્ર છે. શુદ્ધોપયોગ મિત્ર છે ધર્મ મિત્ર છે.

આ વિશ્વમાં કોઈપણ મનુષ્યને અવશ્ય મિત્ર તો હોય છેજ. ષ્યનો સ્વભાવ એનો છે કે તેણે કોઇની આગળ પોતાનું હૃદય ી કરવુંજ જોઇએ. મનુષ્યનો સ્વભાવજ એવો છે કે તેને કોઇ ા તરીકે જોઇએ છે, કહ્યું છે કે–

प्रत्येकं परिवर्तते तनुभृतां दुःखं सुखं चान्वहं ।
दुःखे सन्निहिते सुखे च विगते चित्तंभृशं क्लिश्यते
न स्युःचेत् सुहृदो विशालमनस, स्तस्मिन् प्रसङ्गे तदा.
दद्यादाश्वसनं सहायमथवा तस्मै निराशाय कः ॥

પ્રત્યેક મનુષ્યપર સુખદુઃખનું ચક્ર ફર્યા કરે છે. कस्यात्यन्तं सुखमुपनतं। दुःखमेकान्ततो वा। नीचैर्गच्छत्युपरि च दशा, चक्रनेमिक्रमेण॥ ાની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ લાગેલું છે. સુખ ાં અને દુઃખ પ્રાપ્ત થતાં ચિત્ત દુઃખી થાય છે. તેવા સમયમાં ાળ મનવાળા જો મિત્રો ન હોય તો તેવા નિરાશ મનુષ્યોને શ્વાસન અથવા સહાય કોણ આપી શકે. मित्र ऐसा कीजीए, जैसे के बाल, फाटे फटाय बिछु करे, तोभि न छोडे ख्याल ॥ मित्र कीजीए, जैसा हीरा गांठा, उपर कांटा प्रेमका । मांहि दुधरेला॥ ; ऐसा कीजीए, जैसा मंजीठका रंग, जिसके रंग घसे घणो, होवत अभंग ॥ ઇત્યાદિ કહેણીઓથી મિત્રની આવશ્યકતા અને ગુણોનું ્યમાં સારું ભાન થાય છે.

સુખી હોય પણ તેનું સુખ જંગલમાં ખીલેલાં ગુલાબ જેવું નિરર્થક છે. મહા સમુદ્રમાં છુપી રહેલાં કિંમતી મોતી જેવું છે કમનશીબે અટવટે માર્ગે ફસી પડયો તો તેના દુઃખની ગણતરીજ નહિ. ગીચોગીચ ગલીમાં ફસી પડેલા મુસાફર બીજા મનુષ્યને ધોરી માર્ગે લાવી સીધો રસ્તો દેખાડનાર મનુષ્યની ખામી હોવાથી દુનિયા અગ્નિની ભઠ્ઠી જેવી લાગે છે કે જેમાં પોતે અને પોતાનાં સગાં વહાલાંઓ જળી જઈ ખાખ થઈ જાય છે. માટે વિશ્વની મુસાફરીમાં સહાય અર્થે મિત્રની આવશ્યકતા નિર્વિવાદ છે. જે રસ માતામાં છે તે પિતામાં નથી, પિતામાં છે તે માતામાં નથી, ભાઈઓમાં છે તે સ્ત્રી તથા બહેનોમાં નથી, અને સ્ત્રી તથા બહેનોમાં છે તે ભાઈઓમાં નથી. મિત્ર એક એવી વસ્તુ છે કે કોઈ સમયે માતાના સ્નેહની પેઠે પિતાની વૃત્તિ પેઠે, બંધુઓની સાહાયતા પેઠે અને સ્ત્રીની મૃદુતાની પેઠે અનુપમ સહાય આપનારો હોય છે તેથી તેની ઉત્તમતા જગતમાં કહી જતી નથી.

મિત્ર વિનાની શુષ્ક જીંદગી છે.

મિત્ર વિનાની જીંદગી, વનના પુષ્પ સમાન;
મિત્ર વિના જગ લાભ નહિ, સમજો ભવ્ય સુજાણ. ૧૪

વિવેચનઃ—જેમ વનમા ખીલેલાં સુગંધિ પુષ્પોની સુવાસ નકામી છે અને પરિણામે કીમતી પુષ્પો બીન ઉપયોગમાં રહે છે તેમ મિત્ર વિનાનું જીવન શુષ્ક લેખાય છે. આત્મજીવનમાં રસને બદલે શુષ્કતા માલમ પડેછે, અમૃતને બદલે ઝેર માલમ પડેછે, અને પરિણામે જીવન નિર્માલ્ય બને છે. ગુરૂ મહારાજ કહેછે કે ભવ્ય સુશીલ-મનુષ્યો! યાદ રાખજો કે દુનિયાના વ્યવહારમાં મિત્ર વિના કાંઈ લાભ થનાર નથી. " મિત્રને ભાઈબંધ " કહેલા છે એટલે ભાઈ કરતાં પણ એક બંધ વધારે એટલો મિત્ર સાથેનો સંબંધ લેખાય છે. જ્યારે તે સંબંધની ખામી હોય છે તો જેમ લશ્કરમાં લડના સિપાઈ પાસે ફક્ત તલવાર હોય પણ રણક્ષેત્રે બળ ન હોય તેમ મિત્ર વિનાના મનુષ્યનું સમજવું. દુઃખોથી ઘેરાયલા અને આપત્તિઓથી ઘેરાયલા મિત્ર

ભરમાવ્યો હોય તો પોતાના હૃદયનો ખુલાસો કરવો જોઇએ, અને તે ન માને તો ભવિષ્યપર આધાર રાખવો જોઇએ, પણ સહસા કોઈ અશુભપ્રવૃત્તિ ન કરવી જોઇએ. મિત્રને કોઈ બાબતમાં ખોટું લાગ્યું હોય તો તેની માફી માગવી જોઇએ અને તેના હૃદયને શાન્ત કરવું જોઇએ તેમ છતાં કોઈ પાપ બુદ્ધિથી મિત્ર વિરોધી બને છે તો તે મિત્રધર્મથી ભ્રષ્ટ થાય છે. વનમાં ઝુંપડી બાંધી શેષ જીવન ગાળવું તે સારૂં છે પરંતુ મિત્રના વિરોધી બનવું તે મહા અધમકાર્ય જાણવું. મિત્રના વિરોધી બનવાથી અન્ય ભવના મહા દુ:ખી અવતારની પ્રાપ્તિ થાય છે અને શુભ મિત્રોની પ્રાપ્તિ થતી નથી. મિત્ર માટે ઘણું ખમવું પડે તો ખમવું પણ મિત્રના વિરોધી ન બનવું જોઇએ. કોઈ પાપના ઉદયથી મિત્રની સાથે બનતું ન આવે તો મિત્રથી દૂર રહેવું વા પ્રસંગે તેના સંબંધમાં આવવું. પરંતુ મિત્રની સાથે વિરોધ વધે એવા સંયોગોમાં ગમે તેવો લાભ થતો હોય તોપણ ન આવવું. આ પ્રમાણે વર્તવાથી પુણ્ય કર્મનો ઉદય થાય છે અને અંતે [illegible] જય થાય છે. શુભમિત્રોએ કદાપિ મિત્ર વિરોધી ન બનવું જોઇએ એજ પ્રસંગોપાત્ત હિતશિક્ષા ગ્રાહ્ય કરવી જોઇએ

મિત્ર વિનાના મનુષ્યની કેવી દશા થાય છે તે જણાવે છે.

મિત્ર વિનાનો માનવી, મનમાં બહુ ગુંચવાય;
સત્ય ન સૂઝે માર્ગમાં, જ્યાં ત્યાં બહુ અટકાય. ૬૩

વિવેચનઃ—જે મનુષ્યને આ જગત્માં કોઇ મિત્ર નથી તે મનુષ્ય દુનિયાના વ્યવહારમાં ઘણોજ ગુંચવાયા કરે છે. કારણકે દુનિયાના વ્યવહારમાં કેટલીક એવી બાબતો ઉપજે છે કે અવિશ્વાસુ મનુષ્યોને ચિત્ત ખોલી કહેવાતી નથી. વિશ્વાસુ મિત્ર આગળ ચિત્તનો ઉભરો ઠાલવવાનાં તે એકાદિ [illegible] [illegible] કમી કરી હૃદયનો દર્દ શાંત કરી હૃદયનું દર્દ નિવારે છે. મિત્ર શાન્તિનું સ્થાન છે, હિત સાધુ દેવત છે અને [illegible] [illegible] ફોજમાં ફસી પડેલી હોડીની મધ્યમાં [illegible] છે. જે મનુષ્યને મિત્ર ન હોય તેને દુનિયા શુન્યરૂપ લાગતી

સુખી હોય પણ તેનું સુખ જંગલમાં ખીલેલાં ગુલાબ જેવું નિરર્થક
મહા સમુદ્રમાં છુપી રહેલાં કિંમતી મોતી જેવું છે કમનસીબે અટ
માર્ગે ફસી પડ્યો તો તેના દુઃખની ગણત્રીજ નહિ. ગીચોગી
ગલીમાં ફસી પડેલા મુસાફર બીજા મનુષ્યને ધોરી માર્ગે લાવ
સીધો રસ્તો દેખાડનાર મનુષ્યની ખામી હોવાથી દુનિયા અગ્નિ
ભઠ્ઠી જેવી લાગે છે કે જેમાં પોતે અને પોતાના સગાં વહાલાઓ
બળી જઈ ખાખ થઈ જાય છે. માટે જિંદગીની મુસાફરીમાં સહાય
અર્થે મિત્રની આવશ્યકતા નિર્વિવાદ છે. જે રસ માતામાં છે તે
પિતામાં નથી, પિતામાં છે તે માતામાં નથી, ભાઈઓમાં છે તે સ્ત્રી
તથા બહેનોમાં નથી, અને સ્ત્રી તથા બહેનોમાં છે તે ભાઈઓમાં
નથી. મિત્ર એક એવી વસ્તુ છે કે કોઈ સમયે માતાના સ્નેહની પેઠે
પિતાની વૃત્તિ પેઠે, બંધુઓની સહાયતા પેઠે અને સ્ત્રીની મૃદુ
તાની પેઠે અનુપમ સહાય આપનારો હોય છે તેથી તેની ઉણપના
જગતમાં કદી બની નથી

મિત્ર વિનાની શુષ્ક જીંદગી છે.

મિત્ર વિનાની જીંદગી, વનના પુષ્પ સમાન;
મિત્ર વિના જગ લાભ નહિ, સમજો ભવ્ય સુજાણ. ૧૪

વિવેચનઃ—જેમ વનમાં ખીલેલાં સુગંધિ પુષ્પોની સુવાસ
નકામી છે અને પરિણામે કીમતી પુષ્પો બીન ઉપયોગનાં ઠરે છે તેમ
મિત્ર વિનાનું જીવન શુષ્ક લેખાય છે. આત્મજીવનમાં રસને બદલે
શુષ્કતા માલમ પડે છે, અમૃતને બદલે ઝેર માલમ પડે છે, અને પરિ-
ણામે જીવન નિર્માલ્ય બને છે. ગુરુ મહારાજ કહે છે કે ભવ્ય સુશીલ-
મનુષ્યો! યાદ રાખજો કે દુનિયાના વ્યવહારમાં મિત્ર વિના કાંઈ કામ
ચાલનાર નથી. "મિત્રને બાંધવ" કહેલા છે એટલે ભાઈ કરતાં પણ
કોઈ બાબ વખતે વધારે મિત્ર સહેજે સંબંધ લેખાય છે. જ્યારે તે
સંબંધની ખામી હોય છે તો જેમ લશ્કરમાં લડનારા સિપાઈ પાસે હસ્ત
તલવાર કે બખ્તર ન હોય તેમ મિત્ર વિનાનું મનુષ્યનું
મળવું દુઃખોથી ઘેરાયેલું અને આપત્તિઓથી ભરપૂર મિ

હૃદયને સહાય અર્થે વા થાકેલા હૃદયનો થાક ઉતારવા અર્થે મિત્રહૃદયની જરૂરિયાત વહેજે સમજાય છે. એમરસને મિત્ર ઉપરના નિબંધમાં લખ્યું છે તે પ્રમાણે ખાતરી થ ત્યારે અનન્ત ઘણો આનંદ થાય છે.

Let the soul be assured that some whe the universe it should rejoin its friend a would be content and cheerful for a thou years.

આજથી અઢી હજાર વર્ષ પર થએલ મગધદેશના રાજા કેનો પુત્ર અભયકુમાર ગહુ તર્કબુદ્ધિવાળો અને ધર્મબુદ્ધિ હતો તેની સાથે એક કસાઇના પુત્ર સુલસે દોસ્તી બાંધી. અભય પોતાના નવિચારોના બળથી સુલસને દયાવંત બનાવ્યો અને તેણે કસાઇનો ધંધો કરવાનું અશુભકર્મ ત્યાગ્યું. સુલસના મરણ પામ્યા પશ્ચાત્ સુલસને તેના કુટુંબે પશુઓ મારવા ઉ. સુલસે છરીનો ઘા પોતાના પગપર કર્યો તેથી તેને દુઃખ થયું કુટુંબીઓને બોલાવી કહ્યું કે મને દુઃખ થાય છે. તમાંથી તમે વેંચી લો. કસાઇ કુટુંબે કહ્યું કે એ અમારાથી વ્હેંચી લેઇ શકાય નથી. ત્યારે સુલસે કહ્યું કે મહને પાપકર્મથી જે પાપ લાગે તે તમો વ્હેંચી લઇ શકશો આ ભવમાં કરેલા પાપોને પરભવમાં મારે ભોગવવાં પડશે. ઇત્યાદિ શબ્દોથી તેનું કુટુંબ બોધ પામ્યું. અ કુમારની સંગતિથી સુલસની શુદ્ધબુદ્ધિ થઇ અને તે અનેક સદ્ગુ શોભાયમાન થયો. અભયકુમારની સાથે દોસ્તી બાંધનાર સ્લેચ્છ આર્દ્રકુમારને પણ અભયકુમારે ધર્મી બનાવ્યો. માટે શુદ્ધબુદ્ધિ મિત્રો કરવાની જરૂર છે. પશુઓને અને પક્ષીઓને પણ આત્મ બનાવવાં જોઇએ. જેને મિત્ર છે તેને અણધારી સાહાય્ય છે જાણી નિષ્કામપણે મિત્રો કરવા જોઇએ.

વિવેચન-નિબંધો, [illegible] ... અને ઉપર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible], [illegible] નહીં [illegible] [illegible];
[illegible] [illegible] [illegible], વિવિધ [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છું અને [illegible] [illegible] [illegible] [illegible] સ્વરૂપને તેની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સ્વરૂપ [illegible] છે. [illegible] તેને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. તેને [illegible] સ્વરૂપને સમજવા [illegible], [illegible].

વિનાના સર્વ અસત્યમેળ છે. જીવ-આત્મા વિનાના મૃતકશરીર સમાન પ્રીતિ આદિ ગુણો વિનાનો મેળ છે. એવા મેળથી મળવા કરતાં નિર્જીવ દશા વિશેષ સારી છે, જેનામાં શુદ્ધ પ્રેમરસ ચૈતન્ય નથી એવાની સાથે મિત્રમેળ કે જે નામ માત્ર છે તે કરવાથી સ્વપરને આનંદ પ્રાપ્ત થતો નથી, નિર્જીવ મૃતકોના મેળ તે મેળ નથી, તેમ જેઓનામાં આત્મજ્ઞાન, વિવેક, સ્વાર્પણ, શુદ્ધ પ્રેમ, આત્મભાવ, ઐક્યભાવ, પરસ્પરત-મયભાવ નથી તેવા નામમાત્રમિત્રો ખરેખર મડદાં સમાન છે. માટે મિત્ર ગુણોનો અનુભવ કરીને મિત્રનાનો મેળ કરવો જોઇએ કે જેથી કદાપિ કાલે આત્માની પતિત દશા ન થાય. આત્માની અધોદશા કરનાર દુર્જન અસત મિત્રોની નિર્જીવ મૈત્રી કરતાં અરણ્ય પશુઓની સાથે વાસ કરવો તે શ્રેષ્ઠ છે. નિર્જીવ મેળ સંબંધ કરનારાઓનો અખિલ વિશ્વમાં તોટો નથી. એવું અવબોધીને સજીવન મિત્ર મેળ કરવાની જરૂર સ્વીકારવી જોઇએ.

મિત્ર ધર્મ સમજ્યા વિનાની મૈત્રી નકામી છે.

સમજ્યા વણ શી મિત્રતા?, સમજ્યા વણ શો? મેળ;
વાત વાતમાં વાત છે, પત્ર રહ્યાં જેમ કેળ. ૧૮

વિવેચન:—એક એકના સ્વભાવ અને દીલ સમજ્યા વિના સંબંધ બંધાતો નથી. જ્યારે એક એકના સ્વભાવનું અનુભવથી જ્ઞાન થાય છે ત્યારે સંબંધ બંધાય છે, મિત્રના હૃદયમાં કપટનો વાસ છે કે નિસ્વાર્થ વૃત્તિ ઘર કરી રહેલી છે? તેનું જ્યાં સુધી જ્ઞાન થાય નહિ ત્યાં સુધી ખરો સંબંધ બંધાતો નથી. સાધારણ વ્યવહારમાં વિશ્વાસની જરૂર રહે છે તો ચોવીસે કલાકના સંબંધમાં વિશ્વાસ ન હોય તો વ્યવહાર શી રીતે નભી શકે? મિત્રની સાથે સંબંધ થતાં પ્રસંગોપાત્ત અનેક વાર્તાલાપ થાય છે. અને ધીમે ધીમે મિત્ર હૃદયનું જ્ઞાન થાય છે અને પરિણામે સ્વભાવ મેળે મિત્રતા દૃઢીભૂત થાય છે. જ્ઞાની, ચતુર, દક્ષ મિત્રની જ્ઞાન ગોષ્ઠીમાં વાત પરથી વાત થાય છે. એક વાતમાંથી બીજી વાત અને બીજીમાંથી ત્રીજી —

આત્મૈક્ય મિત્ર પ્રાપ્તિથી શું થાય છે તે જણાવે છે.

હું તું ભેદ રહે નહીં, એકરૂપતા થાય;
એવો મિત્ર મળ્યા પછી, દુઃખો સહુ વિસરાય. ૭૦

વિવેચનઃ—મનોવૃત્તિના ભેદે હું તું ભેદ રહે નહીં અને એકરૂપતા થાય એવો મિત્ર મળ્યા પશ્ચાત્ સર્વ દુઃખો વિસરાય છે. આન્તર અભેદી મિત્રમેળ થયા પશ્ચાત્ માનસિક દુઃખો ભુલાય છે. મિત્રો પરસ્પર એકબીજાને આત્મરૂપ થઇને મળે તો તેઓને પશ્ચાત્ પરસ્પર એકબીજામાં બાહ્યસ્વરૂપાધ્યાસ રહેતો નથી. હું તુંની અહંતાવૃત્તિના ઉછાળાના કલ્લોલે જ્યાં પરસ્પર આત્માઓ ભિન્ન ભિન્ન વ્યક્તિના અભિમાની બની સ્વાર્થાદિભાવે રજોગુણી તમોગુણી બને છે. એવાઓ. મિત્રની એકરૂપતાને પ્રાપ્ત કરી શકતા નથી. પરસ્પર હું તુંના ભેદે પરસ્પર એકબીજાને આત્માર્પણ થઇ શકતું નથી, અને તેથી એકબીજામા પરસ્પર એકબીજાના હૃદયમા પ્રતિબિંબ પડતાં નથી. એકરૂપ મિત્રોમાં રજોગુણી અને તમોગુણી હુંતુંવૃત્તિ રહેતી નથી. એકબીજાને દેખી કષાયોનો અભાવ થાય છે, અને એક બીજાનું ગુણગણે શુદ્ધસ્વરૂપ દેખાય છે, ત્યાં લોભ, સ્વાર્થ, પ્રપંચ અને વિશ્વાસઘાત વિગેરે દોષો રહેતા નથી. પ્રેમની શુદ્ધતાથી એક બીજાનું ઐક્ય સ્વરૂપ અનુભવાય છે. આવી એકરૂપતા મૈત્રીને પ્રાપ્ત કરવા માટે આત્મજ્ઞાન, ત્યાગવૃત્તિ, શુદ્ધપ્રેમ, અક્ષુદ્રભાવ, અભેદભાવ વગેરે ગુણોને પ્રાપ્ત કરવા પડે છે, અને બાહ્યસત્તા, લક્ષ્મીના રૂપનો ભેદ, અહંતાધ્યાસ ભુલવો પડે છે. એકબીજાના ફક્ત આત્માને દેખી મળવાનું થાય છે. અને તેમાં અભેદતા અનુભવાય છે, ત્યારે એકરૂપમિત્રોની થાય છે.

મનના મેળે જે મિત્રતા થાય છે તેનું સ્વરૂપ જણાવે છે.

મનના મેળે મિત્રતા, દેખો વિશ્વ મઝાર;
મન બદલાતાં મિત્ર નહિ, મનની રચનાધાર. ૭૧

વિવેચનઃ-વિશ્વમાં સર્વત્ર મનના મેળે મિત્રતા છે. એમ ુભવદૃષ્ટિથી દેખાય છે. મિત્ર ભાવયુક્ત મન બદલાવાની સાથે મિત્ર ઇ નથી. મિત્ર ભાવનાનો વિપરીત સંયોગો મળતાં લય થાય છે, ને મિત્ર તે પણ અમિત્ર રૂપે દેખાય છે, મનથી બાંધેલી મિત્રતા ને અમિત્રતા એ બે મનના ધર્મ પ્રમાણે પર્યાય રૂપે ફર્યા કરે છે. ુષ્યો, એકબીજાના પરસ્પર મનના સહવાસમાં આવીને મિત્રતા ધે છે. તે મિત્રતા ખરેખર મનની ક્ષણિકતા હોવાથી બદલાય છે, , રાગદ્વેષમય ચંચળ છે. તેથી પરસ્પર એકબીજાના ચંચળ થી બાંધેલી મિત્રતા પણ મન બદલાવાની સાથે નષ્ટ થાય છે. એમાં પણ આશ્ચર્ય નથી. વિશ્વમાં મનની દશાએ પરસ્પર મિત્ર થના-ોની મિત્રતા લાંબા વખત સુધી ટકતી નથી, એમ અનેક મનુ-ાં દૃષ્ટાંતોથી ખાત્રી થાય છે. મનની જે જે પર્યાયરચનાથી જે જે છે તે ક્ષણિક બને છે, તેથી મનથી મિત્રમેળ કરવાના કરતાં સ્પર એકબીજાના આત્માને દેખી મિત્રતા કરવી જોઇએ કે જેથી ત્માના ગુણો પરસ્પર એકસરખા હોવાથી એકબીજાના આ-ની નિત્યતા સાથે આત્મરૂપ મિત્ર દેખીને નિત્ય મિત્રની પ્રાપ્તિ શકાય. મનના મેળે મિત્ર મેળ છે તે વિપરીત સંયોગોમાં ટળી છે. માટે આત્માના મેળે મિત્રમેળ કરવાની જરૂર છે.

મન મિત્ર અને મન શત્રુ છે.

મન જો મિત્ર બની રહે, જગનું તો જગ મિત્ર;
મન જો શત્રુ બની રહે, તો સહુ વિશ્વ અમિત્ર. ૭૨

વિવેચનઃ—મન જો વિશ્વ જીવોનું મિત્ર બને છે, તો સર્વ શ્વમિત્રમય જણાય છે, અને મન જો શત્રુ બને છે તો સર્વ વિશ્વ મેત્ર અર્થાત્ શત્રુમય દેખાય છે. ક્ષણમાં મન આ વિશ્વનું મિત્ર છે, અને ક્ષણમાં વિશ્વનું અમિત્ર બને છે. મનની આવી દશાનો ાધિકારી વિશ્વજનોને અનુભવ આવ્યા વિના રહેતો નથી. મ-કલ્પાયેલા ગુરૂ, મિત્ર, ભક્ત, સ્વામી, પતિપત્ની આદિ સર્વ

ઈ શક્તિના છે. આત્માથી થયેલા સર્વ આત્મરૂપ મેળમાં પ્રધાનભૂતહોવાથી તેનું સ્વામીપણું કાયમ રહે છે, અનેક ચંચલ, ભય, લજ્જા, અજ્ઞાન, ઈર્ષ્યા, સંકુચિતવૃત્તિ મન હોવાથી તેનાથી પ્રગટેલી શક્તિ પ્રેમવાસનાના ખર સોદામણીના ઉજાસ જેવા હોય છે, એવા મનના આદિના સંબંધો ખરેખર આત્માર્પણ કરાવવા, કરવા ા નથી. એકલીજાતા મનરૂપ પરંપરાઓ એકાકીજાની ને ક્યાં સુધી કાયમ રહી શકે વારુ ? તેનો વિચાર કર- ર સ્વીકારવી જોઈએ, અને પરસ્પર મનના સંબંધે મિત્રતા નો અનુભવ કરવો. જોઈએ કે જેથી સુહૃપીતાજ્યોની અમિત્રના ઉજાસી એવો પ્રસંગ ન આવે.

શુભાશુભ મન મેળનું સ્વરૂપ.

ાશુભ સહુ મેળમાં, મન વર્તે છે મુખ્ય;
જો મિત્ર બની રહે, તો જગમાં છે સૌખ્ય. ૭૩

વિવેચનઃ—શુભાશુભ મેળમાં મનની મુખ્યતા વર્તે છે. આત્માની ંતર મન જો સત્વગુણવડે મિત્ર બની રહે છે તો જગત્માં ખ્ય વર્તે છે, મિત્રોના ગુણો જે જે છે તે જો મનમાં પ્રગટે શ્વમાં જ્યાં ત્યાં મિત્રોને બનાવી શકાય છે, અર્થાત્ સાત્વિક . ગુણોવડે શુભ મન થાય છે તો આત્માને સર્વત્ર સુખનો આવે છે. મનને આત્માનો મિત્ર બનાવ્યા વિના બાહ્ય અન્ય . પણ પોતાના મિત્ર તરીકે કરી શકાતા નથી. આત્માની ા રહેનાર મનને મિત્રરૂપ કર્યો વિના બાહ્યમિત્રોની પ્રાપ્તિ ી. રાગદ્વેષમય ... છે, તેજ આત્માનો શત્રુ છે; અને દયા, આત્મસત્ત, પ્રામાણ્યાદિ ગુણોવડે શુભ મન છે તેજ આત્માનો મનને મિત્ર કર્યા વિના દુઃખ સાગરની પેલી પાર ઉતરી ાથી, આ વિશ્વમાં મન જો મિત્ર બને છે તો ક્ષણે ક્ષણે નવા નમય અનુભવોને પ્રાપ્ત કરી શકાય છે. બાહ્યના ઉત્તમ ગુણી

મિત્રોને પ્રાપ્ત કરવા માટે આત્માના સંબંધી મનને મિત્ર બનાવવાની અત્યંત જરૂર છે.

મનની અને આત્માની મૈત્રી કથે છે.

ક્ષણિક મનથી મિત્રતા, ક્ષણિક સઘળી જાણ;
આત્મસમા સહુ મિત્ર ત્યાં, આત્મ મિત્રતા માન. ૭૪

વિવેચન—ક્ષણિક મનની સઘળી મિત્રતા ક્ષણિક છે. ક્ષણમાં મનમાં રૂષ્ટતા આવે અને ક્ષણમાં મનમાં તુષ્ટતા આવે, આવી મનની સ્થિતિ કથવામાં આવે છે. જેવા સાનુકૂળ વા પ્રતિકુળ સંયોગો પ્રાપ્ત થાય તેવું મન થાય અને સત્ય ગ્રહણ ન થાય એવી ક્ષણિક મનની સ્થિતિથી મિત્રમેળની પણ ક્ષણિક સ્થિતિ થાય છે. મનની પેલી પાર રહેલ અરૂપી આત્માનું સ્વરૂપ અનુભવવું અને પોતાના આત્મા સમાન સર્વજીવોને અનુભવવા. અન્યજીવોની બાહ્ય સ્થિતિની ગમે તેવી પ્રતિકુલતા છતાં અન્યોના મૂળઆત્માઓપર સ્વાત્મવત્ એકસરખો મિત્રભાવ રાખવો તે આત્મમિત્રતા ગણાય છે. સ્વાત્મા સમાન અન્યોના આત્માઓને દેખવા, અને અન્યોના આત્માઓને સ્વાત્મવત્ આચરવા, પરંતુ પ્રતિકુલભાવથી તો તેઓને ન જોવા એજ આત્મમિત્રતાના પગથીયે આરોહવાનો મુખ્યોપાય છે. અન્યોની મન, વાણી, કાયાની ચેષ્ટાની ઉપેક્ષા કરીને તેઓમાં રહેલા આત્માઓને દેખો, અનુભવો, અને આત્મવત્ તેઓની સાથે વર્તો, એજ આત્મમિત્રતા કરવાનું લક્ષણ કહ્યું. આત્માના ગુણોવડે અન્યમનુષ્યોના આત્માઓની સાથે વર્તવું તેજ આત્મમિત્રતા પરમબ્રહ્મપદ અર્પનારી છે.

આત્મારૂપ મિત્રની પ્રાપ્તિથી અનન્ત સુખ થાય છે.

આત્મા મિત્ર બની રહે, વર્તી મનથી ભિન્ન;
તો દુઃખ જગ ક્યાંયે [illegible] માં ચેતન લીન. ૭૫

વિવેચનઃ—મનથી [illegible] ત્મા પોતાનો મિત્ર રહે છે અને તે મિત્ર ગુણોવ [illegible]

ર્તિ સર્વ જીવોને આત્મવત્ ગણે છે, ત્યારે વિશ્વમાં ક્યાંયે દુઃખ રહેતું નથી, અને આત્મા સ્વયં સુખમાં લીન થાય છે. દયા, ક્ષમા, સત્ય, આત્મજ્ઞાનાદિ વડે, આત્માજ આત્માનો મિત્ર છે અને વિશ્વનો મિત્ર બને છે. સાત્વિકગુણોવડે આત્મા સ્વર્ગરૂપ બને છે અને રજોગુણ, તમોગુણ વડે આત્માજ નરક રૂપ બને છે. શુદ્ધપ્રેમ, ઐક્યભાવ, એક રૂપના આદિ ગુણોવડે આત્મા પોતાનો મિત્ર બનીને આત્માને સહજ સુખની ખુમારીની ઘેન સમર્પી શકે છે અને અનેક અનુભવોથી વિશ્વને સત્યનો પ્રકાશ સમર્પી શકે છે. "જ્યાં લગી આત્મતત્ત્વ ચિહ્ન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી." આત્માનું પરિપૂર્ણ શુદ્ધસ્વરૂપ અનુભવવાથી આત્માની કેવલજ્ઞાનરૂપ અનંતવ્યાપકતાનો અનુભવ આવે છે. શરીર, મન, વાણી આદિ સહુ એક આત્માનાં સાધનો છે. એ ત્રણનો ઉપયોગ કરનાર આત્મા એ દેહથી ભિન્ન જ્ઞાન દર્શનચારિત્રમય, સચ્ચિદાનન્દમય, શુદ્ધસ્વરૂપ છે. એ શુદ્ધબ્રહ્મરૂપ મિત્રની પ્રાપ્તિથી સર્વ વિશ્વ મિત્રરૂપ બની રહે છે. પશ્ચાત્ વિશ્વમાં કંઈ પણ પ્રાપ્ત કરવા જેવું રહેતું નથી.

મનોવૃત્તિ મિત્ર રહસ્ય જણાવે છે.

મનોવૃત્તિની મિત્રતા. ભિન્નભિન્ન જીવ જાણ;
મનોવૃત્તિ જાણ્યા પછી, મિત્ર રહસ્ય પ્રમાણ. ૭૬

વિવેચનઃ—વિશ્વમાં અનંત જીવો છે. મનોવૃત્તિ ભિન્ન ભિન્ન પ્રકારની છે. કહ્યું છે કે "मुण्डेमुण्डेमतिर्भिन्ना कुण्डेकुण्डेनवंपयः देशेदेशेनवाचाराः न भूतो न भविष्यति" મનોવૃત્તિની ભિન્નતાએ મિત્રની ભિન્નતા વર્તે છે, અસંખ્ય પ્રકારની મનોવૃત્તિ જેમ જેમ જુદા જુદા પ્રકારની થતી જાય છે તેમ મિત્રો પણ જુદા જુદા પ્રકારના થતા જાય છે. જેની જેવા પ્રકારની મનોવૃત્તિ છે તેને તેવા પ્રકારના જીવની મિત્રતા ગમે છે. મનોવૃત્તિઓનાં રહસ્યો જાણ્યા પછી મિત્ર રહસ્યનું ભાન થાય છે. જેઓ મનોવૃત્તિની રમણીયતાના લાભે થઈ અન્યજીવોની મનોવૃત્તિયોની અનુકૂલતાએ મિત્રો બને છે, તેમાં

મિત્રોનો પાઠ ભજવનારી પરસ્પરની મનોવૃત્તિયો મુખ્યતાએ હોવાથી મનોવૃત્તિનાં પરિવર્તનોની સાથે મિત્રવૃત્તિયોની મિત્રતામાં પણ અનેક પરિવર્તનો થાય છે, તેથી મનોવૃત્તિની દ્રષ્ટિએ નવું જૂનું અનેક પ્રકારનું દેખવું પડે છે. એકંદર, મનોવૃત્તિયોનાં પરિવર્તનોથી અનેક મિત્રોને બદલતો રહે છે તેમાં મનોવૃત્તિ મુખ્ય પાઠ ભજવે છે. જેણે મનોવૃત્તિનું સ્વરૂપ જાણ્યું છે તે મનોવૃત્તિપરથી થનાર મિત્રતાનું સ્વરૂપ પણ ઘણા ન્યાયથી સારી રીતે જાણે છે. તેથી મિત્રોની મનોવૃત્તિયોની મિત્રતામાં જે ફારફેરો થાય છે તેમાં તેને આશ્ચર્ય લાગતું નથી. મનના ગમા [illegible] સંબંધી મુલાકાત એક સરખા રહેતા નથી. મનુષ્યના વિચારોપર બધાની મિત્રતાની પણ સ્થિતિ રહી છે. મનોવૃત્તિનો [illegible] ગુણાનુસારરૂપ અપેક્ષાથી નવા મિત્રનો અનુભવ થાય છે

મનોવૃત્તિ પ્રમાણે મિત્ર બને છે

મનની વૃત્તિ જેવી છે, તેવું સર્વ જણાય;
અનુભવીએ એ અનુભવ્યું, મિત્રાચરણ પાય. ૭૭

વિવેચન—જેવી મનોવૃત્તિ હોય છે તેવું સર્વ સ્વરૂપ છે. [illegible]

સ્પર એક બીજાને અનુકૂલ વૃત્તિયોથી મિત્રતાની લીલાના ખેલો ખેલે છે, અને તેમાં વૃત્તિ ફેરે અનેક પરિવર્તનો કર્યા કરે છે. આવી મનની લીલાનો પાર આવતો નથી. જ્યારે તેઓ આત્માઓને પરસ્પર મિત્રો માનીને આત્મગુણોવડે યુક્ત બની પરસ્પર એક બીજાના આત્માની સાથે એક રૂપ બની જાય છે ત્યારે તેઓ આત્મસુખમય જીવન રસથી રસિક બને છે અને દુઃખોથી મુક્ત થાય છે.

રજોગુણી, તમોગુણી અને સત્ત્વગુણી મિત્રોનું સ્વરૂપ જણાવે છે.

રજોગુણી મિત્રો ઘણા, તમો ગુણી નહિ પાર;
સત્વગુણી મિત્રો અહો, વિરલા જગ નિરધાર. ૭૮

વિવેચનઃ—રજોગુણી મિત્રો ઘણા છે અને તમોગુણી મિત્રોનો વિશ્વમાં પાર નથી. સત્ત્વગુણી મિત્રો તો વિશ્વમાં વિરલા હોય છે. સ્વાર્થી, લોભી, કપટી એવા રજોગુણી મિત્રો હોય છે. અહંકારી, દ્વેષી, માની, પ્રપંચી, ઘડીમા રંગનો ભંગ કરનાર એવા તમોગુણી મિત્રો હોય છે. તમોગુણી મિત્રો ક્રોધ, કલેશ, ઇર્ષ્યા, વૈર, પ્રપંચ, અને યુદ્ધ વગેરેથી મિત્રોનું અશુભ કરવા સમર્થ બને છે. અનેક પ્રકારના દુર્ગુણોને ધારક તમોગુણીમિત્રોને જેઓ કરે છે તેઓ પણ દુર્ગુણો અને દુર્વ્યસનોના દાસ બને છે. રજોગુણીમિત્રો અને તમોગુણી મિત્રો પરસ્પર એક બીજાની મિત્રતાનો ભંગ થતાં નિન્દા, ઇર્ષ્યા, અને એક બીજાના નાશની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થતાં ખચકાતા નથી. તમોગુણી મિત્રો ક્રોધાદિકથી પોતાના આત્માનો નાશ કરે છે, અને સ્વાત્માને અનેક વિપત્તિયોનું ઘર બનાવે છે, તો તેઓ પોતાના મિત્રોને સુખ શાંતિના માર્ગે ક્યાંથી લઈ શકે? તમોગુણી મિત્રો કોઇ વખત પ્રતિકુલતા થતાં સર્વથી ભુંડા થાય છે. તમોગુણી મિત્રો ઘડીઘડીમાં પ્રસંગ પામીને ગુસ્સે થાય છે. રજોગુણી મિત્રો સ્વાર્થ, લોભ, કપટ, પ્રપંચથી મિત્રોને ઠગી ખાવા પ્રયત્ન કરે છે. તેઓ મુખે મીઠા હોય છે અને હૃદયમાં ઝેરી હોય છે. લક્ષ્મી-સત્તાવંત મનુષ્યોના સંબંધમાં આવી ને સ્વાર્થ સાધવા કેટલાક મિત્રો બને છે. રજોગુણીવૃત્તિ અને તમોગુણીવૃત્તિ રહિત સત્વગુણીમિત્રોમાં અનેક

પ્રકારના સદ્વિદ્યા, ક્ષમા, શુદ્ધપ્રેમ, પરમાર્થવૃત્તિ વગેરે ગુણો હોય છે, તેઓ મિત્રો ને સર્વ શુભગુણોની ઉન્નતિમાં સાહાય્ય કરે છે. સત્વગુણી મિત્રથી લોહચુંબકના આકર્ષણની પેઠે ગુણોની પ્રાપ્તિ થાય છે, અને તેઓ આત્મબળથી સત્ત્વગુણની અસર અન્યોપર કરીને દુર્ગુણો તથા દુષ્ટ વ્યસનોથી મિત્રોને બચાવી શકે છે.

સત્વગુણી મિત્રોને કોઇ પ્રસંગે રજોગુણી અને તમોગુણી મિત્રો ઉપયોગી થઇ પડે છે.

કાંટાની વાડો સમા, રજસ્તમોગુણ મિત્ર;
સત્ત્વગુણીને જાણવા, બને પ્રસંગે અમિત્ર. ૭૯

વિવેચનઃ—ક્ષેત્રને કાંટાની વાડ હોય છે. કાંટાની વાડ વિના ક્ષેત્રપાકનું રક્ષણ થતું નથી, સત્વગુણી મિત્રોના રક્ષણાર્થે કાંટાની વાડ સમાન કોઈ પ્રસંગે રજોગુણી અને તમોગુણી મિત્રો બને છે. કાંટાથી કાંટો દૂર થાય, ભગી ભંગીને જીતે, તેની પેઠે દુષ્ટ મનુષ્યોથી બચવા માટે રજોગુણી મિત્રો અને તમોગુણી મિત્રો પ્રસંગે ઉપયોગી બને છે. રાજ્ય, ધર્મ, સંઘ વગેરેનું રક્ષણ કરવા ક્ષાત્રકર્મયોગીની જેમ આવશ્યકતા છે તેમ સજ્જન લોકોને દુષ્ટ મનુષ્યોથી બચવા માટે તેવા રજોગુણી, તમોગુણી મિત્રોની આવશ્યકતા છે. પરંતુ તેઓની સાથે બહુ સાવચેતીથી કામ લેવું પડે છે. તેઓ અમિત્ર–દુશ્મન ન બને એવા ઉપાયો આદરવા પડે છે તો પણ પ્રસંગે તેઓ શત્રુ બને છે. સિંહની સાથે ખેલ કરવા બરોબર તેવા મિત્રોની સાથે વર્તન કરતાં સાવચેતી રાખવી પડે છે, સત્વગુણી મનુષ્યોને રજોગુણી મિત્રો અને તમોગુણી મિત્રો પ્રસંગે અમિત્રબને છે.રજોગુણી મિત્રો કરતાં અને તમોગુણી મિત્રો કરતાં સાત્વિકગુણી મિત્રોનું અનંતઘણું બળ ખીલે છે, તેથી તેઓ આત્મશક્તિઓને ખીલવવા માટે શક્તિમાન્ થાય છે. રજોગુણી વૃત્તિયો અને તમોગુણી વૃત્તિયોના પૂજારી મિત્રો આત્માની જ્ઞાનાદિ શક્તિઓના પૂજારી બની શકતા નથી માટે તેઓ સત્યસ્વાત્મોન્નતિ કરવાને શક્તિમાન્ થતા નથી.

નિજ વૃત્તિ પ્રમાણે મિત્રો મળે છે.

જેને જેવી વૃત્તિ છે, બને જ તેવા મિત્રઃ
તેથી તે રાજી રહે, જુદો ગુણે વિચિત્ર. ૮૦

વિવેચન—જે મનુષ્યોની જેવી મનોવૃત્તિ છે તેને તેવા પ્રકારના મિત્રો બને છે અને તે તેવા પ્રકારના મિત્રોથી રાજી રહે છે. જુદો મનોવૃત્તિ ગુણે વિચિત્ર પ્રકારના હોય છે. મનોવૃત્તિયોના અનુસરણ કરવાથી વૃત્તિ મેળે મિત્ર મેળ પરસ્પર થાય છે. તે સહેજે સમજી શકાય છે. જુગારીનો મિત્ર જુગારી બને છે સરખે સરખી વૃત્તિવાળા મનુષ્યો પરસ્પર મિત્ર મેળે જોડવાઈ જાય છે, અને તેવા મિત્ર મેળે રાજી રહે છે. મનોવૃત્તિની મુખ્યતાએ પ્રવર્તનારા જુદો પરસ્પર સરખી મનોવૃત્તિની ચેષ્ટાએ પરસ્પર મિત્ર સંબંધને બાંધે છે. મનોવૃત્તિની સાથે સરખા આચારોથી અને ગુણોથી પરસ્પરની મિત્રતા થાય છે અને તેમા ફેરફાર (પરિવર્તન) થતા મિત્ર મેળનું પણ પરિવર્તન થાય છે, સ્વાર્થ માટે કેટલાક મનોવિક્રય કરીને, આચાર વિક્રય કરીને મિત્ર મેળ સંબંધ બાંધે છે. પણ તે કૃત્રિમ મેળ હોવાથી આનંદ રસ આપવા સમર્થ થતો નથી. વય, સત્તા, લક્ષ્મી, વિદ્યા વગેરેથી જે મિત્રાચારીમાં ભેદ રહે છે તે મિત્રાચારી ઉપરની હૃદયશૂન્યતા વાળી છે. વિચાર આચાર મેળે બાંધેલી મિત્રતા પણ વિચારાચારની ભિન્નતા થતાં ટકી શકતી નથી. મનોવૃત્તિને મુખ્ય કરી અન્ય મનોવૃત્તિયોના આકર્ષણે જે મિત્ર સંબંધને બાંધે છે. તેમાં મુખ્ય આત્મા આત્મભાવ પ્રધાનભૂત ન હોવાથી તેમાં પ્રેમના ઉભરાઓ પ્રકટે છે તોપણ તે ચિરસ્થાયી રહેતા નથી. એમ સર્વ મનુષ્યો સ્વવૃત્તિના અનુભવથી જાણી શકે છે.

રજોગુણ, તમોગુણ અને સત્વગુણની પેલી પાર જનાર વિશ્વ મિત્ર બને છે.

સત્વ રજસને તમથકી, ગયો જે પેલી પારઃ
વિશ્વ મિત્ર પ્રભુ થઇ રહ્યો, સંબંધાતીત ધાર. ૮૧

વિવેચનઃ—વિશ્વ મિત્ર સ્વરૂપ અને તેથી પ્રભુ સ્વરૂપ થઇ ગયેલાનું સ્વરૂપ દર્શાવવામાં આવે છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી જે પેલી પાર ગયો છે, જેણે મનને આત્મામાં સમાવી દીધું છે, તેથી જે શુદ્ધાત્મા ભાવની શુદ્ધદષ્ટિથી વિશ્વપ્રતિ સ્વફરજને અદા કરે છે, તે વિશ્વવર્તિસર્વજીવોનો મિત્ર બની શકે છે અને તે વિશ્વ જીવોનો પ્રભુ બને છે. તીર્થંકરો, મહર્ષિયો વગેરે જેઓ આત્મજ્ઞાન સમાધિથી ત્રિગુણાતીત થઈ ગયા છે, તેઓ વિશ્વના ખરેખર મિત્ર બન્યા છે. વિશ્વમિત્ર બનનારાઓને સર્વ જીવો પર એક સરખો સમાન ભાવ રહે છે. સર્વ જીવોની રક્ષા કરવા તે યથાશક્તિ પ્રવૃત્તિ કરે છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી પેલી પાર ગયેલાઓ, સર્વ જીવોને આત્મભાવે દેખી શકે છે. રજોગુણ અને તમોગુણાદિ પ્રકૃતિ સંબંધથી અતીત થયેલો આત્મા, સર્વસંબંધાતીત બની વિશ્વમિત્ર બની શકે છે. આવી વિશ્વમિત્રપ્રભુતા મેળનું સ્વરૂપ, આત્મજ્ઞાનિએ અવબોધ્યું છે. સર્વ સંબંધોથી મુક્ત છેવટની આવી મિત્રતાનો એવી દશા પ્રાપ્ત થયા પશ્ચાત્ અનુભવ આવે છે. રજોગુણવૃત્તિ અને તમોગુણવૃત્તિથી થએલા મિત્રમેળનો આનંદ કલુષિત અને પરિમિત છે, સાત્વિકવૃત્તિથી થએલ મિત્રમેળનો આનંદ કંઇ શુદ્ધ અનેક પરિમિત છે. ત્રણ પ્રકારની વૃત્તિની પેલી પાર થએલ આત્માઓના પરસ્પર મેળનો આનંદ પરમ વિશુદ્ધ નિત્ય અને અપરિમિત છે. બ્રહ્મજ્ઞાનીઓ આત્માની મિત્રતાનો અનુભવ કરીને વૃત્તિથી અતીત સહજાનન્દની ઝાંખી પ્રાપ્ત કરી શકે છે, આત્માની પરમાત્મતા પ્રગટ્યાથી આત્મા વિશુદ્ધ બ્રહ્મરૂપ બની અનંતજ્ઞાનદર્શન, અનંત સુખનો ભોગ કરે છે. ત્યાગીઓ, ઋષિઓ, મહાત્માઓ આવી આત્મ મિત્ર દશા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે.

પ્રેમ વૃત્તિની પુષ્પની, ખીલવણી કરનાર;
મિત્ર, સ્ત્રી, ગુરૂ, દેવ એ, ચાર જ છે નિર્ધાર. ૮૨

વિવેચનઃ—પ્રેમવૃત્તિરૂપ પુષ્પની ખીલવણી કરનાર મિત્ર, સ્ત્રી,

ગુરૂ અને દેવ છે. મિત્રની પ્રેમનો વિકાસ જુદા પ્રકારનો થાય છે. પતિવ્રતાપણાથી અને આત્મસમર્પણથી પ્રેમનો વિકાસ થાય છે. આત્મસમાની મિત્ર અને આત્મસમાની પતિમાં સ્ત્રી ને બન્ને આત્માની શુદ્ધતાવડે શુદ્ધ પ્રેમ ખીલવી શકે છે. દેવના યોગે જે પ્રેમનો વિકાસ થાય છે તે અતિ મોટા રૂપમાં પરિણમે છે. માતાપિતાના સંબંધે અંતર પ્રેમમાં પૂજ્યતા, નમ્રતા આદિ ગુણો જાગે છે, માતપિતાદિ ગુરૂજનના યોગે પ્રેમનો વિકાસ થાય છે તેથી અનેક ચારિત્ર ગુણો ખીલી ઉઠે છે. સ્નેહગુણી પ્રેમ અને વાત્સલ્યગુણી પ્રેમ કરતાં ભક્તિરૂપગુણી પ્રેમની અનંતગુણી વિશુદ્ધતા છે. પ્રેમની ખીલવણી કરવામાં ઉપર્યુક્ત ચાર છે તેઓના સંબંધથી આત્માની નિર્મલતા અનેક ઉપાધિ વડે ઉત્પન્ન થાય છે. ઉપર્યુક્ત ચાર સંબંધમાં જે મનુષ્ય આવે છે તે પ્રમાણેતિને હૃદયમાં ધારીને આનંદની ઉપમાના પ્રાપ્તિ કરી શકે છે જો. મિત્ર, ગુરૂ અને દેવને નામરૂપની સ્વપ્ની ઉપાધિ ભૂલીને શુદ્ધ આત્માસ્વરૂપે દેખવા જોઈએ, અને તેઓના અને સ્વ વચ્ચે આત્મૈક્ય અનુભવવું જોઈએ. આ પ્રમાણે આત્મૈક્યોગે પ્રેમની જ્યોતિ પ્રકાશવાથી તેમાંથી અનેક ગુણની પ્રાપ્તિ થાય છે. કારણ કે—

Love is only the reflection of a man's own worthiness from other men.

પ્રેમની જ્યોતિથી આત્મૈક્યરૂપે પ્રગટતાં-વર્તતાં અનેક દોષોપાસનાઓનો નાશ થાય છે અને આત્માની વિશુદ્ધિનો આવિર્ભાવ થાય છે. નીચે પ્રમાણે એમર્સને કહ્યું છે. તે પ્રમાણે પ્રેમની ખીલવણી કરવી જોઈએ.

"Love, which is the essence of God, is not for levity, but for the total worth of man."

પ્રેમ વિશુદ્ધિએ મિત્રપણું અનુભવાય છે.

પર્યાયો સહુ અનુભવી, આગળ ચઢતો જાય;
મિત્રપણું તે અનુભવે, વિશુદ્ધપ્રેમે ન્યાય. ૮૩

વિવેચનઃ—આત્મજ્ઞાની, આત્મપ્રેમી મિત્રદશાના અ
સાયોના સર્વપર્યાયોને અનુભવીને આત્મજ્ઞાની આગળની દ
ચઢતો જાય છે, અને તે સ્વાધિકારદશા યોગ્ય મિત્રત્વને અનુભ
પ્રથમ મનમાં વિશુદ્ધપ્રેમે વિશુદ્ધ મિત્રતાના સુખનો અનુભવ
છે, વિશુદ્ધપ્રેમે આત્મામાં સર્વ પ્રકારના શુભ મિત્રત્વતાના
વસાયો ભોગવાય છે. અશુભમિત્રોના આચારોનો અને વિચા
અનુભવ લેઇને આત્મા શુભમિત્રોના આચારોનો અને વિચા
અનુભવ લેવા પ્રયત્ન કરે છે, અને રજોગુણી અને તમોગુણી
પ્રેમમાં જે દોષોની અશુદ્ધતા છે તેને સાત્વિકમિત્રપ્રેમથી ટા
વિષયવાસના સ્વાર્થ વિનાના વિશુદ્ધપ્રેમે તે આગળની દ
આરોહીને સત્યમિત્રત્વનો અનુભવ કરે છે. મનમાં વિશુ
પ્રકટાવ્યા વિના વિશુદ્ધ મિત્રની પ્રાપ્તિ થતી નથી. વિશુદ્ધ મિત્ર
વિશુદ્ધ પ્રેમની જરૂર છે. **લાયક થશો તેટલું મળશે. જેવું
વ્યમાં ઇચ્છો છો તેવું પ્રથમ પોતાના આત્મામાં પ્રકટા**
આત્મામાં મિત્રપણાના આત્મિક જેવા પર્યાયો પ્રકટાવો છે
પર્યાયોવાળા અન્ય મિત્રોની પ્રાપ્તિ થાય છે. દુનિયામાં સર્વ વસ
છે, અન્તરમાં તે વસ્તુ માટે યોગ્ય થશો તો બાહ્યથી તે વસ્તુ
મેળવી શકશો. મિત્રદશાના જેવા પર્યાયો ઇચ્છશો તેવા પ્રાપ્ત
શકશો. અશુભનો ત્યાગ કરીને શુભ મિત્રપર્યાયો પ્રગટાવવા
લાયક બનવું જોઇએ.

પ્રેમનું રહસ્ય દર્શાવે છે.

**પ્રેમ મરણ વા શરણ છે, પ્રેમ પિયુષને ઝેર;
પ્રેમી મિત્ર મળ્યા પછી, રહે ન ઈર્ષા વૈર.**

વિવેચનઃ—પ્રેમ તે એક દૃષ્ટિએ મરણ છે, અને
એક દૃષ્ટિએ શરણ છે. પ્રેમ તે અમુક દૃષ્ટિએ અમૃત છે અને અ
દૃષ્ટિએ ઝેર-વિષ સમાન છે. પ્રેમ મરણ વા પ્રેમ શરણ છે,
અનુભવ વસ્તુતઃ વિચારીએ તો જ્ઞાનીઓને આવી શકે તેમ

અશુભ જીવનનો નાશ કરીને શુભ જીવન અર્પવા માટે પૂર્વાવસ્થાના જીવનનું મરણ પ્રેમ છે, અને સર્વ પ્રેમના પ્રકારના પ્રમાણમાં, દેવગુરૂ ધર્મના તાનમાં પ્રેમ તે શરણભૂત છે. પ્રેમ વિના કોઈ મનુષ્ય ઉચ્ચ-દિવ્ય-પ્રભુમયજીવનને જીવી શકતો નથી. પ્રેમ ન મળતો વાટે ઘાટે, પ્રેમ પ્રભુ પરખાવે રે: કોઇ મારો પ્રેમીડો બતલાવે, પ્રેમના પ્યાલા પીધા જેણે, તેને કશું નહીં ભાવે રે. કોઇ. “ જલ બીચ મીન કમલ જલ જેવો ” ઇત્યાદિ ઉચ્ચ દિવ્યપ્રેમી મિત્ર મળ્યા પશ્ચાત્ ઇર્ષા વૈર રહેતું નથી. ઇર્ષા વૈર અને પ્રેમનો પરસ્પર વિરૂદ્ધ સંબંધ છે. જ્ઞાની પ્રેમીમિત્ર મળ્યાથી ઇર્ષા વૈરનો નાશ થાય છે, અને આત્મા સર્વ જીવો પર અમૃતમય દૃષ્ટિ ધારણ કરી શકે છે. પ્રેમથી શુદ્ધ હૃદયવાળામનુષ્યો દીન, હીન, ઉદાસીન બને છે, અને તેઓ પ્રભુ પરમાત્માને પ્રાપ્ત કરી શકતા નથી. પ્રેમની મર્યાદા-અવધિ નથી. પ્રેમના અનન્ત વર્તુલમાં સર્વ પ્રિય મિત્રોનો સમાવેશ થાય છે. પ્રેમામૃત જીવનથી જીવનાર પ્રેમી મિત્ર ખરેખર સ્વમિત્રને અમૃતમય સજીવન તથા અમર એવું પુનરૂજીવન સમર્પી શકે છે.

આત્મ સ્વાર્પણથી મિત્રની પ્રાપ્તિ થાય છે.

આત્મસમર્પણ વણ કદી, ઉઘડે નહિ સ્વર્ દ્વાર:
આત્મા મિત્ર થતો નહી, આત્મભોગ વણ ધાર. ૮૫

વિવેચનઃ—આત્માનું સર્વસમર્પણ કર્યા વિના સ્વર્નાં દ્વાર-દેવ લોકનાં દ્વાર ઉઘડતાં નથી. ભાવાર્થ એ છે કે આત્માનું સમર્પણ રૂપ ત્યાગ કર્યા વિના સામો આત્મસમર્પણ કરનાર મિત્ર બનતો નથી. પ્રતાપ રાણાએ ઝાલા રાણાને આત્મસમર્પણ કરી મિત્ર બનાવ્યો હતો, તેથી તેણે અરવલીયુદ્ધમાં પ્રતાપ રાણાને બચાવવા તેનું રાજ્યછત્ર પોતે ઓઢયું અને પોતાના પ્રાણનું સમર્પણ કર્યું. આત્મસમર્પણ કરીને જે મિત્રોનાં કાર્યો કરે છે, તેઓ માટે સર્વ વસ્તુઓનો ત્યાગ કરે છે, તે આત્મસમર્પણ મિત્રોને પ્રાપ્ત કરી, અનંતસાગરજીવનને પ્રાપ્ત કરી અનેક દુઃખોથી મુક્ત થાય છે.

આત્મભોગ આપ્યા વિના અન્ય મિત્રોમાટે સ્વાત્મા મિત્ર બનતો નથી. તેમજ આત્મભોગ આપીને આત્માને અન્યો માટે આત્મારૂપ મિત્ર બનાવી શકાતો નથી. તન, ધન, સત્તાદિ સર્વ પ્રિય વસ્તુઓનો ભોગ આપ્યા વિના આત્માને મિત્રરૂપ બનાવી શકાતો નથી. આત્માની અનંત શક્તિયો પ્રાપ્ત કરવાને માટે અને વિશ્વ જીવોના શ્રેય માટે આત્મ ભોગઆપીને કર્મ યોગી સન્યાસી બનવું પડે છે. દેહાધ્યાસનો ત્યાગ કરવો પડે છે, આત્મસમર્પણ કરીને મિત્રોમાટે કર્મ કરનાર મનુષ્ય સત્યમિત્ર બની શકે છે, અને તે સર્વ મનુષ્યોને પોતાના તરફ આકર્ષી શકે છે. આત્માની પરમાત્મતા કરવા આત્મ સમર્પણ કરી પ્રવર્તવાની જરૂર છે. આત્માને મિત્ર કર્યા વિના મન, વાણી અને કાયાનો, ભોગ આપી શકાતો નથી ગુણોવડે આત્માને મિત્ર બનાવી શકાય છે. આત્મસમર્પણ કરીને જે આત્માને મિત્ર બનાવે છે તેને માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થાય છે.

મિત્ર વિનાની મનની કેવી સ્થિતિ હોય છે ?

મિત્ર વિનાનું બોલવું, રણમાં પોક સમાન;
ફરવું મિત્ર વિના અરે, રોઝ ભ્રમણ સમ જાણ. ૮૬

વિવેચન—આ વિશ્વ આત્માને અને આત્મસ્વરૂપ અન્યને મિત્ર બનાવ્યા વિના જે કંઈ બોલવાનું થાય છે, તે રણમાં પોક સમાન છે. આત્માને ગુણોવડે મિત્ર બનાવ્યા વિના અથવા ગુણોવડે યુક્ત અન્યને મિત્ર બનાવ્યા વિના જ્યાં ત્યાં પરિભ્રમણ કરવું તે રણના રોઝ સમાન પરિભ્રમણ જાણવું. આ દોહરાનો મુખ્ય સાર એ છે કે વિશ્વમાં મનુષ્ય જીવનનો સહચારી આત્મદર્શી–આત્માનુભવી–આત્મસ્વરૂપ મિત્ર કરવો જોઈએ. મનુષ્ય જીવનમાં વિશ્રામ ભૂત મિત્ર કર્યા વિના આનન્દરસનાં ઝરણાં પ્રગટે એવા ઉપાયો પ્રાપ્ત કરી શકાતા નથી. પ્રેમ, સફલતા, ધીરતા, વીરતા, દયાલુતા, પ્રમાણિકતા, આસ્તિકય, આત્મૈકય કરનાર કર્મયોગી જ્ઞાની આદિ ગુણોવડે યુક્ત મિત્ર સ્વઆત્માને દીપકની પેઠે અંધકારમાં ઉચ્ચ

શુદ્ધ જીવનના પ્રકાશમાં સહાયી બને છે. મનુષ્યે પોતાની ચારે બાજુએ મિત્રો બનાવી રાખવા જોઈએ કે જેથી આત્મોન્નતિ કરવામાં સદા સગવડતા બની રહે. વિશ્વમાં સહેજે જે મિત્રો બને છે તથા પોતાના ગુણોથી વા પૂર્વ ભવના સ્નેહે જે મિત્રો બને છે તેવા મિત્રોથી દિવ્ય જીવન પ્રાપ્ત થાય છે માટે તેવા મિત્ર કર્યા વિના રહેવું નહીં.

મનોવૃત્તિ ફેરે બદલાતા મિત્રો.

થયા થાય મિત્રો ઘણા, મિત્ર ઘણા બદલાય.
વૃત્તિફેરેફેર છે, મનોવૃત્તિપર્યાય. ૮૭

વિવેચનઃ—મિત્રો અનેક થયા થાય છે અને ભવિષ્યમાં ઘણા થશે. ભૂતકાલમાં ઘણા મિત્રો બદલાયા. વર્તમાનમાં કેટલાક બદલાય છે અને ભવિષ્યમાં મનોવૃત્તિ ફેરે ઘણા બદલાશે, તેમાં મનોવૃત્તિનો ફેરફાર સમજવો. મનોવૃત્તિ પર્યાયો જેમ જેમ બદલાય છે તેમ તેમ મિત્રપર્યાયોમાં પણ ફેરફારો થયા કરે છે. મનોવૃત્તિના વિચારો અને આચાર બદલાતા આવતાં તે તે જાતના મિત્રો થાય છે. અને તે તે વિચારો અને આચારો બદલાતાં મિત્રોની દૃષ્ટિમાં ફેરફાર થાય છે. એટલું જ નહીં પરંતુ મનોવૃત્તિના વિચારોની અને આચારોની વિરૂદ્ધતાથી મિત્રો અનેકાઓ પણ પ્રસંગે શત્રુ બને છે. સદાકાલ એક સરખી કોઈની મનોવૃત્તિ રહેતી નથી. વિચારોના અને આચારોના ભેદથી તે તે વૃત્તિવાળાઓ પરસ્પર એક બીજાને ઘોર અન્યાયી માને છે. અને તેથી પરસ્પર વૃત્તિભેદે લડી મરે છે, ત્યાં મિત્રતા રહી શકતી નથી. પરસ્પરવિરૂદ્ધમનની માન્યતાઓથી જે એક બીજાને પાપી, શત્રુ, અધર્મી માનતા હોય તેવા જનો શી રીતે મનોવૃત્તિની મિત્રતાને સદાકાલ સંરક્ષી શકે વારૂ? પરસ્પર શાસ્ત્રોથી વિરૂદ્ધ વિચારોની માન્યતાઓવડે, દેશભેદવડે, આચાર વેષવડે, ન્યાતિભેદવડે જે પરસ્પરના આત્માને અવલોકી શકતા નથી તેઓ મિત્ર ભાવની સ્થાયિતા સંરક્ષવા શક્તિમાન્ થતા નથી. વિચારભેદે,

આચાર ભેદે જ્યાં મિત્રતાનો નાશ થાય છે ત્યાં પરસ્પર એક બીજા-ના આત્માને મિત્ર માનવાની ભ્રાંતિ છે. એમ જાણવું. [illegible] મુક્તિ-મૈત્રી મેં બતાવેલું [illegible] માટે સર્વ જીવોમાં મૈત્રી છે. એમ કથનમાત્રથી પાર નથી પરંતુ જે સર્વ જીવોને આત્મવત્ દેખી સર્વ જીવોની સાથે આત્મવત્ પ્રેમ ધારણ કરે છે. એવા મનુષ્યો લાખો કરોડોમાંથી એક બે નીકળે તો બસ છે. એક બીજાની સમાન વયથી, સમાન કુળથી, સમાન જાતથી, સમાન રૂપથી, સમાન આચારથી, મિત્રતા [illegible] વૃત્તિના ફેરફારથી પુનઃ પુનઃ મિત્રો બદલાતા બદલાય, બદલાવે છે અને બદલાવે [illegible] નથી. નામ રૂપના મિત્રો બનેલા મિત્ર બનેલાઓ, વૃત્તિફેરે બદલાયા કરે છે માટે ઉપયુક્ત વૃત્તિના ફેરે બદલાતા આત્માઓરૂપ મિત્રો ન બદલાય અને આત્મવત્ સર્વ પર પ્રેમ રહે એવી આત્મદશા [illegible]

આત્મા મિત્ર થયા પછી, મનોમિત્રની પ્યાસ;
ટળે અનુભવ જ્ઞાનથી, જરા ન ચિત્ત ઉદાસ. ૯૯

વિવેચન — [illegible] અનુભવ જ્ઞાનથી ટળે છે અને આત્મારૂપ [illegible] ઉદાસીનતા [illegible] મનની [illegible] ઉદાસીનતા રહેતી નથી. [illegible] આત્માને મિત્ર કરે [illegible] મનને મિત્ર માનવાથી મન [illegible] પરમાર્થ મિત્ર [illegible] અને [illegible] મિત્રની પ્રવૃત્તિ [illegible] આત્માની [illegible] મન છે [illegible] અને મનની [illegible] વૃત્તિ મન કરી છે. આત્માની મિત્રતા [illegible] અને મનની [illegible] મિત્રતા [illegible]

થયેલી મિત્રતા અન્ય પ્રસંગે મળતાં ફરી જાય છે. માટે જેને મિત્ર કરવો છે તેના શરીરને, મનને, વાણીને, મિત્ર ન બનાવતાં તેના આત્માને મિત્ર બનાવવો જોઈએ કે જેથી શરીર, વાણી અને મનની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ છતાં તેઓની ઉપેક્ષાપૂર્વક આત્મારૂપ મિત્રનું દર્શન થાય અને તેથી સ્વાત્માની શુદ્ધતા કરી શકાય.

આત્મામાં સર્વ મિત્ર દશા અભેદ મૈત્રી ધારક બને છે.

આત્મામાં જગ દેખતો, આત્મામાં સહુ મિત્ર;
અભેદદષ્ટિએ અહો, સહજાનન્દ પવિત્ર. ૮૯

વિવેચનઃ—જ્ઞાનીમિત્ર, આત્મજ્ઞાન દષ્ટિથી આત્મામાં સમાએલા સર્વ જગતને દેખી શકે છે. જે જે મિત્રો છે તે તે સર્વે આત્માઓ છે. અન્યાત્માનો ભેદદષ્ટિએ કથંચિત્ સ્વાત્મામાં સમાવેશ થાય છે, અભેદદષ્ટિએ આત્મારૂપ મિત્રોને દેખતો છતો અને અનુભવતો છતો, આત્મજ્ઞાની સહજાનન્દ મિત્રની પ્રાપ્તિપૂર્વક પવિત્ર બને છે. મિત્રોમાં પરસ્પર અભેદભાવ વર્તવો જોઇએ. **જ્યાં હૃદયમાં ભેદ છે ત્યાં મિત્રોમાં અભેદતા નથી.** ભેદદષ્ટિ ધારક મિત્રોના હૃદયમાં સ્વાર્થાદિ વિકારો રહે છે અને પરસ્પરનાં હૃદય એક સ્વરૂપ થતાં નથી. તેથી પરસ્પર માટે આત્મસમર્પણ થતું નથી. વિશ્વાસઘાત, સ્વાર્થ, વ્યક્તિમહત્તા, અહંતા, ઉચ્ચનીચતા, અપ્રમાણ્ય, ક્રૂરતા વગેરે દોષોથી પરસ્પર મિત્રોમાં જ્યાં સુધી ભેદદષ્ટિ રહે છે, ત્યાં સુધી અભેદ મિત્રતાના આનંદરસનો અનુભવ થતો નથી. અભેદદષ્ટિ થતાં અર્થાત્ મિત્રોની સાથે અદ્વૈતભાવ થતાં આત્મામાં વિશ્વ અને સર્વ મિત્રો દેખાય છે, તેથી નિર્દોષ જીવનની પ્રગતિ થતાં વિષયાતીત સહજાનન્દની પ્રાપ્તિ થાય છે. એમર્સન કહે છે કેઃ—

The only joy I have in his being mine is that the not mine is mine.

આવી દશામાં વિશ્વવર્તિ સર્વમનુષ્યો આવે તો સ્વર્ગ સમાન

જાકે સ્વામીથી ઉચ્ચ શુદ્ધ સિદ્ધ સમાન બને, એમાં કાંઈ આશ્ચર્ય નથી માટે ઉપર્યુક્ત અભેદદૃષ્ટિની ભિન્નતઃ યુક્ત વિશ્રાંતિ અનુભવ બને એવા ઉપાયો યોજવા જોઈએ.

અભેદ અદ્વૈત ભિન્ન દશા.

આત્મા જગ ઈશ્વરસહુ, અભેદરૂપ જણાય,
સર્વ જગતના જીવ સહુ, ભિન્ન પણે પરખાય. ૯૭

વિવેચન—આત્મજ્ઞાની અર્થાત્ બ્રહ્મજ્ઞાની, લય સમાધિ, સહજ સમાધિ, રાજયોગ સમાધિની પરિપાકતા કરીને તથા જ્ઞાન-જ્ઞેયની એકતા કરીને શુદ્ધ નિર્વિકલ્પ જ્ઞાની પ્રાપ્તિ કરે છે, ત્યારે તેને આત્મામાં જગ, ઈશ્વર, સર્વ સમાયેલું લાગે છે. આત્માના કેવળ જ્ઞાનમાં સર્વ જ્ઞેયોનું પરિભ્રમણ થાય છે, તેથી તે દૃષ્ટિએ જ્ઞાન અને જ્ઞેયપર્યાયોની કથંચિત્ અભેદતાએ આત્માની સાથે સર્વ અભેદ રૂપ લાગે છે, તેથી તેને તેવી દશામાં વિશ્વવર્તિ સર્વજીવો સ્વાત્મ સમાન ભિન્નપણે અનુભવાય છે. આવી કેવળ જ્ઞાનની દૃષ્ટિ થયા પશ્ચાત્ કંઈપણ કર્તવ્ય બાકી રહેતું નથી. આવી અભેદદૃષ્ટિની પ્રાપ્તિ કરવા માટે મોહનીયપ્રકૃતિઓનો નાશ કરવો જોઈએ. દેહાધ્યાસ વગેરે સર્વ અધ્યાસો ટાળીને આત્મામાં સમાધિનિષ્ઠ થવું જોઈએ. આત્માની ભિન્નતારૂપ અનન્તવર્તુલની પ્રાપ્તિ ખરેખર કેવળજ્ઞાન પ્રાપ્તિની સાથે સંબંધ ધરાવે છે. સ્વાત્મચરિત્રની જેમ જેમ શુદ્ધતા થતી જાય છે. તેમ તેમ આન્તરિક આધ્યાત્મિક ભિન્નાધ્યવસાયોનો અનુભવ પ્રાપ્ત થતો જાય છે, અને તેથી અનેક દોષોથી આત્મા મુક્ત થાય છે. વિશ્વવર્તિસર્વજીવોના ગુણો તરફ આત્મોપયોગે વર્તવાની સાથે ગુણાનુરાગદૃષ્ટિ ખીલતી જાય છે અને દોષદૃષ્ટિનો નાશ થતો જાય છે. આ રીતે મિત્રોના ગુણોની ચારિત્ર દશાની પ્રાપ્તિ થતાં થતાં છેવટે પરમાત્મદશાની પ્રાપ્તિ થાય છે તે સમયે ઉપર્યુક્ત અનુભવ આવે છે તેથી તે સંબંધી વિશેષ અનુભવ તો તેવી દશા પ્રાપ્ત કર્યા પશ્ચાત્ જણાય છે.

જ્ઞાની યોગીની મિત્ર દશાનું સ્વરૂપ.

એવા જ્ઞાની યોગીને. રહે ન બાકી કાંઇ;
મુક્તિ તેના હૃદયમાં, મુક્તિ સુખ છે ત્યાંહિ. ૯૧

વિવેચનઃ—ઉપર્યુક્ત દુહામાં જે ભાવ કથ્યો છે તેને હૃદયમાં ઉતારીને આ દુહાના વિવેચનનો અનુભવ કરવો જોઇએ. ઉપર્યુક્ત આત્મજ્ઞાની યોગીને આ વિશ્વમાં સર્વ જીવોના આત્મિક મિત્રો બન્યા પશ્ચાત્ કંઇપણ બાકી રહેતું નથી. એવા સર્વ જ્ઞાની યોગીના હૃદયમાં અત્ર અમુકાપેક્ષાએ મુક્તિ છે અને મુક્તિનું સુખ છે. આત્માની શુદ્ધતાને જેણે અનુભવી છે તેને ઉપર્યુક્ત કથનારનો અનુભવ આવે છે. એવું મહાન્ યોગીને મુક્તિ સુખનો હૃદયમાં સાક્ષાત્કાર થાય છે. સર્વવૃત્તિયોની પેલીપાર ગયેલ જ્ઞાની યોગીનો સર્વવ્યાપક અનુભવ પ્રાપ્ત કરવો, તે કંઇ સામાન્ય વાત નથી. સ્થૂલજગતમાં વસતાં જીવો દુષ્ટવાસનાની પેલી પાર જાય છે. સર્વદા સ્વાર્થત્યાગ, માનાપમાન, અને અહંભાવને વરજે છે તે ખરેખર, મરજીવો બની, નિર્મોહી બની સિદ્ધતા પ્રાપ્ત કરે છે.

દુષ્ટ મિત્ર ન કરવો જોઇએ.

ખાઇ ખોદે ખંતથી, સામો પાછો થાય;
મિત્ર કરો ના એહવો, નાશ કરે એ ન્યાય. ૯૨

વિવેચનઃ—મિત્રનું ખાઇ પાણી તેનું ખંતથી ખોદે છે અને પુનઃ મિત્રના સામો થાય છે, મિત્રનું સર્વથા અશુભ કરવા અનેક પ્રપંચો રચે છે, મિત્રને સતાવવા ધૂર્તતા કરી કાંઇપણ બાકી રાખતો નથી એવો મિત્ર કદાપિ કરવો નહીં કારણ કે એવો મનુષ્ય મિત્ર બનીને મિત્રના સર્વસ્વનો નાશ કરી શકે છે. મિત્રની પાસે જે કાંઇ હોય તેમાંથી સ્વાર્થી મિત્ર હરીને કંઇ ખાવા ધાય છે. શ્રીપાલરાજાનું ધવલશેઠે જેમ અશુભ કરવા બાકી રાખ્યું નહીં. તેમ મિત્રને પોતાના પર વિશ્વાસ પાડીને પશ્ચાત્ મિત્રનું આંતથી ખાય છે માટે મિત્રો કરતાં પૂર્વે મિત્રોની વૃત્તિયોને અને તેનાં આચારણોને તપાસી, તેને પૂર્ણ સુવર્ણની પેઠે કસવો, તેની પૂર્ણ પરીક્ષા કરવી, એકદમ કોઇના

[illegible]

[illegible]

મૂરખ પેઠે કોશીને, આપણું નથી આપ:
દુષ્ટ મિત્ર મેં જાણીયો, અવગત લાગી આગ ૬૩

વિવેચન—[illegible] કરતાં [illegible] મૂર્ખ મિત્ર [illegible] કોઈ [illegible] કહેવું [illegible] છે [illegible] ખરો [illegible] મિત્ર [illegible] છે [illegible] હોય છે [illegible] થતાં મિત્ર [illegible] કરવાથી [illegible] મિત્રને [illegible] મિત્રને [illegible] ખરાબ [illegible] છે, અને [illegible] મિત્ર [illegible] છે ત્યારે [illegible] જાય છે [illegible] મિત્રથી [illegible] એવું [illegible] કેવું કથન છે

હવે મૂર્ખને મિત્ર કરવાથી થતી હાનિ.

ટકે ન મનમાં વાત કંઈ, છાનુ કરે પ્રકાશ:
મિત્ર અમિત્ર ન જાણતો, મૂર્ખ મિત્ર તે ખાસ. ૬૪

વિવેચન—મૂર્ખ મિત્રનું લક્ષણ કહે છે. મૂર્ખમિત્રના મનમાં કંઈ છુપી વાત ટકતી નથી. ગમે તેવી છાની વાતનો તે ગમે ત્યાં પ્રકાશ કરે છે. પ્રસંગે બોલવું કે અપ્રસંગે બોલવું તેમાં પણ શું બોલવું અને શું ન બોલવું તે કંઈ સમજી શકતો નથી. દિવાનો મિત્ર કેવો છે?

અમિત્ર અર્થાત્ શત્રુ કોણ છે? તે મૂર્ખ પરિપૂર્ણ જાણી શકતો ન
રનું હિતશામાં રહેલું છે તે પણ તે જાણી શકતો નથી. તથા
હિતસ્વીઓ કોણ છે અને અહિતસ્વીઓ કોણ છે? તે પણ તે જા
કતો નથી એવો તે મૂર્ખ મિત્ર જાણવો. મૂર્ખ મિત્રને મિત્રના કર્ત
સ્ાન હોતું નથી તેમજ અડણ વખતે સાપ કાડવા જેવી પ્રવૃ
છે, તથા વિવાહની વરશી કરી નાખે છે વણ મૂર્ખ મિત્રોની પે
દ્દષ્ટાંતો જાણવાં. મૂર્ખ મિત્રના હૃદયમાંથી ધૂર્ત મનુષ્યો યુકિ
કિતથી સર્વ વાતો ઓકાવે છે અને પશ્ચાત્ તેનો નાશ કરી શ
વનમાં વાસ કરવો સારો, પણ મૂર્ખ મિત્ર કરવો સારો નહિ.
પગલે મૂર્ખ મિત્રના સહવાસથી દુઃખ થાય છે. પોતાની સ
પ્રમાણે મૂર્ખ મિત્ર પ્રવર્તતો હોય તોપણ નૃપતિરક્ષકમૂર્ખવાન
પેઠે તે સ્વાત્માનો નાશક બને છે. पंडितोऽपि वरं शत्रु, मंच मू
हितकारकः, वानरेणहतो राजा, विप्रचौरेण रक्षितः ॥ મૂ
મિત્રોના સહવાસથી દૂર રહેવામાં શાંતિ છે. મૂર્ખ મિત્રને ગમે ત
પ્રસંગે કોઇ ધુર્ત ભમાવીને મિત્રોનો દુશ્મન બનાવી દેછે. આ ઉ
ગુરૂશ્રીએ બનાવેલી ॥ મૂર્ખની સંગત કોઈ ન કાળમાંહે સારી, આ
છે દુઃખ બહુ ભારીરે ॥ મિત્રની ॥ એ કવિતા વાંચવી. (ભજ
સંગ્રહ ભાગ ૧).

મૂર્ખ મિત્રથી થતી હાનિ.

અવસર દશા ન જાણવો, શક્તિ દેશ અજાણ.
મિત્ર ભલો ના તેહવો, કરેજ મોટી હાણ. ૯૫

વિવેચનઃ—હાનિકારક મિત્રનું લક્ષણ કથે છે. જે મિત્ર બને
છે પણ શુભાશુભ અવસર જાણી શકતો નથી, મિત્રની અને પોતાની
દશાનો અને આજુબાજુના શુભાશુભ પ્રસંગોનો ખ્યાલ કરી શકતો
નથી. ધન, સત્તા, વિદ્યા, આધ્યાત્મિક આદિ શક્તિયોમાંથી પોતાની
પાસે કઈ કઈ શક્તિયો છે અને પોતાના મિત્રની પાસે કઈ કઈ શક્તિયો
છે, તે જે જાણી શકતો નથી, તથા મિત્રના હૃદયને જે જાણી શકતો નથી,

મિત્રના સર્વ શુભાશુભ વિચારોને જે જાણી શકતો નથી, તે હાનિકારક મિત્ર જાણવો. તેવા મિત્રથી હાનિ થાય છે. કારણ કે તે મિત્રની દશા, અવસર, શક્તિ, દેશ, સ્થિતિ, વગેરેનો જ્ઞાતા ન હોવાથી મિત્રને હાનિ થાય તેવી પ્રવૃત્તિને કરી શકે છે, અવસર દશા જાણ્યા વિના મિત્રની પાસેથી સાહાય્ય માગવા ઇચ્છે છે, તેથી મિત્રને હાનિ થાય છે, અવસર દશા શક્તિ દેશ આદિના જ્ઞાન વિના તે મિત્રને હાનિકારક બનાવોથી મુક્ત કરી શકતો નથી. તેમજ તે પોતાના આત્માને પણ હાનિકારક પ્રસંગોથી મુક્ત કરી શકતો નથી. મિત્રની દશા તેની આધ્યાત્મિક વિચાર સંકલનાને જાણ્યા વિના તે મિત્રના શ્રેયમાં ભાગ લેઈ શકતો નથી. ઉલટું એવા અબુદ્ધમિત્રથી હાનિકારક પ્રવૃત્તિયોમાં ભાગ લેઈ શકાય છે. માટે એવા મનુષ્યને મિત્ર કરવો ન જોઈએ. મિત્રનું હૃદય ન સમજે તે મિત્ર નથી. મિત્રની ચડતી પડતીના પ્રસંગો ન સમજે તે મિત્ર થવા લાયક નથી. મિત્રને જે મોજ શોખમાં અને વ્યસનોમાં પ્રવૃત્તિ કરાવે છે તે હાનિકારક મિત્ર છે.

હંસ અને સિંહ સમ મિત્ર લક્ષણ કહે છે.

કાક સમા મિત્રો ઘણા, શ્વાનસમાજ હજાર;
વિરલ હંસ ને સિંહ સમ, સહાય્ય શક્તિ દેનાર. ૯૬

વિવેચનઃ–આ જગતમાં દરેક વ્યક્તિયોને પોતાની જીંદગીમાં અનેક મિત્રો મળે છે, પોતાનું યથાર્થ કાર્ય સિદ્ધ ન થવાથી તેજ પાછા શત્રુ સમાન બને છે. કોઇ વખત એકાદ વ્યક્તિને એવો પણ મિત્ર મળી આવે છે કે પોતાના જાન માલ, તન, મન, ધન, સગાવહાલાં, બૈરી છોકરાં માબાપની પરવા નહિ કરતાં દરેક કાર્યમાં સ્વાત્માર્પણ કરે છે તો તેવા મિત્રોને અનેકવાર ધન્યવાદ આપવો તે આપણી ફરજ છે. તેમ તેવા મિત્રોનું જીવન પણ આદર્શરૂપ છે. અફસોસ માત્ર એટલોજ છે કે જગતમાં ઉપર કથિત સાચા મિત્રો મળવા મુશ્કેલ છે. તેથીજ ઉપર કાવ્ય-કથિત ઉપદેશ યથાર્થ છે. આ જગતમાં ઘણા મિત્ર કાક સમાનજ મળે છે, તેમજ કેટલીક વખત તેવા પણ મિત્રો જોવામાં

આવે છે કે પોને જેની સાથે મિત્રતાવાળો હોય તો તે પોતાના
અન્ય સજ્જનો સાથે બોલવા નિરોધ કરે છે, કારણ કે પોત
મળેલું છે તેનો લાભ બીજો ન લેઇ શકે તેવીજ દુષ્ટ ધારણા
મનમાં આવે છે. તેથી તેવા મિત્રોને શ્વાન જેવા દંભ્યોથી કહેવામાં
છે, એ વ્યાજબી છે. સાહાય્ય અને શક્તિ આપનાર એવા સિંહ
મિત્રો વિરલાજ દૃશ્યમાન થય છે. પરસ્પર જે મિત્રો એક બી
ઇર્ષ્યા કરે છે. એક બીજાની સાથે દ્વેષ કરે છે, તે શ્વાન સમા
જાણવા, હંસના સમાન હૃદયના નિર્મળ અને સિંહ સમાન પરા
પુરૂષ સિંહ મિત્રોની પ્રાપ્તિ થવી દુર્લભ છે. હંસ અને સિંહ સ
મિત્રો સહાય કરે છે. એક બીજાને આત્મભોગ આપવામાં કચ
રાખતા નથી માટે શ્વાનના સમાન મિત્રોનો ત્યાગ કરીને હંસ
સિંહ સમાન મિત્રો કરવા જોઇએ.

ચડતી પડતી પ્રસંગે મિત્ર કર્તવ્ય પરીક્ષા.

ચડતીમાં પાસે રહે, પડતીમાં નહિ પાસ;
એવા જન નહીં મિત્ર છે, સત્તા ધનના દાસ.

વિવેચન:—બાહ્ય વસ્તુઓમાં આનંદ માનનાર એવા મિત્રો
કોઇને પણ ઉપકાર કરી શકતા નથી, કારણ કે તેવા મિત્રો પોતાની સાથે
ત્યાં સુધીજ ટકી શકે છે કે જ્યાં સુધી આપણી ચડતી દશા હોય છે.
અનેક પ્રકારના હુન્નર ઉદ્યોગ બનાવવામાં સહાયકપણું હોય છે ત્યાં
સુધી તેઓ સાથી બને છે તેમ કરતાં જો તે ધનવાન થાય અને તેની
પાસે કોઇ અપૂર્વ હુન્નર કળા જાણવામાં આવે તો પોતાના ઉપર
કરેલા હજારો ઉપકારોને ભુલી જઇ તેને હુન્નર ઉદ્યોગ નહિ બતાવતા
કદાચ તેની પાસે ધનનો નાશ થાય તો તેના મૂખ સામું પણ નહી
જોતાં તેની ઉપેક્ષા કરે છે, અને જેને લીધે પોતે ઉપરોક્ત સ્થિતિએ
પહોંચેલો છે તેનું ભાન નહિ રાખતાં પોતાનું હીનત્વ બતલાવવા
ચૂકતો નથી. તેવા મનુષ્યો ખરા મિત્રો કહી શકાતા નથી પણ સત્તા અને
ધન જે બાહ્ય વસ્તુ તરીકે લેખાય છે. તેઓના તેઓ દાસ બની રહે છે.

સત્તા અને ધનની લાલસામાં રચ્યોમાચ્યો રહેનાર મનુષ્ય અને તેમાંજ સુખ માનનાર કદાપિ કાળે સાચા મિત્ર તરીકે લેખી શકાતો નથી.

દુર્લભ મિત્રોને જણાવે છે.

સંકટમાં સાથે રહે, કરે સમર્પણ પ્રાણ;
મિત્રો એહવા દોહીલા, સુણે ન નિન્દા કાન. ૯૮

વિવેચનઃ—દુનિયામાં દરેક મનુષ્યને મિત્ર કરવા અભિલાષા રહે છે. કારણ જગત્ વ્યવહારે વિચરતા મનુષ્યને પ્રસંગોપાત્ત નેક સલાહની જરૂર છે અને તે સાચો મિત્ર પૂરી પાડે છે. સાચા મિત્રની આશાએ મનુષ્યો મૈત્રી કરે છે પણ સ્વપરમિત્રોની ફરજ સમજી સાચા મિત્રો બનેલા જગત્માં ક્વચિત્ દેખાય છે. મિત્ર પોતાની મિત્રફરજ ત્યારે સમજી શકયો કહેવાય છે કે જ્યારે તે મિત્રનાં અનેક દુઃખો અને સંકટોના સમયમાં સાથે રહી તન, મન, ધનથી મિત્રનાં સંકટોનું નિવારણ કરે છે, અને મિત્રને આત્મશાન્તિ આપવા સ્વાત્માનું બલિદાન સમર્પણ કરવાની જરૂરીયાત હોય તોપણ લેશ માત્ર ન ડગતાં પાછો ઉમંગ કરી સ્વફરજને અદા કરે છે તેજ સાચો મિત્ર લેખી શકાય છે. કહ્યું છે કેઃ—

उत्सवे व्यसने चैव, दुर्भिक्षे राष्ट्रविप्लवे ।
राजद्वारे, श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥

ઉત્સવમાં, દુઃખમાં (વ્યસનમાં) દુકાળમાં, દેશની પાયમાલીમાં, રાજદ્વારમાં અને સ્મશાનમાં જે સાથે ઉભો રહે છે તે ખરો બાંધવ કે મિત્ર છે.

જે મિત્રો સ્વાર્થી છે તેવા મનુષ્યોથી મિત્રનું ભલું થતું નથી. સાચા મિત્રો મિત્રના ભલામાં જ સદા તત્પર રહે છે. કોઈપણ મનુષ્ય, પોતાના મિત્રની નિન્દા કરતો હોય વા ભુંડું બોલતો હોય તે ખરો મિત્ર હોય ત્યાં તે સન્મુખ નિન્દાની સાંખી શકતો નથી અને

સાંભળનો પણ નથી. કારણ કે તેને મિત્રના સદ્વર્તન માટે પૂર્ણ વિશ્વાસ હોય છે. કહેવત છે કે ' બહુરત્ના વસુંધરા ' સૃષ્ટિમાં અનેક રત્ન છે. માટે પોતાના ગુણ સ્વભાવને મળતા મનુષ્ય સાથે મૈત્રી બાંધી સંસાર મુસાફરીમાં વિચરવું. ગુરૂની અને માબાપની નિન્દા સાંભળનાર અને તેને સાંખનાર સત્ય મિત્ર બની શકતો નથી.

ગુણોથીજ મૈત્રી ટકે છે.

મિત્ર ગુણો વણ મિત્રતા, કદી નહીં ટકનાર;
શ્વાન સંગ ભેગો મળી, જાય ન હાથી દ્વાર. ૯૯

વિવેચનઃ—દરેક વ્યક્તિએ મિત્ર કરતાં પ્રથમ મિત્રગુણો તપાસવા જોઈએ. પોતાનામાં મિત્રગુણો પ્રથમ પ્રગટાવવા જોઈએ. બધા યોગ્ય ગુણ સિવાય મિત્રતા ટકી શકતી નથી. દાખલા તરીકે પ્રથમ તેનામાં ઉપકારબુદ્ધિ હોવી જોઈએ. તેમજ પોતાનાં વચનને માન્ય રાખવાવાળો હોવો જોઈએ. કારણ કે જ્યાંસુધી મિત્ર વચન ઉપર શ્રદ્ધા ન હોય ત્યાં મિત્રતા લાંબો વખત સુધી ટકવી તે આકાશ કુસુમવત્ છે. જો કે મિત્રગુણો અન્ય પણ બહુજ છે, અને જો તેનું વર્ણન કરવા બેસીયે તો આખું પુસ્તક મિત્રગુણોના વર્ણનનું થઈ જાય, તેથીજ અત્રે સંક્ષેપથી જણાવવામાં આવે છે. બાકી વિશેષ ઈચ્છાવાળાએ ગુરૂગમથી જાણી લેવું. ઉપર કથિત ગુણો જો ન દેખવામાં આવે તો તેવા મિત્રો કદાપિ કરવા નહિ અને તેમ છતાં જો કરે તો શ્વાનના સમુદાય જેવું થાય. જેમ શ્વાનનો સમુદાય કદાપિ એક ગામથી બીજા ગામ જઈ શક્તો નથી. કારણ અન્ય ગામનો શ્વાનસમુદાય તેની સાથે લડીને કાઢી મુકે છે શ્વાનસંઘ જેમ હાથીભિત્રમાં પ્રવેશ કરી શકે નહિ, તેમ. નિર્ગુણી મિત્ર કોઈ મળી કોઈ પણ કાર્ય કરી શકે નહિં. કારણ કે ગુણો સિવાય મિત્ર ફરજ બજાવી શકતી નથી. મિત્રોની અંદર પરસ્પર એક બીજાને પ્રેમાદિનો સંબંધ રાખવો નહિ, કારણ જગતમાં પ્રેમ, એ વૈરનું મુખ્ય

કારણ છે તેમ છતાં કદાચ પ્રેમનો સંબંધ કરવો પડે તો પણ પૂર્ણ પ્રમાણિકતા રાખવી. પોતાની ભાવના શુદ્ધ હોવી જોઇએ. બાકી નિર્ગુણી મિત્રો કરવાથી સ્વપરને કોઇ જાતનો લાભ થતો નથી અને તેજ પ્રમાણે સ્વપર કાર્યની સિદ્ધિ પણ થતી નથી.

ગપાટીઆ મિત્રો ઘણા, ઘણા મોજીલા મિત્ર;
ગુણ ગોષ્ઠી વણ મિત્રતા, કદી ન હોય પવિત્ર. ૧૦૩

વિવેચનઃ—આ વિશ્વમાં અનેક પ્રકારના ગપાટા, નકામી વાતો કરનારા ઘણા મિત્રો થાય છે. ગપાટાં મારવાથી પરસ્પર કોઇનું શુભ કરી શકાતું નથી ત્યારે ગપાટાં મારવાની શી જરૂર છે ? ગપાટાં મારવાથી વિકથામાં ચઢી જવાય છે અને તેથી દેશ, કોમ, ધર્મ, કુટુંબ આદિની સેવા કરી શકાતી નથી. ગપ્પા મારનારા મિત્રોથી અસત્યમાર્ગમાં–અધર્મમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. જે મિત્રો ગપાટાં મારવાની વૃત્તિથી દૂર રહેતા હોય અને વિશ્વમાં કંઇ શુભજીવન-પ્રવૃત્તિ કરવા ઇચ્છતા હોય તેજ ખરા મિત્રો છે. વિશ્વમાં મોજ-શોખમાં જીવન ગુજારવું અને સમાજ, દેશ, સંઘ વિગેરેની સેવાભક્તિમાં ભાગ લેતાં ખચકાવું એવી વૃત્તિવાળા ઘણા મિત્રો હોય છે. મોજીલા, શોખીલા મિત્રોની સંગતિથી આત્મા, મન, ધન, વિદ્યા, સત્તા વગેરેનો પરમાર્થમાં ઉપયોગ થતો નથી. મોજીલા, શોખીલા મિત્રોની સંગતિથી દેશની, રાજ્યની, ધર્મની, સંઘની પ્રગતિ કરી શકાતી નથી. જે મનુષ્યો મોજશોખમાં પડીને જીવન ગાળે છે તેઓના જીવનથી અન્યોને કશો લાભ થતો નથી. માટે મોજીલા, શોખીલા મિત્રોથી દુષ્ટ દુર્ગુણ વ્યસનો વગેરેમાં ફસાવાનું ન થાય તે માટે ખૂબ ચેતીને ચાલવાની જરૂર છે. જેઓ ગુણોથી પરસ્પર ગોષ્ઠી કરે છે તે ખરા મિત્રો છે. ગુણોની–શક્તિયોની પરસ્પર શુદ્ધપ્રેમ અને નિષ્કામભાવે આપ લે કરવી, એજ સત્યમિત્રનું લક્ષણ છે. માટે ગુણગોષ્ઠીવિનાની મિત્રતા કદી પવિત્ર રહેતી નથી એવો દૃઢ નિશ્ચય કરીને મિત્રોને મેળવવામાં ગુણોથી ઉપયોગી બનવું જોઇએ.

અનેક પ્રકારના મિત્રો હોય છે.

મિત્રોના ભેદો ઘણા, કહેતાં નાવે પાર;
ઐકયભાવ વણ મિત્રતા, ખરી નહીં થાનાર.

વિવેચનઃ—મિત્રોના અનેક ભેદો છે તેનું વર્ણન કરતાં
આવે તેમ નથી. ઐકયભાવ વિના ખરી મિત્રતા કદાપિ થઇ નથી,
નથી અને થશે નહિ. નિષ્કામ શુદ્ધપ્રેમવડે પરસ્પર મિત્રોમાં
ભાવના થાય છે ત્યાં સત્ય મિત્રતાની ઝાંખીનો અનુભવ થાય છે.
વાણી અને કાયાની સર્વ પ્રવૃત્તિયોમાં ઐકય હોય છે ત્યાં મિત્ર
રસ અનુભવાય છે. પરસ્પરના આત્માનું ઐકય થયા વિના આત્મ
રસનો પ્રાદુર્ભાવ થતો નથી. આત્માના ઐકય વિના આધ્યાત્મિ
શક્તિયોના સમૂહને પ્રગટાવી શકાતો નથી. આત્મૈક્યરૂપ મિત્રતા
સર્વ પ્રકારના આધ્યાત્મિક સુખનો વાસ છે. આધ્યાત્મિક ઐકય
સાથે બાહ્યનું ઐકય પ્રાપ્ત થઇ શકે તેમ છે, માટે આત્મૈકયભા
મિત્રતા કરીને વિશ્વમાં અનંત સુખમય જીવન પ્રાપ્ત કરવા પ્રયત્ન
કરવો જોઇએ. મન, વાણી અને કાયાનો ઐકયમિત્રભાવ ખરેખર
આત્માના ઐકયભાવથી ચિરસ્થાયી રહી શકે છે, અન્યથા નષ્ટ થઇ
શકે છે, માટે પરસ્પર આત્માઓનું ઐકય કરવું જોઇએ. જ્યાં ઐકય
ત્યાં મિત્રતા છે.

પવિત્ર મિત્રનું લક્ષણ કહે છે.

મિત્ર હૃદયમાં પેસીને, કરે મિત્રનું કામ;
નિષ્કામી થઇ સંચરે, પવિત્ર તેનું નામ. ૧૦૨

વિવેચનઃ—પવિત્ર મિત્રનું સ્વરૂપ પ્રકાશે છે. મિત્રના હૃદયમાં
પ્રેમથી પ્રવેશીને જે મિત્રનું ઇષ્ટ કર્તવ્ય કરે છે, અથવા કરવામાં
સાહાય્ય કરે છે, પોતાની શક્તિયોને મિત્રના કાર્યોમાં એકરૂપ થઇને
જે વાપરે છે, તથા જે મિત્રોનાં કાર્યો કરીને બદલાથી સામો બદલો
લેવાની ઇચ્છા રાખતો નથી, મિત્રો માટે જેની મન

એક સરખી પવિત્રતા છે, મિત્રોની પાસેથી કંઇપણ સ્વાર્થબુદ્ધિએ મેળવવા પ્રયત્ન કરતો નથી, મિત્રો પ્રતિ જે કંઇ કરે છે તે સ્વફરજરૂપ ધર્મને લઇને કરે છે, તે પવિત્ર મિત્ર અવબોધવો. મિત્રોવડે અપમાનિત થવા છતાં પણ જે મિત્રોના સામો અપવિત્રવિચારો કરતો નથી. તથા અપવિત્ર પ્રવૃત્તિયો કરતો નથી, તે પવિત્ર મિત્ર જાણવો. કદાપિ મિત્ર કોઇ કારણ પામી અપવિત્ર થઇ જાય તોપણ જે મિત્રના હૃદયની માર્મિક વાતોને તથા ગુપ્ત પ્રવૃત્તિયોને અન્ય મનુષ્યોની આગળ પ્રકાશતો નથી તે પવિત્ર મિત્ર જાણવો. મિત્રોનાં કરોડો કાર્યો કરે પણ પ્રતિબદલો લેવાની કદાપિ જે ચાહના રાખતો નથી, તથા સામો મિત્ર પોતાની પેઠે ન વર્તે ત્હોયે જે મિત્રના માટે કરેલાં કર્તવ્ય કાર્યોનો અન્યની આગળ પ્રકાશ કરતો નથી, તે પવિત્ર મિત્ર જાણવો. મિત્રોના પવિત્ર વિચારોથી અને પવિત્ર આચારોથી જે વર્તે છે તે પવિત્ર મિત્રછે.

ઉત્તમ મિત્રનું સ્વરૂપ દર્શાવે છે.

મિત્ર હૃદયમાં પેસીને, મિત્ર હિતસ્વી થાય;
છાયાવત્ સાથે રહે, ઉત્તમમિત્ર ગણાય. ૧૦૩

વિવેચનઃ—ઉત્તમ મિત્રનું લક્ષણ કથે છે. મિત્રની ફરજે અહીં કરીને જે વિશ્વાસ, પ્રામાણ્ય તથા આત્મભોગથી મિત્ર હૃદયમાં પ્રવેશીને મિત્ર હિતસ્વી થાય છે. તથા જે છાયાની પેઠે મિત્રની સાથે રહે છે. તે ઉત્તમ મિત્ર થાય છે. સુખમાં અને દુઃખમાં મિત્રની સાથે જે વર્તે છે અને સ્વાર્થોનો ત્યાગ કરીને મિત્રને સ્વાત્મવત્ માની તેની સાથે વર્તે છે, તે ઉત્તમ મિત્ર જાણવો. મિત્રના હૃદયમાં પ્રવેશીને તેના સર્વાશયોને જાણવા અને તેમાં ભાગ લેવો એ કંઇ સામાન્ય કાર્ય નથી. મિત્રની સાથે સર્વ પ્રસંગોમાં આત્મવત્ બની સાથે રહેવું એ ઉત્તમ મિત્રના ગુણો પ્રાપ્ત થયા વિના કદાપિ બની શકે તેમ નથી. મિત્રની છાયાવત્ બનીને તેની સાથે શુદ્ધપ્રેમથી વર્ત્તવું એ કંઇ સામાન્ય કાર્ય ગણાય નહિ. પવિત્ર વિચારો અને પવિત્રાચારો તથા આત્માની ઐક્યતા કરીને મિત્રની છાયાવત્ બનવાથી

મિત્રોની ફરજ અદા કરી શકાય છે. સુખની વેળામાં મિત્રોની છાયાવત્ બનનારા અનેક મિત્રો મળી આવે છે; પરંતુ ભય, વિપત્તિ દુઃખી, સંકટ દશા વગેરે કારણોથી મિત્રની દુઃખી અવસ્થા થતાં તેની સાથે છાયાવત્ બનનારાઓ તો કોઈ સદ્ભાગી પરમાર્થી નિષ્કામી કર્મ-યોગીઓ જ હોય છે. જેઓ મિત્રો બની છાયાવત્ સાથે રહી સ્વફરજને અદા કરી વિશ્વમાં મિત્રાદર્શ રૂપાંતીભૂત બની શકે છે, તેઓ ઉત્તમ મિત્રો જાણવા.

સુજન મિત્ર સ્વરૂપ.

છાની સાહાય્ય કરે ઘણી, ચહે ન મનમાં માન;
અપમાને ના ખીજતો, સુજન મિત્ર તે જાણ. ૧૦૪

વિવેચનઃ—સુજન મિત્ર લક્ષણ કથે છે. મિત્રને ગુપ્ત રીતે જે અનેક પ્રકારની સાહાય્ય કરે છે અને જે મિત્રના માન અપમાનની ચાહના પણ કરતો નથી. તેમજ જે મિત્રોના અપમાનથી સાહાયક છતાં પણ ખીજતો નથી, ક્રોધી થતો નથી, તે સુજન મિત્ર જાણવો. મિત્રોને ધનાદિકની સાહાય્ય તો ગુપ્તપણે કરવી જોઈએ. જ્યારે મિત્રને સ્વાત્મા કરતાં અધિક ગણ્યો ત્યારે તેને જે જે સાહાય્ય કરવામાં આવે તેની વિશ્વ જનોને જાણ કરવાની જરૂર જણાતી નથી. પોતાના કરતાં મિત્રની દરેક બાબતમાં હીન દશા હોય તેથી મિત્ર પોતાનો વેઠીયો છે એમ જે માની લે છે તે મિત્રને નોકર ગણનાર છે. તેવા મિત્રો એ ખરેખર મિત્ર નથી અને તેવા મિત્રોને જે સ્વાર્થમાટે માને છે તે સત્ય મિત્ર નથી. પરસ્પરને ગમે તેવા પ્રસંગોમાં એક બીજાની સાહાય્ય લેવાની જરૂર પડે છે. તેમાં જે ગુપ્ત રીતે સાહાય્ય આપવી હોય તે ગુપ્ત રીતે આપવી. પોતાના આત્માને આત્મા જેમ માન આપતો નથી તેમ મિત્રો આત્મારૂપ હોવાથી તેમની પાસેથી માન સન્માનની કામના રાખવી નહીં. મિત્ર તરફથી માન મળે એવી કદાપિ ઈચ્છા કરવી નહીં. મિત્ર તો સ્વાત્મા સ્વરૂપ છે તેને જો જુદો મનુષ્ય માનીએ તો માનની ઈચ્છા કરાય, પરંતુ તેમ તો નથી માટે

માન સન્માનની, પૂજાની કામના રાખવી નહીં, તેમજ કોઈ વખત કોઈ કારણે મિત્ર તરફથી અપમાન થાય તો પણ સુજન મિત્ર મનમાં કંઈ ખોટું લાવતો નથી. કારણ કે તે મિત્રને સ્વાત્મવત્ ગણે છે. મિત્રો તે અનેક પ્રકારે મદદ કરનાર સુજન મિત્ર છે. મરાઠા શાહુ છત્રપતિને તેના મુસલમાન મિત્રે પ્રાણ રક્ષાદિ અનેક ગુપ્ત સહાયો કરી હતી.

સત્ય મિત્ર સ્વરૂપ.

ઠપકો મ્હેણાને સહે, લહે ન મનમાં ખેદ;
મિત્રોન્નતિમાં રાચતો, કરે ન કયારે ભેદ. ૧૦૫

વિવેચનઃ—સત્ય મિત્રનું લક્ષણ જણાવે છે. મિત્રના ઠપકાઓ અને મ્હેણુંઓને જે સહન કરે છે તો પણ જે મનમાં ખેદ પામતો નથી, અને ઉલટો ઠપકાં મ્હેણાંઓનો સમ્યક્ સાર ગ્રહણ કરે છે, તથા જે મિત્રોની ઉન્નતિમાં રાચે છે અને ક્યારે ભેદભાવ કરતો નથી, તે સત્ય મિત્ર જાણવો. મિત્રની સર્વ પ્રકારની શુભોન્નતિમાં જે રાચે છે એટલુંજ નહિ પણ જે મિત્રોન્નતિના સર્વોપાયોમાં સર્વ પ્રકારે જે સ્વકર્મ કર્તવ્યને કરે છે, તે સત્ય મિત્ર છે. મિત્ર સંબંધમાં જે આત્મ નાશ થતાં પણ બાહ્ય વાસનાઓના વ્યવહારોથી ભેદ કરતો નથી તે સત્ય મિત્ર છે. ધન, સત્તા, સ્વાર્થ, કીર્તિ, માન, પોતાપણું વગેરેથી પરસ્પર મિત્રોમાં ભેદ થાય છે પરંતુ જે ઉપર્યુક્ત કારણોથી પણ મિત્રોમાં ભેદ કરતો નથી તે સત્ય મિત્ર છે. ખરેખર યાદ રાખવું જોઇએ એ કેઃ—

By Rersisting in your path though you for feit the little you gain the great.

મિત્રના ઠપકાઓ સહન કરવાથી મિત્રના શુભવિચારોની અસર થાય છે. મિત્ર પોતાને મ્હેણું મારે ત્યારે પોતાની ભુલને જે દેખે છે અને મનમાં જરા માત્ર ખેદ લાવતો નથી એવા મનુષ્યો ગુણ ગ્રહણદૃષ્ટિથી અનેક ગુણોને પ્રાપ્ત કરી શકે છે અને સત્ય મિત્રની કોટિમાં પ્રવેશી શકે છે.

ઓછું મન લાવે નહીં, સુવર્ણ પેઠે વાન;
વધતું હેતું બહુ રહે, સત્ય મિત્રને જાણ. ૧૦૬

વિવેચનઃ—જેના મનમાં મિત્ર સંબંધી કંઇ પણ ઓછું આવતું નથી અને જે સુવર્ણની પેઠે મિત્ર કર્તવ્ય કર્મની કસોટીથી કસાય છે, છતાં જેનો આત્મા સુવર્ણની પેઠે અધિક ઉજ્વળ થતો જાય છે, તથા અતિશુદ્ધ થતો જાય છે તે સત્ય મિત્ર જાણવો. મિત્રનો ધર્મ એ છે કે મિત્ર સંબંધી કંઇ પણ મનમાં ઓછું ન લાવવું. મિત્ર પોતાના સંબંધી યથાયોગ્ય વર્તન ન ચલાવી શકે તો પણ તેના સંબંધી મનમાં અપ્રિય ન લાવવું. મિત્ર પોતાની ફરજો બજાવે યા ન બજાવે તો પણ પોતાને તો મિત્રો પ્રતિ ફરજ બજાવવાની હોય છે. સુવર્ણ જેમ કષ, છેદ, તાપથી પરીક્ષા યોગ્ય થાય છે. તેમ જે મિત્રોની ફરજો બજાવતાં કષ, તાપ, અને છેદને સહન કરે છે તે સત્યમિત્ર જાણવો. મિત્રના પ્રતિ જેનો સ્નેહ વધતો જાય છે, અને કર્તવ્ય કાર્યથી પણ વધતોજ જાય છે તથા જે મિત્રની વિરૂદ્ધપ્રવૃત્તિમાં પણ મિત્ર પ્રેમથી વૃદ્ધિ પામે છે તે સત્ય મિત્ર જાણવો.

મનની પેલી પાર રહેલા આત્માને જેણે મિત્ર તરીકે જાણ્યો છે તેજ સત્ય મિત્ર થઇ શકે છે. આત્માનું આનંદ જ્ઞાન સ્વરૂપ છે તેને પ્રાપ્ત કર્યા બાદ મિત્રોની ફરજો અદા કરવામાં પણ તે સત્ય મિત્ર તરિકે કર્મયોગી બની શકે છે. એવી સ્થિતિ પ્રાપ્ત કરીને સત્ય મિત્ર બનવું જોઇએ.

મિત્ર મેળને રાખવો, એ નહીં સહેલી વાત;
વગર વિચારે ચાલતાં, થાય મૈત્રીની ઘાત. ૧૦૭

વિવેચનઃ—મિત્ર મેળને રાખવો એ કંઇ સહેલી વાત નથી. વિના વિચારે મિત્રની સાથે વર્તનથી મિત્રતાનો ઘાત થાય છે. મિત્રની સાથે વર્તવામાં સમયોચિત આચરણ કરવું પડે છે અને સમયોચિત પ્રવૃત્તિ સેવવી પડે છે. મન, વાણી અને કાયાથી સભ્ય થવું પડે છે.

મિત્રનો મર્મ ન હણાય અને મિત્રની હાંસી ન થાય એવું કરવું પડે છે. પરોક્ષમાં કે પ્રત્યક્ષમાં મિત્રની નિંદા ન થાય ખાસ ખ્યાલ રાખવો પડે છે. કોઇ મિત્રની નિંદા કરે અથવા વિરૂદ્ધ બોલે તો તેનો પ્રતીકાર કરવો પડે છે. મિત્રની કોઇ ચિંતવતું હોય તો તે વાત મિત્રને કહેવી પડે છે, અને તેના યોગ્ય ઉપાય લેવો પડે છે. મિત્રની ગુપ્તવાતોને હૃદયમાં રાખવી પડે છે. મિત્રના જે જે વિરોધીઓ હોય તેની સાથે સાવચેતીથી વર્તવું પડે છે. મિત્રની પાસે રહીને તેને સૂચ આપવી પડે છે. તેને માટે પ્રાણાન્તકષ્ટો સહન કરવાં ઇત્યાદિનો અનુભવ કરીને મિત્રતાનું રક્ષણ કરવું પડે છે. વિચારે મિત્રની સાથે પ્રવર્તવાથી મિત્રતાનો ઘાત થાય છે. સાથે યોગ્ય વિચારવું, યોગ્ય બોલવું, અને યોગ્ય રીતે પ્રવર્તવું મિત્રમેળ રાખવાની યોગ્ય કુંચી છે.

જ્ઞાની મિત્ર સ્વરૂપ

જ્ઞાની મિત્રની ગોઠડી, પગ પગ સુખની લ્હેર;
દુષ્ટમિત્રની ગોઠડી, મન પ્રગટાવે ઝેર.

વિવેચનઃ—જ્ઞાની મિત્ર અને દુષ્ટ મિત્રની ગોઠડીનું જણાવે છે. જ્ઞાની મિત્રની ગોઠડીમાં અર્થાત્ મિત્રાચારીમાં પગલે સુખની લ્હેર છે, અર્થાત્ તેની સાથે ક્ષણે ક્ષણે વાતચિ વામાં સુખનો અનુભવ થાય છે. જ્ઞાની મિત્રના આચારોમાં વિચારોમાં ઘણું સત્ય સમાયલું હોય છે, અને તેના બોલમ ઘણું સત્ય સમાએલું હોય છે. એથી તેની પાસેથી ઘણું સત્ય શકે તેમ છે. ચડતી અને પડતીના વિચારોને તે સારી રીતે જ શકે છે. તેથી તેના મિત્રને સુખનાં સાધનો સંપ્રાપ્ત થઇ શ આત્મજ્ઞાન આપવામાં તે ગુરૂની ગરજ સારે છે અને તે સં

દોષોને પીવામાં તે માતાની ગરજ સારે છે અને આત્મદોષોને ટાળવામાં તે પિતાની ગરજ સારે છે. કહ્યું છે કે:—

મિત્રો મળો સાચા મ્હને જે દિલનું સર્વસ્વ દે
સાથે રહે દિલથી સદા સુખદુઃખમાં ભાગી બને
ચાલે અમારી વાટમાં જ્ઞાને સરીખો પ્રેમીયે
એ દીલ લઈને દીલને આનન્દ આપે વાતમાં ॥

સુવર્ણ પેઠે સંગથી અભંગરંગે શોભતો
જીવજ્ઞાન અન્તરૂ બાહ્ય આચારે સમો સહુ કૃત્યમાં
જેવું અમારૂં રૂપ તેવો તે બને સહુ કાજમાં
તનછાય મન વિશ્રામ વ્હાલો મિત્ર એ સ્વર્ગજ સમો ॥

કાર્યો કરે નિષ્કામ બુદ્ધિથી રહી સાથે સદા;
સાથે ફરે ધ્યાનજ ધરે સાથે અનુભવ યોગમાં,
મ્હારૂં અને ત્હારૂં તજી પ્રારબ્ધ વેદે શાક્ષી થૈ;
એવા હૃદયનો મિત્ર તેનો હું અને તે મુજ અહો ॥

આચાર અને વિચારથી અતિ દુષ્ટ, વિશ્વાસઘાતી, પ્રપંચી, સ્વાર્થી, દુષ્ટ મિત્રની સંગત કરવાથી પગલે પગલે તે દુઃખને આપવા સમર્થ થાય છે અને તે મનમાં ઈર્ષ્યાઓ પ્રગટાવે છે. પોતે દુર્ગુણોના ખાડામાં પડે છે અને સ્વય મિત્રને ધકેલે છે. પોતાનામાં જે જે જાતના દોષો હોય છે તે તે દોષોને મિત્રોમાં પ્રગટાવવા યત્ન કરે છે. જ્ઞાની મિત્રની સંગત આદરવા યોગ્ય છે અને દુષ્ટ મિત્રની સંગત ત્યાગ કરવા યોગ્ય છે. જ્ઞાની મિત્રોની શિખામણો પ્રમાણે વર્તવું અને જ્ઞાની મિત્રોની કર્તવ્ય કાર્યોનાં સલાહો લેવી.

જ્યાં જાતિ વૈર છે ત્યાં મિત્રતા ટકતી નથી.

જાતિ વૈર ત્યાં મિત્રતા, ટકે નહીં કો કાળ;
મૂષક સાથ મૈત્રી કરી, બિડાલ દે ઝટ ફાળ. ૧૦૯

વિવેચનઃ—જ્યાં જાતિ વૈર હોય ત્યાં મિત્રતા સદાકાળ ન

શકતી નથી, અને કદાપિ ત્યાં ટકે છે તો તે આત્મધર્મથી ટકી છે પણ મનોધર્મથી ટકી શકતી નથી; સર્પને અને મયુરને જા છે, કાગડાને અને ઘુવડને જાતિ વૈર છે. બિલાડા ને ઉંદરને જા છે. કોઇ મહાપુરૂષના પ્રભાવથી જાતિવૈરનો નાશ થાય છે અને સ્પર મિત્રતાનો સંબંધ થઇ શકે છે. સુરોને અને અસુરોને જા હોય છે. જ્યાં જન્મની સાથેજ પરસ્પર વિરોધી વૃત્તિઓ હો ત્યાં જાતિ વૈરની મુખ્યતા હોય છે. જાતિવૈરથી મિત્રતા ટકી નથી, એવો વ્યવહારમાં મુખ્ય નિયમ છે. માટે જ્યાં જાતિવૈર ન ત્યાં મિત્રતા કરવી. જન્મની સાથે જ્યાં પરસ્પર વિરૂદ્ધ ધર્મ અને તે વિરૂદ્ધ ધર્મને લઇને જ્યાં જન્મતાંજ એક બીજાનો કરવા વિચારો થતા હોય એવી જાતિ વૈર દશામાં પરસ્પર આત્ થયા વિના અને આત્મના ગુણો પ્રાપ્ત થયા વિના મિત્રતા શકતી નથી.

જ્યાં ધર્મ વૈર છે ત્યાં મિત્રતા ટકતી નથી.

ધર્મ વૈર ત્યાં મિત્રતા, ટકે નહીં વ્યવહાર;
જાતિ દેશના ભેદથી, રહે ન મિત્રાચાર.

વિવેચનઃ—જ્યાં પરસ્પર ધર્મ વૈર હોય છે ત્યાં વ્યવહ મિત્રાચારી ટકી શકતી નથી. પરસ્પર વિરૂદ્ધ ધર્મથી પરસ્પર ધર્મી મનુષ્યોમાં વૈર પ્રગટે છે અને તેથી ધર્મભેદની વાત ની ધર્મ ક્લેશ પ્રગટતાં એક બીજાનું અશુભ કરવા પ્રવૃત્તિ થા પરસ્પર વિરૂદ્ધ ધર્મથી યુરોપમાં તથા હિંદુસ્તાનમાં મહાન થયાં છે, અને તેમાં લાખો મનુષ્યોનો નાશ થયો છે. પરસ્પર ધર્મથી આચારોમાં અને વિચારોમાં વિરૂદ્ધતા ઉત્પન્ન થાય છે તેથી મનનો મેળ મળતો નથી, જાતિ ભેદે તથા દેશના ભેદે પ મિત્રાચારી ટકતી નથી. હાલ જર્મનો અને ફ્રાંસોને દેશન મિત્રાચારીનો મેળ ટકી રહેશે નથી. કાળી અને ગોરી ચામડીન તથા જાતિના ભેદે પરસ્પર એક બીજાનાં મન મળી શકતાં

જાણે નથી તેથી મિત્રાચારીમાં અંશમાત્ર ભેદ થતો નથી. શુદ્ધ-આત્મસ્વરૂપ-શુદ્ધબ્રહ્મસ્વરૂપ અને શુદ્ધધર્મસ્વરૂપમાં રમનાર જ્ઞાનીઓ, તે કદાપિ બાહ્યધર્મભેદે મિત્રતા તોડી શકે છે? અજ્ઞાની ધર્માભિમાનીઓ મતસિદ્ધાન્ત ધર્મભેદે મિત્રતા ટકાવી શકતા નથી. જાતિભેદે અને દેશભેદે આત્મજ્ઞાનીઓ મિત્રતા ટકાવી શકે છે. કારણ કે તેઓ તો આત્માના અનુભવી છે. પરંતુ અજ્ઞાની મોહી મનુષ્યો જાતિદેશભેદે મિત્રતા ટકાવી શકતા નથી.

આત્મજ્ઞાનીઓ ધર્મ, જાતિ, દેશભેદે મિત્રતા ધરી શકે છે.

આત્મજ્ઞાનીઓ માધવે, ધર્મ જાતિના ભેદ;
મૈત્રીભાવે તે રહે, ધરે ન મનમાં ખેદ. ૧૧૧

વિવેચન — આત્મજ્ઞાનીઓ ધર્મભેદે અને જાતિ દેશ ભેદે મિત્રાચારી જાળવી શકે છે, પરસ્પર જુદા ધર્મ હોય તથા દેશ અને જાતિથી ભિન્નતા હોય તેથી શું? આત્મજ્ઞાનીઓ જુદા ધર્મ, જાતિ, દેશ આદિ ભેદની ઉપેક્ષા કરે છે. તેઓ તો જ્ઞાન પ્રેમથી પરસ્પર એક આત્મધર્મને દેખી શકે છે. તેઓ આત્માના અનન્તધર્મવર્તુલમાં સર્વ દેશ જાતિ વગેરે ભેદોને વિલય કરે છે. તેથી તેઓ પરસ્પર નિર્ભીકત્વને ધારણ કરે છે, તથા મનમાં ખેદને પામતા નથી. આત્મજ્ઞાની થયા વિના સર્વ ભેદોને સમાવનારી વિશાલદૃષ્ટિ પ્રાપ્ત થતી નથી. આત્મજ્ઞાનીઓ મિત્રાચારીને ધારણ કરી મિત્રોના માટે સર્વ સ્વાર્પણ કરે છે. આત્મજ્ઞાનીઓને ઈશ્વર થવામાં કંઇ બાકી રહેતું નથી, તેથી તેઓ મિત્રોની ફરજો અદા કરવામાં ધર્મ જાતિ દેશ ભેદને તિલાંજલિ આપે છે. તેઓની મિત્રતાનું વર્ણન થઈ શકતું નથી. તેઓના આત્માઓની અનન્ત ઘણી શુદ્ધિ થએલી હોવાથી તેઓના આત્માઓનું માપ કરી શકાતું નથી. તથા તેઓનું લક્ષણ બાંધી શકાતું નથી. આત્મજ્ઞાનીઓની મિત્રો પ્રતિ અપૂર્વ આત્મપ્રવૃત્તિઓ થાય છે.

ધર્મ દેશ ને જાતિ ભેદ, કરે મૈત્રીનો ભેદ;
બાળ જીવોના ચિત્તમાં, દષ્ટિ સાંકડી વેદ. ૧૧૨

વિવેચનઃ—બાલજીવોને જણાવવાનું કે જો મિત્રાઈ કરવી હોય તો સમાનધર્મિ સાથે કરવી, કારણ કે ધર્મના ભેદથી, વિવાદ ઉત્પન્ન થઈ મિત્રતાનો નાશ થાય છે. તેમજ સમાનજાતિવાળા મિત્ર સાથે કરેલી મિત્રતા તુટી શકતી નથી અને પર જાતિથી થયેલી મિત્રતા ચિત્તમાં ભિન્નભાવને ઉત્પન્ન કરે છે, માટે તેવી મિત્રતા ટકી શકતી નથી. કારણ કે બાળજીવોનાં હૃદયો સાંકડી દૃષ્ટિવાળાં હોય છે તેથી ભેદ ભાવની ઉત્પત્તિ સહજે થાય છે.

નારદસમ મિત્રોનો ત્યાગ.

દેનારા વિરલા થના, ઘણા મિત્ર ખાનાર;
નારદ જેવા મિત્રથી, દૂર રહો નરનાર. ૧૧૩

વિવેચનઃ—જગત્માં મીઠું મીઠું બોલીને, સમજાવીને ખાઈ જનાર સ્વાર્થાંધ મિત્રો અનેક હોય છે. પરંતુ મિત્રને સંકટ આવતાં તન મનને ધનથી સહાય આપનારા સન્મિત્રો તો કોઈ વિરલાજ હોય છે. જ્યાં આવી મિત્રાઈ હોય છે ત્યાં સ્વાર્થનો અંશ માત્ર પણ હોતો નથી. નિઃસ્વાર્થ મનુષ્યની મિત્રાઈ તે સર્વ રીતે સહાયનીજ આપનારી છે માટે તેવા નિઃસ્વાર્થી સહાય કરીને (આપીને) સત્ય મિત્રતા જાળવનાર મિત્રો અતિ અલ્પ હોય છે. નારદ જેવા જે ખટપટી, પરસ્પર ક્લેશ ઉત્પન્ન કરાવનાર, સાચું જૂઠું સમજાવનાર, ને કુતુહલમાંજ આનન્દ માનાર હોય છે એવા નારદ સરખા મિત્રથી દૂર રહેવામાં શ્રેયઃ છે.

ક્લેશકારકને મિત્ર ન કરવો જોઈએ.

મેંઢા મનના મિત્રથી, મળે ન શાન્તિ લેશ;
છીછરા મિત્રો થકી, પ્રગટે મનમાં ક્લેશ. ૧૧૪

વિવેચનઃ—જે મિત્ર મનમાં મેલો હોય, હૃદયમાં કપટ રાખનારો હોય, અને અતિગૂઢહૃદયનો હોય તેવા મિત્રની સંગત કરવાથી લેશમાત્ર પણ ચિત્તને શાન્તિ મળતી નથી. તથા જે છીછરા હૃદયના મિત્રો હોય છે, તેમના ચિત્તમાં કોઈ પણ ગુહ્ય વાત રહી શકતી નથી, માટે તેવા મિત્રની સંગતિથી પણ ચિત્તમાં ઉત્પન્ન થાય છે. માટે તેવા મેલા મનના, અને છીછરા મનના મિત્રોથી કેશ પ્રગટે છે એમ જાણી વિવેક બુદ્ધિથી મૈત્રી કરવા ઉપયોગી બનવું.

રીસાલ તથા વિવાદી મિત્રો ન કરવા જોઇએ.

રીસાળ મિત્રો રીસથી, ઉંચા નીચા થાય;
વિવાદની વર્ષા કરે, ક્ષણમાં પલટી જાય. ૧૧૬

વિવેચનઃ—જે મિત્રો ખરી મિત્રતાને સમજતા નથી તેઓ પોતાના મિત્ર સાથે વારંવાર રીસાય છે ને દ્વેષ ધારણ કરે છે. પુનઃ પોતાના સજ્જન મિત્રનાં છિદ્ર શોધવાને પણ તત્પર થાય છે. અને વારંવાર મિત્રની સાથે વિવાદ ઝગડા કરીને ક્ષણ માત્રમાં મિત્રતાથી પલટાઇને શત્રુ રૂપ બની જાય છે માટે તેવા રીસાળ અને ક્રોધી મિત્રોની સાથે કદાપિ પણ મિત્રતા કરવી નહિ.

મિત્રના અનુભવ વિના મિત્ર ન કરવો જોઇએ.

વિના અનુભવ ના કરો, મિત્રમેળ સંસાર;
પગપગ દુઃખો સાંપડે, સમજો નર ને નાર. ૧૧૬

વિવેચનઃ—જ્યાં સુધી મનુષ્યની ભલાઈ અથવા બુરાઈ ધ્યાનમાં ન આવી હોય ત્યાં સુધી કોઇની સાથે આ સંસારમાં મિત્રતા કરવી નહિ, કારણ કે કોઇના સ્વભાવની પરીક્ષા કર્યા વિના જે મિત્રાઇ બંધાય છે તો અન્તે દુર્જન મિત્ર મળતાં મહાકષ્ટ ઉત્પન્ન થાય છે, અને પગલે પગલે દુઃખનો અનુભવ થાય છે, માટે પ્રથમથી સામા મનુષ્યના સ્વભાવનો અનુભવ કરીને પછી મિત્રતા રાખવી તે યુક્ત ગણાય છે.

મિત્રમેળની કાળજી વગરનાને મિત્ર ન કરવો જોઇએ.

મિત્ર મેળની કાળજી, નહીં હૃદય તલભાર;
શત્રુમિત્ર એવો મળે, મળે ન શર્મ લગાર. ૧૧૭

વિવેચનઃ—જે મિત્રમાં મિત્રતાઇ કાયમ રાખવાની લેશ માત્ર પણ દરકાર નથી. અને જેના હૃદયમાં તલભાર પણ મિત્રતાઇ હોતી નથી. માત્ર ઉપર ઉપરથી મિત્રતા દર્શાવે છે. તેવા મિત્રો શત્રુ સમાન જાણવા, અને એવા મિત્રોના ચિત્તમાં જરા પણ શરમનો અંશ રહેતો નથી તેથી તેવા દુર્મિત્રો અવળે રસ્તે દોરવામાં વિલંબ કરતા નથી માટે તેવા દુર્મિત્રોની સંગત કદાપિ કરવી નહિ. એવા શત્રુમિત્રોનાં લક્ષણ જાણવાં જોઇએ.

ખટપટિયા મિત્રોનું સ્વરૂપ.

ખટપટીયા મિત્રો થકી, નિશદિન ખટપટ થાય;
વ્યસની મિત્રની સંગતે, વ્યસની સ્વયં થવાય. ૧૧૮

વિવેચનઃ—રાત દિવસ કૂડ કપટમાં તત્પર રહેનારા, અને અનેક જાતિના પ્રપંચો ઉભા કરનાર મિત્રો ખટપટીઆ કહેવાય છે. તેવા મિત્રની સાથે મિત્રાઇ કર્યાથી તે પ્રસંગે ખટપટ ઉભી કર્યા વિના રહે નહિ તેથી અહોનિશ કલેશની વૃદ્ધિજ થાય છે તથા દારૂમાંસ ઈત્યાદિ વ્યસન સેવનારા મિત્રોની સંગત થાય તો પોતે પણ તેવો વ્યસની બની જાય છે. કારણ કે જેવી સંગત તેવી અસર થયા વિના રહેતી નથી.

સુજન મિત્રથી જીવન સુધરે છે.

સુજન મિત્ર વણ જીંદગી, સુધરે ના કો કાળ;
કલ્પવૃક્ષને ત્યાગીને, બાવળને ના ઝાલ. ૧૧૯

વિવેચનઃ—જ્યાં સુધી સજ્જન મિત્ર મલ્યો નથી ત્યાં સુધી

જીંદગી કોઈ કાળે પણ સુધરવાની નથી માટે જો જીંદગીને સુધરવાની અભિલાષા પ્રાપ્ત કરવી હોય તો અવશ્ય સજ્જન મિત્રની સંગત કરવી. વળી સજ્જન મિત્ર તો કલ્પવૃક્ષ માફક મનોવાંછિત પૂર્ણ કરનાર છે. માટે તેવા કલ્પવૃક્ષ સરખા સન્મિત્રને ત્યાગીને બાવળ સરખા એટલે જેની સંગતિથી જીંદગીમાં અનેક સત્ય દુઃખ ઉત્પન્ન થાય તેવા મિત્રની સંગત ન કરવી તેજ બેહતર છે.

સદ્ગુણી મિત્ર પ્રાપ્તિથી સર્વ મળ્યું જાણવું.

ધન સત્તા મળતાં અરે, મળ્યું ન કિંચિત્ માન;
મિત્ર મળે જો સદ્ગુણી, મળ્યું સર્વ મન જાણ. ૧૨૦

વિવેચનઃ—ઘણી લક્ષ્મી મળી, ઘણો વૈભવ મળ્યો અને ઘણાં પૌદ્ગલિક આનંદનાં સાધન મળ્યાં, તેમજ સર્વ પ્રકારની સત્તા, અધિકારપણું, અને પદવીઓ પણ મળી, તોપણ જ્યાં સુધી સદ્ગુણી એવો એક પણ મિત્ર મળ્યો નથી ત્યાં સુધી મને કંઈપણ મળ્યું છે એમ માનવું નહિ. પરંતુ જો એક સદ્ગુણી મિત્ર જ પ્રાપ્ત થાય અને ધન સત્તાદિ કંઈપણ ન મળે તો પણ સર્વ મળ્યું છે એમ માનવું. માટે સર્વ કેળવણી કરતાં એક સદ્ગુણી મિત્રને જ મેળવવો કે જેથી જીંદગીનો અવશ્ય સુધારો થાય અને આત્માનંદ સાંપડે.

દુર્મતિ દેનારને મિત્ર કરવાથી થતી હાનિ

દુર્મતિનો દેનાર જો, મિત્ર મળે સંસાર;
ચડતીની પડતી થતી, મળે ન સત્યાચાર. ૧૨૧

વિવેચનઃ—ધરકરોને જેવા દુર્મતિદેનાર મિત્રો મળ્યા હતા તેવા સંસારમાં જો દુર્મતિને આપનાર અને હાજી હા કરનાર મિત્ર મળે તો ચડતીને બદલે પડતી દશા જ પ્રાપ્ત થાય છે, અને સત્ય આચાર શું? છે, તેનું ભાન થતું નથી. માટે દુર્બુદ્ધિ આપનાર મિત્રોની સંગત કદી પણ કરવી નહિ. समानशीलव्यसनेषुसख्यम

એ વાકયને અનુભવે કરી મિત્ર કરવો જોઇએ પરંતુ દુર્મતિપ્રદમિત્ર ન કરવો જોઇએ. દુર્મતિપ્રદમિત્રથી અંતે ધન, સત્તા, શક્તિ વગેરેનો નાશ થાય છે. દુર્બુદ્ધિ દેનારાનાં લક્ષણોને પહેલાં જાણવાં જોઇએ. સદ્ગુરૂ સમાગમથી સુબુદ્ધિપ્રદમિત્ર અને દુર્બુદ્ધિપ્રદમિત્રનો અનુભવ થાય છે.

જીવનસુધારક મિત્ર.

અંધારે દીપક સમા, વૃદ્ધયષ્ટિ સમ મિત્ર;
મળતાં ચઢતી જાણવી, સુધરે ચિત્તવિચિત્ર. ૧૨૨

વિવેચનઃ—અંધારામાં દીપક થવાથી જેમ અંધારૂં દૂર થઇને અદૃશ્યપદાર્થો દૃષ્ટિગોચર થાય છે, તેમ સદાચારીમિત્રની સંગતિથકી ચિત્તનો અંધકાર દૂર થઈ સદસત્ વસ્તુને પારખી શકાય છે. તથા વૃદ્ધ મનુષ્યને જેમ લાકડી તે ટેકારૂપ છે અને તેથી માર્ગમાં વહન થવું સુગમ પડે છે તેમ સજ્જન મિત્ર તે સન્માર્ગે ચાલવામાં અવશ્ય યષ્ટિકારૂપ છે, અને તેવા મિત્રો મળે તોજ આપણી ચઢતી થાયછે. તેથી વિચિત્ર સંસ્કારવાળું જે ચિત્ત તે પણ સુધરી જાય છે માટે તેવા મિત્રની સંગતિ અવશ્ય કરવી જોઇએ.

મિત્ર પ્રાર્થના.

દુર્મતિ મિત્ર મળો નહીં, માગીએ પ્રભુ પાસ;
સુમતિપ્રદ મિત્ર મળો, માગો પ્રભુથી ખાસ. ૧૨૩

વિવેચનઃ—દુર્મતિવાળા મિત્રોથી પગલે પગલે દુઃખ ઉત્પન્ન થાય છે. અને તેથી સર્વ ધાર્મિક તથા વ્યવહારિક કાર્યમાં અનેક વિઘ્નો ઉત્પન્ન થાય છે માટે પ્રભુની પાસે એટલુંજ માગવું જોઇએ કે એવા દુષ્ટ મતિવાળા મિત્રની કદિપણ સંગત થાઓ નહિ, અને સારી મતિને આપનાર સજ્જન મિત્રોની સંગત સદા કાયમ રહો. એવી પ્રભુની પાસે અવશ્ય અરજી કરવી જોઇએ. શેઠને માગ્યા નોકરો

સેવકો મળે તો તેથી શેઠની ચડતી થાય છે. રાજાને સાચા પ્રધાનો મળે તો તેથી રાજ્યની ચડતી થાય છે. ગુરૂઓને સત્ય શિષ્યો મળે છે તો તેમને આનંદ મળે છે પરંતુ ગોશાળા જેવા કુપાત્ર શિષ્યો મળે છે તો તેથી ગુરૂને દુઃખ થાય છે. તેમ મિત્રોને દુર્મતિપ્રદ મિત્રો ન મળો એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

વિશ્વાસ પમાડી અવળે માર્ગે દોરનાર.

અહા બેસાડી પછી, દોરે અવળે પન્થ;
માટે મનમાં ચેતીને, ભણો સુમતિપ્રદ ગ્રન્થ. ૧૨૪

વિવેચનઃ—જે મિત્ર પ્રથમ કૃત્રિમ સદાચરણ દર્શાવીને, મિષ્ટ વચન બોલીને, અને અનેક કાર્યોમાં સહાનુભૂતિ આપીને આપણને વિશ્વાસમાં નાખે છે, અને વિશ્વાસપમાડયા પછી તે મિત્ર અવળે રસ્તે ચઢાવીને મહાકષ્ટ ઉત્પન્ન કરે છે, તેવા મિત્રનો કદિ વિશ્વાસ કરવો નહીં. તે મિત્ર નથી પણ મિત્ર નામને લજાવે છે માટે પ્રથમથી ચેતીનેજ તેવા મિત્રની સંગતિરૂપ જાળમાં ફસવું ન થાય તેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવાને સુમતિ પ્રાપ્ત થાય તેવા ગ્રન્થોનો અભ્યાસ કરવો જોઇએ કે જેથી તેવા દુર્મિત્રની સંગતથી ભવિષ્યમાં કષ્ટ ઉત્પન્ન ન થાય.

પ્રપંચી મિત્ર સ્વરૂપ.

વહાલ કરે વિશ્વાસ દઇ, કરે સ્વનાએ મિત્ર;
ખાય પછી ફોડી ઘણું, નહિ એ મિત્ર અમિત્ર. ૧૨૫

વિવેચનઃ—પ્રથમ વિશ્વાસ આપીને અતિશય પ્રિયતા મેળવીને જે મિત્રને પોતાને આધીન બનાવી દીએ, અને વિશ્વાસ આપીને આધીન બન્યા પછી તે દુર્મતિમિત્ર જે પ્રમાણે કહે તે પ્રમાણે વર્તાવે છે. એવી ભલાઇનો લાભ લઇને તે દુર્મિત્ર થોડી થોડી રીતે સમજાવીને મિત્રના ધનમાલનું હરણ કરે છે. અને સર્વ ધનમાલ લીધા

પછી તે મિત્રાઈનો ત્યાગ કરી શત્રુરૂપ થઇ જાય છે માટે તેવા વિશ્વા
સઘાતી મિત્રનો કદિપણ સંગ કરવો નહિ.

માટે ચેતી ચાલવું, કરી પરીક્ષા બેશ;
ઉત્તમમિત્ર કર્યા પછી, નાસે મનના કલેશ. ૧૨૬

લાગ જોઇને સર્પવત્, ડસતા પાપી મિત્ર;
વિશ્વાસુ થઇ ના જવું, જુવો વિચારી ચરિત્ર. ૧૨૭

વિના વિચારે ચિત્તમાં, ભરો ન મિત્ર વિચાર;
સારાસાર વિવેકથી, ગ્રહો વિચારાચાર. ૧૨૮

પ્રિય બની મન પેસીને, વિશ્વાસી થઇ જેહ;
કરે દ્રોહ જે મિત્રનો, અધમાધમ છે દેહ. ૧૨૯

મન વચ કાયા કૌલથી, મિત્ર બની દે છેહ;
અધમાધમ ચંડાલથી, અદશ્ય આંખ્યે એહ. ૧૩૦

મુખ આગળ સ્તવના કરે, પાછળ નિન્દે જેહ;
મિત્ર ન માનો તે યદિ, કંચન વર્ષે મેહ. ૧૩૧

મૈત્રી તૂટેલી કદિ, પછી નહીં સંધાય;
સંધાતાં સાંધો રહે, કાચ પાત્રસમ ન્યાય. ૧૩૨

જે નર કાચા કાનના, ભરમાવ્યા ભરમાય;
મિત્ર થયા ના સાંભળ્યા, સમજીને સમજાય. ૧૩૩

મિત્રોન્નતિમાં મન નહીં, ભલું ન ઇચ્છે બેશ;
મિત્ર થવા તે અયોગ્ય છે, કરે મોહથી કલેશ. ૧૩૪

મિત્ર ફરજ જાણે નહીં, અદા કરે નહિ ફર્જ;
મિત્ર થવા તે અયોગ્ય છે, કાર્ય સરે ના ગર્જ. ૧૩૫

મિત્ર દાસ હૃદયે નહીં, મિત્રચિત્ત નહિ જાણ;
મિત્ર થવા તે અયોગ્ય છે, હૃદય કઠિન પાષાણ. ૧૩૬

હૃદય ભેદ જે જન કરે, રાખે છાની વાત;
મિત્ર થવા તે અયોગ્ય છે, કરે હૃદયની ઘાત. ૧૩૭

દાસ સમા મિત્રો સહુ, કરે ઘણું અપમાન;
મિત્ર થવા તે અયોગ્ય છે, કરવાનું નહિ ભાન. ૧૩૮

કર્યું બતાવે કોઈને, કરે મિત્ર હલકાઈ;
મિત્ર થવા તે અયોગ્ય છે, મળે ન મન ચતુરાઈ. ૧૩૯

મિત્રે કર્યું પોતે કર્યું, માની મન મલકાય,
મિત્ર થવા તે યોગ્ય છે, મન આનંદ સુહાય. ૧૪૦

સ્નેહ કરે અણુધારી જ્યાં, ભડકો રહે ન લેશ;
મિત્ર થવા તે યોગ્ય છે, કરે ભલાઈ બેશ. ૧૪૧

સારી શિક્ષાને ગ્રહે, કરે કદાગ્રહ ત્યાગ;
મિત્ર થવા તે યોગ્ય છે, ધરે મિત્ર ઉપકાર. ૧૪૨

કરે અપકારી હોય પણ, કરે મિત્ર ઉપકાર;
ચંદન સરખો તે મિત્ર છે, તેવો નર ને નાર. ૧૪૩

નિત્યસુખ સૌ ચહે, કરે મિત્ર કલ્યાણ;
મિત્ર મળે તે [illegible], ભવોદધિમાં વહાણ. ૧૪૪

હિત એવી વાતો કરે, જેનાં સત્ય સલાહ;
આપદીમાં નિજ મિત્રને, કદિ ન મૂકે રાહ. ૧૪૫

આપદીમાં નિજ મિત્રને, આપે તન ધન સહાય;
સંકટમાં નિજ મિત્રની, રાખે આપની લાજ. ૧૪૬

મિત્ર દશા ના પારખે, કરે ઉપેક્ષા ભાવ;
મિત્ર ખરો ના જાણીએ, જેનું કાણું નાવ. ૧૪૭

કરે ભલું ના મિત્રનું, કરે ન સારૂં કામ,
મિત્રતા વિણ તુલ્ય તે, દૂષણ દુષ્ટ હરામ. ૧૪૮

દયા દયાળુ ધીરનર, પુણ્યે થાવે મિત્ર;
ધર્મી સદાનુ ભક્ત, મિત્ર નદા શુભ ચિત્ત. ૧૪૯

સેવક સેવક મિત્રથી, કયી છતા પણ પ્રેમ;
મદા અચલ જેનો રહે, સત્ય મિત્રના નેમ. ૧૫૦

સુખ વેળા મિત્રો ઘણા, દુઃખમાં રહે ન કોય,
દુઃખ સમય પાસે રહે, અમૂલ્ય મિત્ર તે હોય. ૧૫૧

પરંતુ ત્યાગે ન પડતિમા, બની દેવની છાય
ધન્ય મદા તે મિત્રને, પ્રભુજી તેના પાય ૧૫૨

કોટિ ઉપાયે કેરની, કરે મિત્રનુ શ્રેય
ધન્ય મદા તે મિત્રને, હોય સદા આદેય. ૧૫૩

કરી પ્રતિજ્ઞા પાળનો, કરી વિવેક એક;
મિત્ર હોકને આચરે, ધન્ય મિત્રના એક. ૧૫૪

એવા સત્મિત્રે થયા, થાય ન કોના એક;
ધર્મી પૂર્ણ બને ફરી, અવસર પામી ટેક. ૧૫૫

મનમાં કોઈને બહાર કરે, લહે ન મિત્રની વૃત્તિ,
મિત્ર ન કોઈ તે મને, દરરોજ પ્રવૃત્તિ ૧૫૬

અજ્ઞાનવશથી કર્યો, વિષે મિત્ર હજાર;
ઉચ્ચ શેય પાર ન નહિ, મનમાંહે પાર ૧૫૭

ગળે તેટલા મિત્ર છે, મળે લગી ત્યાં હોય;
જ્ઞાન ન તેને મિત્રનું, સાન ન તેની જોય. ૧૫૮

યાવત્ સ્વયં ન મિત્ર છે, તાવત્ અન્ય ન હોય;
આધ્યાત્મિક મૈત્રી વિના, દિવ્ય જીવન ના જોય. ૧૫૯

આધ્યાત્મિક મૈત્રી થકી, અમૃત રસનો સ્વાદ;
આવે અન્તરમાં અહો, અનુભવ પ્રગટે નાદ. ૧૬૦

મૂઢ ન જાણે મૈત્રી શું, મૂર્ખ ન જાણે વેદ;
ચાહે તેને તે મળે, અન્ય શું જાણે ભેદ. ૧૬૧

વિદ્યા રૂપ ને વિત્તથી, સત્તાથી શું થાય;
હૃદય ગુણો ખીલ્યા પછી, મિત્રપણું પરખાય. ૧૬૨

બુદ્ધિવૃદ્ધિ ત્હોયે ખરે, ગુણો વિના નહિ રંગ;
ગુણોથકી જે ગોઠડી, પ્રગટે ચિત્ત ઉમંગ. ૧૬૩

ગદ્ધાથી ગદ્ધા મળે, લાતંલાતા થાય;
મૂર્ખો ને મૂર્ખો મળે, લડંબડ થઈ જાય. ૧૬૪

નથી તેની વૃદ્ધિ થતી, બુદ્ધિ ને વિજ્ઞાન;
ધર્મ વૃદ્ધિ જેથી થતી, મિત્ર સત્ય તે માન. ૧૬૫

પ્રમોદ કરૂણા ભાવના, પ્રગટે હૃદયે બેશ;
સુજ્ઞમિત્ર તે જાણવો, સંગત કરો હમેશ. ૧૬૬

પાર્શ્વમણિ સમ મિત્ર તે, કરે જીવનો શીવ;
એવા મિત્રો શોધિને, સંગત કરો સદીવ. ૧૬૭

આનન્દ રસ આપે ઘણો, સમજાવી શુભવાત;
આનન્દ દાયક મિત્ર તે, સેવ્યાથી સુખ થાત. ૧૬૮

સત્યાસત્ય જણાવીને, આપે સત્ય વિવેક;
સત્ય મિત્ર તે જાણવો, ધારે સાચી ટેક. ૧૬૯

બોલી પાળે જે સદા, મિત્રયોગ્ય તે થાય;
હિંમતથી હારે નહીં, કરે નહીં અન્યાય. ૧૭૦

જાતો જ્યાં તેવો થતો, નિશ્ચય રહે ન હાથ;
મિત્ર નહીં તે કીજીએ, કરો ન તેનો સાથ. ૧૭૧

ચલમનને ભીરૂ ઘણો, ઉત્તમ ના આચાર;
છાનું કહી દે મારથી, મિત્ર ભલો નહિં ધાર. ૧૭૨

અતિમાની દુરાગ્રહી, અશ્રદ્ધાળુ જેહ;
ઉચિત સમય ના ઓળખે, મિત્ર યોગ્ય ના એહ. ૧૭૩

આશ્રય આપે તેહનો, ફરતો પૂચે નાશ:
પાપી મિત્ર તેનો અરે, કરો નહીં વિશ્વાસ. ૧૭૪

ચવડા સમ જે મિત્ર છે, ફરતાં જરા ન વાર;
કૂપ ઉતારી દોરડું, કાપે તે નિર્ધાર. ૧૭૫

સુગરી વાનર ઉપદિશે, સુગરી માળો નાશ;
કીધો કોપે વાનરે, સુગરી બની ઉદાસ. ૧૭૬

ઉપદેશે તેમ મિત્રનો, કરતો જે જન નાશ;
મિત્ર યોગ્ય ના મૂઢ તે, દુઃખ દાયક સહવાસ. ૧૭૭

સલાહ દે કૂડી ઘણી, ઉંધો વર્તે જેહ;
સવળું અવળું પરિણમે, મિત્ર યોગ્ય ના એહ. ૧૭૮

સલાહ દે સાચી ઘણી, સવળો વર્તે જેહ;
અવળું સવળું પરિણમે, સુમિત્ર સવળો એહ. ૧૭૯

સાને સમજે ચિત્તને, કરે કદા વણ કાજ;
મગજ ન ખોવે વાતમાં, સાધે સઘળો સાજ. ૧૮૦

દ્રવ્ય ક્ષેત્રને કાળને, જાણી વર્તે જેહ;
વર્તાવે નિજ મિત્રને, ખરો મિત્ર છે એહ. ૧૮૧

સ્હાય કરી ફૂલે નહીં, કરે નહીં બકવાદ;
દીન થાય ના દુઃખથી, સુખમાં નહિ ઉન્માદ. ૧૮૨

એવા મન માન્યા મળે, મિત્રો તો સુખ થાય;
આત્મોન્નતિ વેગે થતી, પરમદશા પ્રકટાય. ૧૮૩

આત્મોન્નતિ દેશોન્નતિ, વિશ્વોન્નતિ કરનાર;
મિત્રોન્નતિ કરનારને, ખરો મિત્ર અવધાર. ૧૮૪

ઐક્યોન્નતિ જ્ઞાનોન્નતિ, શુભ પ્રગતિ કરનાર;
મિત્ર મળે મહા ભાગ્યથી, ધન્ય ધન્ય અવતાર. ૧૮૫

માતૃભૂમિ પ્રેમી સદા, શુભ કાર્યો કરનાર;
વિશાલ દૃષ્ટિ મિત્રની, ખરી મિત્રતા ધાર. ૧૮૬

સ્વદેશભક્તિરત સદા, ઉત્સાહી દાતાર;
મિત્ર કરો એવા ભલા, કર્મયોગી અવતાર. ૧૮૭

મિત્રહૃદયની દિવ્યતા, મિત્ર વિના ન જણાય;
મિત્ર હૃદય આવ્યા પછી, જરા ન ભેદ રહાય. ૧૮૮

મિત્ર હૃદય પેઠા પછી, પ્રગટે દિવ્યાનંદ;
દિવ્યમિત્ર એ સ્વાતત્રે, દુર્મતિ લહે ન અન્ધ. ૧૮૯

મિત્ર વિના ન રહાયછે, છુપ્યું નહિ છુપાય;
પ્રતિકૃતિ નિજ જીવની, મિત્ર સદા સહાય. ૧૯૦

દિવ્યાનન્દ જ મિત્રથી, વિશ્વવિષે થાનાર;
સ્વયં મિત્ર ના મિત્ર તે, સમજે નહીં ગમાર.

મિત્ર સમર્પણ જે કરે, મિત્ર યોગી તે થાય;
આત્મભોગી થઇ વિશ્વમાં, મિત્ર રહસ્યને પાય.

દિલના તારોતારથી, મૌને વાતો થાય;
મિત્ર મહત્તા ત્યાં ખરી, પરાવિષે પરખાય.

મિત્ર વિચારો ભાસતા, પરાવિષે જયકાર;
મિત્ર યોગી તે જાણવા, મહામિત્ર અવતાર.

મળી ગયો જીવજીવથી, થઈ ગયાં મન એક;
પ્રગટે દિવ્યાનન્દ ત્યાં, રહે સ્વભાવે ટેક.

મિત્રાનન્દ ન મેળવ્યો, કરી મિત્ર તો જાણ;
મિત્રપણું તે બાહ્યથી, અન્તર્ મેળ ન આણ.

મિત્ર ભૂપતિ એક છે, યતિ મિત્રને જાણ;
મિત્રો ભોગી યોગી કે, નિમિત્ત ભેદે માન.

જેની જેવી પ્રકૃતિ, કરે તેહવી વાત;
ગુણકર્માનુસારથી, મળે ધાતથી ધાત.

(મિત્ર સંગથી વિશ્વમાં, વહે જીવન જયકાર;
વ્યવહારે એ જાણીને, મિત્ર કરો સુખકાર.)

અભયકુમારે મિત્રને, કર્યો ધર્મી અવતાર;
આત્મભોગથી મિત્રતા, શોભે છે સંસાર.

સુજન મિત્રના સંગથી, પામે સ્વર્ગવિમાન,
મિત્ર મહોદય સિદ્ધિયો, પામે શિવનું સ્થાન.

સર્વ શુભાશુભ ભાવને, ત્યજી થયો જગ મિત્ર;
સમભાવે જગ સંચરે, કરતો વિશ્વ પવિત્ર. ૨૦૨

જ્ઞાની યોગી તે મિત્ર છે, સેવો પૂજો ભવ્ય;
અનન્ત મંગલ પામવા, કરો એહ કર્તવ્ય. ૨૦૩

સાચી મિત્રારાધના, કરો જગત્ નરનાર;
સદ્ગુણકારક મિત્રતા, સુખ સન્તતિ દાતાર; ૨૦૪

મિત્રભેદ વર્ણન કર્યું, સર્વ જીવોના હેતઃ
સત્ય મિત્ર જગ પારખે, અન્તરના સંકેત. ૨૦૫

પેથાપુરમાં હર્ષથી, વિરચી કાવ્ય રસાળ.
બુદ્ધિસાગર ભાવથી. કરતાં મંગલમાળ. ૨૦૬

'અર્હં ૐ૩ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૭૧ ના ચોમાસામાં પેથાપુરમાં મિત્ર કાવ્ય રચ્યું.

અશુદ્ધિશુદ્ધિપત્રક.



પત્ર	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૧	૨	આ઼ત	આત્મ
૧	૧૫	આત્માને	આત્મામા
૬	૮	આપી	સાખી ×
૭	૩	કુરઆન છે	કુરઆન છે
૮	૧૭	ન	×
૮	૧૯	નથી	થતી
૮	૨૦	વ કમને	વક મને
૯	૬	Treeaution letter	Precaution better
૯	૭	આદતા	મહાદતા
૯	૧૩	ન	×
૧૩	૨	દ્વાત્રગને	દાવાનલને
૧૩	૪	जना	जनाः
૧૬	૧૯	घियो	धियो
૧૬	૨૧	कीर्नि	कीर्ति
૨૬	૬	રગી	×
૨૮	૧૫	હારએ કે	હાલ્યુ કે
૩૦	૨૩	વેંચા	વેચા
૪૦	૨	મિશ્યાની	મિત્રાગાની
૪૧	૨૭	દખિયા	દીધાં
૪૪	૧૭	દેસ્તો	દોસ્ત
૫૩	૧૦	સેખાતી	સેખાતી
૬૦	૩	રજ્જુતને	રંજીત થઈને
૬૧	૯	પદ્મિનિમા	સંયુક્તામા
૬૩	૧૫	ગોડી	ગોડી
૭૦	૪	થથી	નથી
૮૭	૮	વિસતંવું	મિસતંવુ
૧૦૦	૧૯	bossom	bosom

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
१००	२४	appeans	appears
१००	२६	moble ness	mobleness
१०२	१४	[illegible]	[illegible]
१०५	४	assered	assimed
१०८	६	regoin	rego in
१०८	११	Speart	Speak
१२०	२४	Jay	Joy
१२०	२२	Hersisting	resisting.
१४८	१०	[illegible]	[illegible]

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ.

(સ્થાપન-જ્ઞાનપંચમી-વીર સંવત્ ૨૪૩૫.

જો તમારે તત્ત્વજ્ઞાનના ઉત્તમ સિદ્ધાંતો, સરલ અને પ્રિય શૈલીમાં સમજવા હોય અને પોતાનું હૃદય નિર્મળ બનાવવું હોય, તો મંડળ તરફથી પ્રગટ થયેલ:

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા અવશ્ય વાંચો.

મજકુર ગ્રન્થમાળામાં નીચેના ગ્રન્થો પ્રગટ થયેલ છે, જે વાંચી, મનન કરી, તમારા આત્માને ઉચ્ચ શ્રેણિએ ચઢાવો. ઉત્તમ ગ્રન્થો એજ અપૂર્વ સત્સંગ છે. અમીન આ ગ્રન્થોના મનનથી ઘણું જાણવા અને મેળવવા પામશો—ગુરૂશ્રીની લેખનશૈલી—સાપેક્ષદ્રષ્ટિવાળી હોવાથી, દરેક ધર્માવલંબીઓ તેને પ્રેમપૂર્વક વાંચે છે. દરેક ગ્રન્થોમાં અધ્યાત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સંબંધી વિવેચન છે.

વૈરાગ્ય, ઉપદેશક, અને બોધક, પદો—ભજનો—તે તે વિષયમાં લીનતા કરી નાખે છે. દરેક પદોનો સાર વિચારણીય છે. અનેકાન્તદ્રષ્ટિથી, હૃદયની વિશાળતાપૂર્વક અને પ્રિય તથા પથ્યવાણીથી વાચકોનાં હૃદયને ઉત્તમ કરી શકાય છે અને તે મુજબ આ ગ્રન્થો છે.

માત્ર વાચકોના હિતાર્થે, ઉદાર ગૃહસ્થોની મદદ વડે—કોઇપણ ગ્રન્થ પ્રકાશકમંડળ કરતાં—ઓછામાં ઓછી કિંમત રાખવાની પદ્ધતિ આ મંડળેજ કરી છે—ઓછી કિંમત છતાં છપાઇ-કાગળ-બંધાઇ વગેરે કામ સુંદર થાય છે, તદુપરાંત વધુ પ્રચારાર્થે—પ્રભાવના, વિદ્યાર્થીઓને ઇનામ અને ભેટ આપનાર માટે વધુ નકલો મંગાવનારને (શક્તિમાં હોય તો) ઘણી ઘણી ઓછી કિંમતે આપવામાં આવે છે.

જેઓને પ્રગટ થઇ ચુકેલા અને થવાના ગ્રન્થો પૈકી, કોઇપણ ગ્રન્થો પોતાના ગુરુજી કે સ્નેહી અને ઉપકારીઓના સ્મરણાર્થે, પ્રગટ કરવાને ઇચ્છા હોય તેમને તે મુજબ મંડળ સગવડ કરી આપે છે.

પત્રવ્યવહાર—મુંબાઇ—ચંપાગલી. વ્યવસ્થાપક—અધ્યાત્મ જ્ઞાનપ્રસારકમંડળ એમ કરવો.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં પ્રગટ થયેલા ગ્રન્થો.

૧. ભજનસંગ્રહ ભાગ ૧ લો	પૃ. ૨૦૦	૦-૮-૦
૨. અધ્યાત્મ વ્યાખ્યાનમાળા	૨૦૬	૦-૪-૦
૩. ભજનસંગ્રહ ભાગ ૨ જો... ...	૩૩૬	૦-૮-૦
૩. ભજનસંગ્રહ ભાગ ૩ જો	૨૧૫	૦-૮-૦
૪. સમાધિશતક ...	૩૧૦	૦-૮-૦
૫. અનુભવપચ્ચીશી ...	૨૪૮	૦-૮-૦
૬ આત્મપ્રદીપ ...	૩૧૫	૦-૮-૦
૭. ભજનસંગ્રહ ભાગ ૪ થો	૩૦૮	[illegible]
૮ પરમાત્મદર્શન ...	૪૩૨	૦-૧૨-૦
૯ પરમાત્મજ્યોતિ	૫૦૦	૦-૧૨-૦
૧૦ તત્ત્વબિંદુ	૨૩૦	૦-૬-૦
૧૧ ગુણાનુરાગ (આવૃત્તિ બીજી)	[illegible]	૦-૧-૦
૧૨-૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા	૧૯૦	[illegible]
૧૪ તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી) ...	૬૪	૦-૧-૦
૧૫. અધ્યાત્મ ભજનસંગ્રહ	૧૯૦	[illegible]